પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨-૧૨-૨૦૨૪- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૩૦૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# સંસદ ભવનને ઘેરવા હજારો ખેડૂતોની 'ચલો દિલ્હી કૂચ'

**નવી દિલ્હી, તા.02**

સંયુક્ત કિસાન મોરચાના નેજા હેઠળ આજે હજારો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરશે. એક દિવસ પહેલા ખેડૂતો અને વહીવટીતંત્ર વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. રવિવારે જ્યારે માંગણીઓ પર કોઈ સહમતિ ન બની ત્યારે તેમણે 'ચલો દિલ્હી'ના નારા લગાવ્યા હતા. ખેડૂતો હવે સંસદનો ઘેરાવ કરવા માંગે છે. આંદોલનકારી ખેડૂત સંગઠનો જમીન સંપાદનથી પ્રભાવિત ખેડૂતોને 10 ટકા વિકસિત પ્લોટ અને નવા જમીન સંપાદન કાયદાના લાભની માંગ કરી રહ્યા છે.

હાલમાં ખેડૂતોની જાહેરાત બાદ નોઈડા અને દિલ્હી પોલીસ સતર્ક થઈ ગઈ છે અને બોર્ડર પર તકેદારી રાખવામાં આવી રહી છે. નોઈડાને અડીને આવેલી તમામ બોર્ડર પર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. નોઈડા અને દિલ્હી પોલીસે સંકલન સ્થાપિત કર્યું છે. મેટ્રોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

ખેડૂતોનું કહેવું છે કે નવા જમીન સંપાદન કાયદા મુજબ 1 જાન્યુઆરી 2014 પછી સંપાદિત થયેલી જમીન માટે ચાર ગણું વળતર મળવું જોઈએ. ગૌતમ બુદ્ધ નગરમાં છેલ્લા 10 વર્ષથી સર્કલના દરમાં વધારો કરવામાં આવ્યો નથી. નવા જમીન સંપાદન કાયદાનો લાભ જિલ્લામાં લાગુ થવો જોઈએ.



ખેડૂતોએ શરૂ કરેલા આંદોલનને પગલે દિલ્હી-નોઈડા બોર્ડર સીલ: આંદોલનકારી ખેડૂતોને રોકવા દિલ્હી પોલીસે જારી કરેલી એડવાઈઝરી

ખેડૂતો ઈચ્છે છે કે જમીન સંપાદનના બદલામાં તેમને 10 ટકા વિકસિત જમીન આપવામાં આવે અને 64.7 ટકાના દરે વળતર આપવામાં આવે. જમીનદાર અને ભૂમિહીન ખેડૂતોના બાળકોને રોજગાર અને પુનઃવિકાસનો લાભ મળવો જોઈએ. હાઈ પાવર કમિટીની ભલામણોનો અમલ થવો જોઈએ. વસ્તીવાળા વિસ્તારનો યોગ્ય રીતે નિકાલ થવો જોઈએ. આ તમામ નિર્ણયો સરકારી સ્તરે લેવાના હોય છે.

ભારતીય કિસાન પરિષદ (BKP), કિસાન મજદૂર મોરચા (KMM) અને સંયુક્ત કિસાન મોરચા (SKM) જેવા અન્ય ઘણા ખેડૂત સંગઠનો સાથે મળીને આજે દિલ્હી તરફ કૂચ કરવાની જાહેરાત કરી હતી. BKP નેતા સુખબીર ખલીફાના નેતૃત્વમાં પહેલું જૂથ 2 ડિસેમ્બરે બપોરે 12 વાગ્યે નોઈડામાં મહામાયા ફલાયઓવરની નીચેથી તેમની કૂચ શરૂ કરશે.

વિરોધ કરી રહેલા ખેડૂતો બપોરે 12 વાગ્યે મહામાયા ફલાયઓવર પાસે એકઠા થઈ ને ત્યાંથી ટ્રેક્ટરમાં દિલ્હી તરફ કૂચ કરશે. ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, અલીગઢ, આગ્રા સહિત 20 જિલ્લાના ખેડૂતો દિલ્હી કૂચમાં જોડાઈ રહ્યા છે.

ખેડૂતોની દિલ્હી કૂચને ધ્યાનમાં રાખીને પોલીસે ટ્રાફિક એડવાઈઝરી જારી કરી છે. જિલ્લાના વિવિધ ચોકો પર મોટી સંખ્યામાં પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાના પ્રમુખ બાઈડને પોતાના દિકરા હન્ટરના ગુના માફ કરી દીધા

## બાઈડને દિકરા માટે સત્તાનો દુરૂપયોગ કર્યો હોવાનો ટ્રમ્પનો આરોપ

**વોશિંગ્ટન, તા.02**

અમેરિકાના પ્રમુખ જો બાઈડેને પુત્ર હન્ટરના ગુનાને માફ કરવા માટે તેમની સત્તાનો ઉપયોગ કર્યો છે. હન્ટર સામે નોંધાયેલા તમામ ગુનાઈત કેસ રદ કરાયા છે. આ સ્થિતિમાં અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડેન પર નિશાન સાધ્યું છે અને તેને સત્તાનો દુરુપયોગ ગણાવ્યો છે.

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ' જો બાઈડેને તેમના પુત્ર હન્ટરને કેમ માફી આપી? જેમાં J-6 કેદીઓ પણ સામેલ છે? જેઓ વર્ષોથી જેલમાં છે. આ તો મિસકેરેજ ઓફ જસ્ટિસ કહેવાય!'

નોધનીય છે કે, J-6 કેદીઓને લઈને ટ્રમ્પે અમેરિકન કેપિટોલમાં છઠ્ઠી જાન્યુઆરી 2021માં થયેલા રમખાણોનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમાં ઘણાં ટ્રમ્પ સમર્થકોની તોફાનોના આરોપમાં ધરપકડ કરાઈ હતી, જે હજુ જેલમાં છે.

અમેરિકાના પ્રમુખ પ્રમુખ બાઈડેને એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'આજે મેં મારા પુત્ર હન્ટરને માફ કરી દીધો છે. જ્યારથી મેં પ્રમુખ પદ સંભાળ્યું છે ત્યારથી મેં કહ્યું છે કે હું ન્યાય વિભાગના નિર્ણયોમાં દખલ નહીં કરીશ અને મેં આ વચન પાળ્યું છે. પરંતુ મેં જોયું કે મારા પુત્રને નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને અન્યાયી રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમના પર લગાવવામાં આવેલા આરોપો રાજકીય રીતે પ્રેરિત હતા.'

અગાઉ બાઈડેને કહ્યું હતું કે, 'હું ડેલાવેર અને કેલિફોર્નિયામાં ચાલી રહેલા બે કેસમાં મારા પુત્ર હન્ટરને માફ નહીં કરું અને તેની સજામાં પણ દખલ નહીં કરું.'

જો બાઈડેનના પુત્ર હન્ટર બાઈડેન પર કરચોરીથી લઈને ગેરકાયદે રીતે હથિયાર રાખવા, સરકારી નાણાનો દુરુપયોગ અને ખોટી જુબાની આપવા જેવા આરોપો છે. અગાઉ, ડેલાવેર કોર્ટમાં હન્ટરે કરચોરી અને ગેરકાયદે બંદૂક રાખવાનો સ્વીકાર કર્યો હતો. એવા

અનુસંધાન પાના ૭ પર

# ભોપાલની શૂટિંગ એકેડમીમાં 17 વર્ષના છોકરાનો આપઘાત

## શૂટિંગ શિખી રહેલા છોકરાએ પોતાની જાતને ગોળી મારી

**ભોપાલ, તા.02**

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાંથી આપઘાતનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ભોપાલની શૂટિંગ એકેડમીમાં રહીને શૂટિંગ શીખી રહેલા એક 17 વર્ષના છોકરાએ ખુદને ગોળી મારી આપઘાત કરી લીધો છે. ગોળી લાગ્યા બાદ છોકરાનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મૃતક છોકરાના પિતા સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં જ સીનિયર ઓફિસર છે.

આ મામલે પોલીસે જણાવ્યું કે, શૂટરનું નામ યથાર્થ રઘુવંશી છે. યથાર્થે શોટ ગન વડે પોતાની જાતને છાતીમાં ગોળી મારી લીધી છે. આ સમગ્ર ઘટના રેસ્ટ રૂમમાં બની હતી. મૃતક યથાર્થ રઘુવંશી મધ્યપ્રદેશના અશોક નગરનો રહેવાસી હતો. તેમના પિતા અરુણ રઘુવંશી અશોક નગર જિલ્લાના રમતગમત અધિકારી છે.

પોલીસે જણાવ્યું કે, યથાર્થ છેલ્લા બે વર્ષથી શૂટિંગ એકેડમીમાં પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આપઘાતનું કારણ હજુ સુધી બહાર નથી આવ્યું. પોલીસને તેની પાસેથી કોઈ સુસાઈડ નોટ પણ નથી મળી. મામલો રાતીબદ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. યથાર્થના પરિવારજનોના નિવેદન લીધા બાદ પોલીસ એકેડેમી સ્ટાફની પણ પૂછપરછ કરી રહી છે.

# ગિનીમાં ફૂટબોલ મેચ દરમિયાન હિંસા ભડકતા 100થી વધુનાં મોત

## હોસ્પિટલમાં મૃતદેહોના ઢગલાં ખડકાયા

**ગિની, તા.02**

પશ્ચિમી આફ્રિકાના ગિનીમાં એક ફૂટબોલ મેચ દરમિયાન હિંસા ભડકી. ત્યાં ચાહકોની અંદરો-અંદર અથડામણ થઈ ગઈ. જેમાં 100થી વધુ લોકોના મોત નીપજ્યા છે. સ્થાનિક હોસ્પિટલના સૂત્રોએ આ ઘટનાને લઈને જણાવ્યું કે 'રવિવારે ગિનીના બીજા સૌથી મોટા શહેર એનજેરેકોરમાં એક ફૂટબોલ મેચ દરમિયાન ચાહકોની વચ્ચે અથડામણમાં ડઝન લોકો માર્યા ગયા છે. એક ડોક્ટરે નામ ન છાપવાની શરત પર જણાવ્યું, 'હોસ્પિટલમાં જ્યાં સુધી એક નજર જઈ રહી છે ત્યાં સુધી મૃતદેહોની લાઈન લાગેલી છે. ઘણા મૃતદેહ જમીન પર પડેલા છે, શબઘર



ભરેલા છે.'

સોશિયલ મીડિયા પર આ હિંસાના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યાં છે. સોશિયલ મીડિયામાં વાયરલ આ વીડિયોની પુષ્ટિ થઈ શકી નથી. વીડિયોમાં મેચની બહાર રસ્તા પર અફરા-તફરીનો માહોલ નજર આવી રહ્યો છે. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર રોષે ભરાયેલા પ્રદર્શનકારીઓએ એનજેરેકોર પોલીસ સ્ટેશનમાં પણ તોડફોડ કરી અને આગ લગાડી દીધી.

એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યુ, 'હિંસા મેચ રેફરીની તરફથી એક વિવાદિત નિર્ણય આપ્યા બાદ શરૂ

અનુસંધાન પાના ૭ પર

# વડોદરા અને ડાંગમાં 13 ડીગ્રી સાથે સૌથી ઓછું તાપમાન

## ગુજરાતના 6 શહેરોમાં તાપમાન 15 ડિગ્રીથી નીચે

**અમદાવાદ, તા.02**

ડિસેમ્બરના પ્રારંભ સાથે જ ઠંડીના ચમકારામાં સાધારણ વધારો થયો છે. શનિવારે 6 શહેરમાં 15 ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું હતું. વડોદરા-ડાંગમાં 13 ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી.



અમદાવાદમાં 30મી નવેમ્બરે 15.4 ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં 0.3 ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આગામી પાંચ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન 15થી 17 ડિગ્રી વચ્ચે રહેવાની હવામાન વિભાગની આગાહી છે. હવામાન નિષ્ણાતોને મતે અમદાવાદમાં 6 ડિસેમ્બર બાદ અમદાવાદમાં ઠંડીનું જોર વધશે. જ્યારે 15 ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું તેમાં ડીસા, પોરબંદર, જામનગર, રાજકોટનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર, 'આગામી 3 દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફારની સંભાવના નહીવત્ છે. આ પછી ચાર દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં 2-3 ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવા અરવિંદ કેજરીવાલે કરેલું એલાન

## હરિયાણા પછી વધુ એક રાજ્ય દિલ્હીમાં કોંગ્રેસ ગઠબંધનમાં ભંગાણ

**નવી દિલ્હી, તા.02**

લોકસભા ચૂંટણી પુર્વે ભાજપ સામે લડવા માટે રચાયેલા મહામોરચામાં હવે એક પછી એક ભંગાણ શરૂ થયા હોય તેમ હવે કોંગ્રેસ-આમઆદમી પાર્ટીનું ગઠબંધન ધરાશાયી થયુ છે. આવતા વર્ષે યોજાનારી દિલ્હી





વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સાથે જોડાણ નહીં કરવાની અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે.

આમ આદમી પાર્ટીના નેતા અને પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેર કર્યુ હતું કે વિધાનસભાની આગામી ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે. બન્ને પક્ષો લોકસભા ચૂંટણી એક સાથે લડયા હતા. દિલ્હીની સાતમાંથી ચાર પર આમ આદમી પાર્ટી તથા ત્રણમાં કોંગ્રેસે ઝુકાવ્યુ હતું. જો કે, આ બેઠકમાંથી એકપણ બેઠક પર ગઠબંધનને જીત મળી ન હતી. છતાં અગાઉના વર્ષો કરતા પરાજયમાં માર્જીન નીચુ રાખ્યુ હતું.

અરવિંદ કેજરીવાલની જોડાણ તોડવાની જાહેરાત બાદ કોંગ્રેસે પણ પલટવાર કર્યો હતો. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે કહ્યું કે કોંગ્રેસ જ જોડાણ જાળવવા તૈયાર ન હતી. કારણ કે લોકસભા ચૂંટણીમાં 'આપ' સાથેના જોડાણને કારણે કોંગ્રેસે નુકશાન ઉઠાવવુ પડયુ હતું.

દિલ્હી વિધાનસભામાં 2015 તથા 2020ની ચૂંટણીમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી શકી ન હતી. 2015માં 70માંથી 67 બેઠક પર

અનુસંધાન પાના ૭ પર

# સીરિયામાં એલેપ્પો બાદ હામા પ્રાંત પર બળવાખોરોનો કબજો

## બળવાખોરો દ્વારા અનેક સીરિયન સૈનિકોની ક્રુરતાપૂર્વક હત્યા

**બગદાદ, તા.02**

સીરિયાના બળવાખોરોએ અલેપ્પોમાં પ્રવેશ કરી શહેરના મોટા ભાગ પર કબજો કરી લીધો છે. આ સમય દરમિયાન તેઓએ ડઝનેક સીરિયન સૈનિકોને મારી નાખ્યા. તેમજ બળવાખોરોએ સીરિયન આર્મી બેઝ પર કબજો કરી લીધો છે અને ત્યાં રાખવામાં આવેલા હથિયારો પણ કબજે કરી લીધા છે. બળવાખોરોએ શહેરના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેમજ હામા પ્રાંતના ચાર વિસ્તારો પણ કબજે કર્યા છે.

દરમિયાન, સરકારી સેનાએ બળવાખોરો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે અને તેના સમર્થનમાં રશિયન હવાઈ હુમલામાં 20 બળવાખોરો માર્યા ગયા હોવાના સામે આવ્યું છે.

સીરિયાના લાંબા સમયથી ચાલતા ગૃહયુદ્ધમાં બળવાખોરો આઠ વર્ષ બાદ અલેપ્પો શહેરમાં ઘુસી આવ્યા છે. અગાઉ, ત્યાં મહિનાઓ સુધી લડાઈ ચાલતી હતી અને સરકારી સૈન્યએ બળવાખોરોને બહારના વિસ્તારોથી સરહદી ગામોમાં ભગાડી દીધા હતા. ત્યારથી આખું શહેર સેનાના નિયંત્રણમાં હતું. પરંતુ ચાર દિવસ પહેલા શરૂ થયેલી લડાઈએ અચાનક પરિસ્થિતિ બદલી નાખી.

અનુસંધાન પાના ૭ પર

# તામિલનાડુમાં ફેંગલ વાવાઝોડા બાદ ભસ્ખલનમાં 7 લોકો દટાયા

## ખડકો પડવાના ખતરા વચ્ચે પણ રેસ્ક્યુ ઓપરેશન ચાલુ રખાયું

**ચેન્નાઈ, તા.02**

તમિલનાડુના તિરુવન્નામલાઈ જિલ્લામાં રવિવારે (પહેલી ડિસેમ્બર) મોડી સાંજે ભૂસ્ખલન થયું હતું, જેમાં એક પહાડીના નીચલા ઢોળાવ પર સ્થિત એક ઈમારત દબાઈ ગઈ હતી. આ ભૂસ્ખલનમાં બાળકો સહિત બે પરિવારના સાત લોકો ફસાયા હોવાની આશંકા છે. ફેંગલ વાવાઝોડાની અસરને કારણે જિલ્લામાં ભારે વરસાદને કારણે આ ભૂસ્ખલન થયું છે.

જિલ્લા કલેક્ટર ડી. ભાસ્કર પાંડિયને જણાવ્યું હતું કે, 'ઘરની અંદર ફસાયેલા લોકોમાં પાંચ બાળકો હતા. સ્થાનિક પોલીસ, SDRF અને NDRFની ટીમ કાટમાળ નીચે દટાયેલા લોકોનું રેસ્ક્યુ કરી રહી છે. આ ઘટના રવિવારે સાંજે બની હતી જ્યારે તિરુવન્નામલાઈમાં અન્નામલાઈર પહાડીઓની તળેટીમાં સ્થિત વીઓસી નગરમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં કેટલાય મકાનોને નુકસાન થયું હતું.'

આ વિસ્તારમાં ઘરો પર એક વિશાળ ખડક હોવાથી, જિલ્લા વહીવટીતંત્રે બચાવ કામગીરી શરૂ કરવા માટે NDRF અને SDRF ટીમોની મદદ માંગી છે. કલેક્ટરના જણાવ્યા અનુસાર, જો રેસ્ક્યુ ઓપરેશન યોગ્ય રીતે હાથ ધરવામાં નહીં આવે તો ખડકો પડવાનો ભય છે. ઘટના સ્થળની નજીકના અન્ય કેટલાંક મકાનોને પણ નુકસાન થયું છે. પ્રશાસને સ્થાનિક લોકોને સલામત સ્થળે ખસેડ્યા છે.

ફેંગલ વાવાઝોડાના કારણે પુડુચેરીમાં શનિવાર અને રવિવારે થયેલા વરસાદે 30 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. શનિવારે પુડુચેરી પહોંચેલું 'ફંગલ વાવાઝોડું

અનુસંધાન પાના ૭ પર

# બોગસ મેસેજ રોકવા ટેલીકોમ કંપનીઓને ટ્રાયનું અલ્ટીમેટમ

## દૂરસંચાર નિયામક ટ્રાઈએ નવા નિયમો લાગુ કરવા માટે એક તક આપી

**નવી દિલ્હી, તા.02**

ભારતીય દૂરસંચાર નિયામક ઓથોરિટી (ટ્રાઈ)એ ઓટીપી આધારિત એસએમએસ વેરિફીકેશનને લાગુ કરવાની સમયસીમાને ફરી એકવાર વધારી દીધી છે. ટ્રાઈએ ફરી દૂરસંચાર કંપનીઓ અને અન્ય પક્ષોને અંતિમ તક આપીને નિયમો લાગુ કરવા માટે 10 ડિસેમ્બર સુધીનો સમય આપ્યો છે.

ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે બોગસ એસએમએસ અને કોલને કોઈપણ સંજોગોમાં રોકવા પડશે. ખરેખર તો ટ્રાઈએ આ વર્ષે ઓગષ્ટમાં 'મેસેજ ટ્રેસીબિલીટી' નિયમ લાવવાનું એલાન કર્યું હતું. આ નિયમ ખાસ કરીને બોગસ અને વણ નોંધાયેલ એસએમએસને રોકવા માટે બનાવાયો હતો.

પરંતુ દૂરસંચાર કંપનીઓ અને સંસ્થાઓની તૈયારીમાં કમીના લીધે તેને એકવાર ટાળવામાં આવ્યું છે. હવે તેને લાગુ કરવાની સમયસીમા 11 ડિસેમ્બર કરવામાં આવી છે.

ટ્રાઈએ ટેલિમાર્કેટર્સ અને અન્ય સંબંધીત સંસ્થાઓને નિર્દેશ આપ્યા છે કે તે ઝડપથી પોતાની સીસ્ટમ અપડેટ કરે. ટ્રાઈએ દૂરસંચાર સેવા આપનાર કંપનીઓને નિર્દેશ

અનુસંધાન પાના ૭ પર

# બંગાળ સરહદ પરથી રૂ. 120 કરોડનું સોનુ-ચાંદી ઝડપાયું

## ભારત-બાંગ્લાદેશ સીમા પર દાણચોરીમાં સતત થતો વધારો

**કોલકત્તા, તા.02**

દક્ષિણ બંગાળ સરહદે તૈનાત બીએસએફની પાંખે વર્ષ 2024માં નવેમ્બર મહિનાના અંત સુધીમાં 86 ભારતીય અને 32 બાંગ્લાદેશી દાણચોરોની અટકાયત કરીને રૂપિયા 120 કરોડના મુલ્યનો સોનાચાંદીનો જથ્થો જપ્ત કર્યો હતો. અધિકારીઓએ રવિવારે આ જાણકારી આપી હતી.



અધિકારીઓએ એમ પણ જણાવ્યું છે કે બીએસએફ દ્વારા આ વર્ષ દરમિયાન ડ્રગ દાણચોરીના કૌભાંડમાં 51 ભારતીય અને 10 બાંગ્લાદેશી દાણચોરોની પણ ધરપકડ થઈ ચુકી છે. આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર અંત સુધીમાં બીએસએફે દક્ષિણ બંગાળની સરહદેથી 170.48 કીલો સોનુ અને 159 કીલો ચાંદી જપ્ત કરી હતી . તેની કિંમત અનુક્રમે રૂપિયા 118.63 કરોડ અને 1.15 કરોડ થવા જાય છે. આ સમય ગાળા

અનુસંધાન પાના ૭ પર



# વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સુરત રેલવે સ્ટેશનખાતેથી યોજીયેલી રેલી

**જનજાગૃતિ રેલીને મેયર દક્ષેશભાઈ માવાણી દ્વારા પ્રસ્થાન કરાવાયું**

સુરત, તા.૨

આજે ૧ લી ડીસેમ્બર-૨૦૨૪ના રોજ 'વિશ્વ એઈડ્સ દિન' હોય આવર્ષનું સુત્ર "TAKE THE RIGHTS PATH : My Health, My Right" (અધિકારનો માર્ગ અપનાવો : મારુંઆરોગ્ય, મારો હક્ક)નાં શિર્ષકને કારગત કરવા સુરતમહાનગરપાલિકાનાં એસ.ટી.ડી.કેર પ્રોજેકટના કાઉન્સેલરો, આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ, આઇ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડીકાર્યકર બહેનો, ડીસ્ટ્રીકટ એઇડૂસ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યનિટ સુરતનોસ્ટાફ, ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પોઝીટીવ પિપલ લિવિંગ વીથએચ.આઇ.વી.ના વોલીયન્ટર્સ તેમજ ૨૩ સ્વૈચ્છીક સંસ્થાઓનાપ્રતિનિધિઓ અને પીયર એજ્યુકેટર્સ, સાથે નર્સિંગ કોલેજનાં વિધાર્થીનીઓ તથા અમરોલી કોલેજનો એન.એસ.એસ ના વોલીયન્ટર્સવગેરેનાં સહયોગથી સુરત રેલ્વે સ્ટેશન, સરદાર પટેલની પ્રતિમા પાસેથીએક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં સુરતમહાનગરપાલિકાનાં મા.મેયર શ્રી દક્ષેશ ભાઈ માવાણી તથા મા. ડે. મેયરશ્રી ડો. નરેશ પાટીલ, દંડક શ્રીધર્મેશભાઈવાણીયાવાલા તથા અન્ય કોર્પોરેટરશ્રીઓ, ડે.કમિશનરશ્રી (હે એન્ડ હો) ડો. આશિષ નાયક, આરોગ્યઅધિકારીશ્રી ડો.પ્રદીપ ઉમરીગર, મેડીકલ ઓફીસરશ્રી વર્ગ-૧ ડો. ફેનીલપટેલ, ડો.પ્રકાશ પટેલ, ડો.કેતન ગરાસીયા, ડો.ધ્વનિ પટેલ તેમજઆરોગ્ય વિભાગના કર્મચારીઓ અને આંગણવાડીના કાર્યકર બહેનો, ડીસ્ટ્રીકટ એઈડ્સ પ્રિવેન્સન એન્ડ કંટ્રોલ યુનિટ નો સ્ટાફ તથા GSNP+ નો સ્ટાફ મળી કુલ ૫૦૦ જેટલી વ્યકતિઓ ઉપસ્થિત રહી હતી.

રેલીનાં સ્થળ પરથી ત્રણ સાયકલ વિથ બેનરને સુરત શહેરમાં પ્રચારઅર્થે પ્રસ્થાન કરાવવામાં આવેલ હતી. જે ૧૦ દિવસ સુધી સુરત શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરી એચ.આઇ.વી./ એઈડ્સનો પ્રચાર કરશે.આસાથે

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા વિશાળ રેલી યોજઇ

**વિદ્યાર્થીઓએ આરોગ્ય અધિકારી વિશે ફેલાવ્યો પ્રબોધનો સંદેશ**

સુરત, તા.૨

ભારતી મૈયા ટ્રસ્ટ સંચાલિત નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આજે વિશ્વ એઇડ્સ દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "Take the right path: My health, My right!" થીમ સાથે રેલી યોજવામાં આવી હતી અને એચઆઇવી/એડ્સ અંગે જાગરૂકતા લાવતું શેરી નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ રેલી દ્વારા એચઆઇવી/એડ્સ અંગે જાગૃતિ ફેલાવી અને શેરી નાટક દ્વારા સમાજમાં જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને આરોગ્ય સંબંધી અધિકાર અને જવાબદારી અંગે સુચનાત્મક સંદેશ આપ્યો.વિશ્વ એઇડ્સ દિવસ પર આયોજિત આ કાર્યક્રમ નર્સિંગ શિક્ષણ અને આરોગ્ય જાગૃતિના ઉદેશોને પ્રોત્સાહિત કરવા માટે ખૂબ પ્રેરણાદાયી બન્યો હતો. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડા, મેડિકલ ફેકલ્ટીના ડીન ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ, નર્સિંગ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેન્ટ ઈકબાલ કડીવાલા,નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ પદ્મ કુમાર, ટ્રસ્ટી અને નેફ્રોલોજીસ્ટ ડો. ધનેશ વૈદ્ય તેમજ નર્સિંગ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેન્ટ ટ્રસ્ટી ધર્મેન્દ્રસિંહ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મિડીયા કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું

**આવતીકાલે પણ કેમ્પમાં ભાગ લઈ શકાશે**

સુરત, તા.૨

ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સુરત શહેર-જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાકર્મીઓ માટે આજે તા.૨/૧૨/૨૦૨૪ અને તાઃ૩/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ વાગે વિનામૂલ્યે સુરત સરકીટ હાઉસ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રજિસ્ટ્રેશન કરેલ મીડિયા કર્મીઓ તેમજ જે મીડિયાકર્મીઓનું રજિસ્ટ્રેશન કરવાનું બાકી રહી ગયું હોય તો તેઓ પણ ઓન ધ સ્પોટ રજીસ્ટ્રેશન કરી આ હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લઈ વિવિધ ટેસ્ટ કરાવી શકશે.આજે તા.૨/૧૨/ ૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ વાગે મેયરશ્રી દક્ષેશ માવાણીએ કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો.



# સુરત વેસુ પોલીસ સ્ટેશન ખાતે એન્ટી નાર્કોટિક્સ યુનિટ-૧નું લોકાર્પણ કરાયું

**ડ્રગ્સના દૂષણને નાથવા ઉપરાંત ડ્રગ્સ એડિક્ટનું કાઉન્સેલિંગ, સારવાર કરાશે**

સુરત, તા.૨

સુરત શહેર પોલીસ ડ્રગ્સના દુષણ સામે લડવા અને શહેરીજનો ખાસ કરીને યુવાધનને જાગૃત્ત કરવા છેલ્લા વર્ષ૨૦૨૦થી 'ડ્રગ્સફ્રીસિટીઃ નો ડ્રગ્સ ઈનસુરત'નું અભિયાન ચલાવી રહી છે.જેનાભાગરૂપે શહેરનાવેસુ પોલીસ સ્ટેશન ખાતેસુરતમાં રાજયનું સર્વ પ્રથમ એન્ટી નાર્કોટિક્સ યુનિટ કાર્યરત કરાયું છે. એસ.ઓ.જી.નાઆયુનિટનુંગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજરોજ લોકાર્પણ કર્યુંહતું.ડ્રગ્સના દૂષણને નાથવા ઉપરાંત અહીંડ્રગ્સ એડિક્ટ લોકોનું કાઉન્સેલિંગ, સારવાર પણકરાશે.

આ પ્રસંગે ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,ડ્રગ્સના દલદલમાં ફસાયેલા યુવાનો, ડ્રગ્સના વ્યસનનો ભોગ બનેલ સંતાનોના માતા-પિતા પોતાના સંતાનોને આ યુનિટમાં લાવશે. એન્ટી નાર્કોટિક્સ યુનિટની ટીમ દ્વારા જરૂરી કાઉન્સીલીંગ કરવામાં આવશે તેમજ વ્યસનમાંથી બહાર લાવી ફરી સ્વસ્થ જીવનની શરૂઆત કરવા પ્રેરવામાં આવશે. જેમાં પીડિતની ઓળખ ગુપ્ત રાખી સુરત શહેરના વ્યસન મુક્તિ કેન્દ્રોમાં ભરતી કરાવી યોગ્ય સારવાર કરાવવામાં આવશે.

એન્ટી નાર્કોટિક્સ યુનિટ-૧ ડ્રગ્સના નશીલા વ્યાપારને તેમજ ડ્રગ્સના કારોબારીઓને નશ્યત કરવામાં સહાયરૂપ બનશે એમજણાવતાતેમણેકહ્યુંકે,આ કેન્દ્ર મારફતે વ્યસનના ચુંગાલમાં ફસાયેલ યુવાધનને વ્યસનમુક્ત બનાવવા પ્રયાસો હાથ ધરવામાં આવશે. અહીં કાઉન્સેલીંગ માટે આવતા તમામ નાગરિકોની ઓળખગુપ્ત રખાશે.

ડ્રગ્સ એ આપણું સૌથી મોટું સામાજિક દૂષણ છે. માત્ર ડ્રગ્સ પકડવાની કામગીરી કરવાથી ડ્રગ્સ રોકી નથી શકાતું પણ ડ્રગ્સના દૂષણને નાથવા માટે સમાજે આ લડાઈને હાથમાં લેવી પડશે. એટલે જ આજે ગુજરાત પોલીસ ડ્રગ્સના દલાલોને નાથવા અને યુવાધનને જાગૃત્ત કરવાની બે દિશામાં એક સાથે કામ કરી રહી હોવાનું શ્રીસંઘવીએકહ્યુંહતું.આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ, અધિક પોલીસ કમિશનરશ્રી કે.એન.ડામોર, સ્પેશિયલ પોલીસ કમિશનર વબાંગ ઝમીર, ટ્રાફિક ડી.સી.પી. અમિતા વાનાણી, જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) રાઘવેન્દ્ર વત્સ, સ્પેશ્યલ બ્રાન્ચના ડી.સી.પી. હેતલ પટેલ ડી.સી.પી.

અનુસંધાન પાના ૭ પર

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ક્રાઈમ બ્રાંચના પાંડેસરા યુનિટનું લોકાર્પણ

**જનભાગીદારીનું મોડેલ રાજ્યમાં સૌથી વધુ સુરતમાં સફળ થયું છે : હર્ષ સંઘવી**

સુરત, તા.૨

સુરતખાતેગૃહરાજ્યમંત્રીશ્રીહર્ષ સંઘવીનાહસ્તે પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ કમલવિજય તુલશ્યાનના સહયોગથી નવનિર્મિતક્રાઈમ બ્રાંચનાપાંડેસરા યુનિટનુંલોકાર્પણ કરાયુંહતું.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શહેરના વધુ ક્રાઇમ રેટ ધરાવતા પાંડેસરા, ઉધના, ભેસ્તાન, ડીડોલી, લિંબાયત જેવા પોલીસ સ્ટેશન ક્રાઇમ બ્રાંચ પાંડેસરા યુનિટથી નજીક થાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં પાંડેસરા વિસ્તારમાં શહેરના કુલ શરીર સંબંધી ૪૦% ગુનાઓ અને મિલકત અંગેના ૩૨% જેટલા ગુનાઓ નોંધાયા છે. સુરત શહેરના ઉધના, લીંબાયત, પાંડેસરા, ડીંડોલી, સચિન, સચિન જીઆઇડીસી, ખટોદરા, અલથાણ, ભેસ્તાન જેવા પોલીસ સ્ટેશનથી ૧૦ થી ૧૫ મિનટના અંતરે આવેલું હોવાથી કોઈ પણ પ્રકારના ક્રાઈમમાં ક્વિક રિસ્પોન્સ આપી શકાય એવા હેતુથી ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. પ્રજાજનોની શાંતિ-સલામતી અને સુખાકારી માટે આ સરકારે લીધેલા સંખ્યાબંધ કડક પગલાં, નિર્ણયોના કારણે લોકોને સુરક્ષાનો અહેસાસ થઈ રહ્યો છે એમ જણાવી શ્રી સંઘવીએ કહ્યું કે, અસામાજિક તત્વોને પાઠ ભણાવવામાં પોલીસ કડક પગલાં લે તે જરૂરી છે. ગુનો કરતા પહેલા ગુનેગાર સો વાર વિચાર કરે એ પ્રકારના દાખલરૂપ પગલાં લેવા માટે ગૃહવિભાગે પોલીસને ફ્રીહેન્ડ આપ્યો છે. ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં શાંતિ, સુરક્ષા, સલામતીના મૂળમાં ઉત્તમ કાયદો અને વ્યવસ્થા અને ગુજરાત પોલીસની ઉમદા કામગીરી છે. ન્યાયની આશામાં પોલીસ સ્ટેશને આવતા ફરિયાદી-આમ નાગરિક નિરાશ ન થાય તેમજ નાગરિકોની સમસ્યાઓ, ફરિયાદોમાં પોલીસ સ્ટેશનો, પોલીસ અધિકારીઓ મદદરૂપ થાય તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટનું નિર્માણ પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખશ્રી કમલવિજય તુલશ્યાનના સહયોગથી થયું છે જેનો આભાર અને આનંદ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, જનભાગીદારીનું મોડેલ રાજ્યમાં જો કોઈ શહેરમાં સૌથી વધુ સફળ થયું હોય તોતે સુરત છે.




# અડાજણની પ્રેસિડન્સી સ્કૂલની ચાર વિદ્યાર્થીનીઓનું સમૂહ આરંગેત્રમ રજૂ

**કલાગુરૂ મેઘનાબેન મહેતા દ્વારા દીક્ષા અપર્ણ કરાઈ**

સુરત, તા.૨

પ્રેસિડન્સી સ્કૂલની ચાર વિદ્યાર્થીનીઓનું સમૂહ આરંગેત્રમ્ પ્રસ્તુત થયું : પ્રેસિડન્સી સ્કૂલમાં અભ્યાસ કરતી ચાર વિદ્યાર્થીનીઓ (કુ. નવ્યા, કુ. આરાધ્યા, કુ. હીર અને કુ. પલક) એ સ્કૂલ દ્વારા 'રંગભવન' ઓડિટોરિયમ ખાતે યોજાયેલ અષ્ટમ્ આરંગેત્રમ્ સમારોહમાં ભરતનાટ્યમની દિક્ષા ગ્રહણ કરી. આ પ્રસંગે કાર્યક્રમના પ્રમુખસ્થાને ઉપસ્થિત સુવિખ્યાત નાટયકાર ડૉ. હેમાબેન શુકલ તથા મુખ્ય મહેમાનપદે કવયિત્રી-અભિનેત્રી યામિનીબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ તાલિમ સાથે સ્કૂલમાં જ તમામ દીકરીઓ માટે ભરતનાટ્યમ્ વિષયરૂપે સમાવિષ્ટ કરવામાં આવેલ છે. વર્ગખંડમાં જ ભરતનાટ્યમ્ શીખવવામાં આવે છે અને ત્યાં જ પ્રેક્ટિકલ વર્ગો પણ ચલાવવામાં આવે છે, જેની કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને તાલિમની યોગ્ય અવધિ પૂર્ણ થાય ત્યારબાદ વિદ્યાર્થીનીઓને સ્કૂલ દ્વારા આરંગેત્રમ માટે અલગ તૈયારી કરાવી પ્રસ્તુતિ માટે વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે. જેના સ્વપ્રદ્રષ્ટા ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ. કારિયા, ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા કુ. દીપિકા શુક્લ સતત પ્રતિવર્ષ આરંગેત્રમ માટે પ્રયત્નશીલ

અનુસંધાન પાના ૭ પર

# ઝઘડિયામાં બિરલા સેન્ચુરી કંપની દ્વારા ઉત્પાદન બંધ

**વૈશ્વીક ટેક્સટાઈલ ઉદ્યોગની મંદિના કારણે ઉત્પાદન બંધ કરી દેવાયું**

અંકલેશ્વર, તા.૨

ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલ બિરલા સેન્ચ્યુરી કંપની જેટલા કેટલા સમયથી ઝઘડિયા ખાતે ઉત્પાદન કરતી આવી છે હાલમાં કંપની તેનું ઉત્પાદન બંધ કરવા જઈ રહી છે, કંપની છેલ્લા કેટલા લાંબા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલ છે તથા કેટલાક બાહ્ય બજારી કારણો તથા વૈશ્વિક ટેક્ષટાઈલને લગતી સમસ્યાઓના કારણે કંપનીના દ્વારા ઉત્પાદન બંધ કરવાનું નક્કી કરી જાહેર કર્યું છે, આ બાબતે કંપનીના ફેક્ટરી મેનેજર દિપક ભટ્ટ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે છે કંપની છેલ્લા કેટલા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલી હોય કંપની મેનેજમેન્ટ દ્વારા ઉત્પાદન ચાલુ રાખવા ફરજ ઉપરના કામદારો કર્મચારીઓ તથા સ્ટાફના સાથ સહકારથી તમામ પગલાં ભરેલ હતા, તેમ છતાં કેટલાક બાહ્ય બજારી કારણે તથા વૈશ્વિક ટેક્ષટાઈલ લગતી સમસ્યાઓના કારણે કંપની વધુને વધુ નુકસાનમાં જતી રહેલ છે, નાણાંકીય નુકસાન ઉપરાંત પણ કંપની ઘણી મુશ્કેલીઓનો સામનો કરતી આવેલ છે, જેવી કે ઉત્પાદનના પ્રમાણમાં વેચાણ, ખપતની ઘટ હોવાથી માલનો ભરાવો, વૈશ્વિક ટેક્સટાઈલ બજારનું નકારાત્મક વલણ, બજારભાવ કરતા ઉત્પાદન ખર્ચમાં વધારો, પ્લાન્ટ અને મશીનરી હાલની પરિસ્થિતિ અને ક્ષમતા તેની સાર સંભાળ, આમ ઉપરોક્ત અસહ્ય આર્થિક બોજ માથી બહાર આવવા તથા ગમે તે રીતે કંપનીનું ઉત્પાદન પૂર્વવત થાય તેવા શુભ હેતુથી કંપની દ્વારા અગાઉ ૨૬.૫.૨૩ ના રોજ સ્વૈચ્છિક

અનુસંધાન પાના ૭ પર




# કતારગામ ખાતે મહિલા પોલીસ સ્ટેશન ઉદ્દઘાટન કરતા ગૃહ રાજયમંત્રી સંઘવી

**ઉદ્દઘાટન સમારંભમાં રાજ્ય શિક્ષણ મંતરી પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિ**

સુરત, તા.૨

કતારગામમાંધોળકિયાગાર્ડનપાસે મહિલા પોલીસ સ્ટેશન (સેકટર-૧) લોકાર્પણ કરતાગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએજણાવ્યુંહતુંકે,રાજ્યમાં શાંતિ, સુરક્ષા, સલામતીના મૂળમાં ઉત્તમ કાયદો અને વ્યવસ્થા અને ગુજરાત પોલીસની ઉમદા કામગીરી છે. ન્યાયની આશામાં પોલીસ સ્ટેશને આવતા ફરિયાદી-આમ નાગરિક નિરાશ ન થાય તેમજ નાગરિકોની સમસ્યાઓ, ફરિયાદોમાં પોલીસ સ્ટેશનો, પોલીસ અધિકારીઓ મદદરૂપ થાય તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. શિક્ષણ રાજયમંત્રીશ્રીપ્રફુલભાઈ પાનશેરીયા આતકેવિશેઉપસ્થિત રહ્યાહતા.

અદ્યતન સુવિધાથીસુસજ્જ 'કતારગામ મહિલા પોલીસ સ્ટેશન'થી પોલીસ તંત્રની કામગીરી વધુ અસરકારક બનવાની સાથે શહેરની દીકરી-બહેનોને વધુ ઝડપી પોલીસ સેવા સુલભ થશે. મહિલાઓ માટે આપોલીસ સ્ટેશન સરળ, સુરક્ષિત અને વિશ્વસનીય સહારો બનશે.જે મહિલાઓના સશક્તિકરણ, સુરક્ષા અને ન્યાય માટે નવો માઈલસ્ટોન સાબિત થશે.

ગૃહરાજયમંત્રીશ્રીએ વધુમાંજણાવ્યું કે, લોકોની સુરક્ષા માટે દિવસ રાત ફરજ બજાવતા

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડના દેલાસા ગામે રૂા.૨૭.૭૬ કરોડના ખર્ચે પુલ અને માર્ગ નિર્માણના કાર્યનું ખાતમુહૂર્ત

**સેના નદી પરના પુલના નિર્માણથી ૧૮ ગામોના લોકોને લાભ મળશે : વનમંત્રી મુકેશ પટેલ**



સુરત, તા.૨

વન અને પર્યાવરણ રાજયમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના વરદ્ હસ્તે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૨૭.૭૬ કરોડના ખર્ચે ઓલપાડ તાલુકાના દેલાસા ગામથી કપાસી-કુદીયાણા ગામ વચ્ચે સેના નદી પર પુલ અને માર્ગ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, વર્તમાન સરકારે નાના અને અંતરિયાળ ગામોમાં અનેકવિધ વિકાસકામો સાથે પાકા રસ્તાઓની સુવિધા ઉભી કરી છે. તેમજ રાજ્ય સરકારે શિક્ષણ, સ્વાસ્થ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં કરોડો રૂપિયાના વિકાસકામો ઝડપભેર સાકાર કર્યા છે.દેલસા ગામથી કપાસી-કુદીયાણા ગામ વચ્ચે સેના નદી પરના પુલ અને રસ્તાની કામગીરીની વર્ષોથી લોકો જે માંગણી કરી રહ્યા હતા, તે હવે પુરી થઇ છે. આ પુલના નિર્માણથી આજુબાજુના ૧૮ ગામોના ૭૨,૬૧૦ લોકોને લાભ મળશે. લોકોનો સમય અને ઈંધણ બંનેની બચત થશે.સરકારે છેવાડાના લોકોની ચિંતાને ધ્યાનમાં રાખીને વિકાસકામો પર ખાસ ધ્યાન આપ્યું છે. છેવાડા વિસ્તારોમાં વિજળી, પાણી અને રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પુરી પાડવામાં આવી છે.

મંત્રીશ્રીએ જનઆરોગ્ય વિશે સરકારે કરેલા કાર્ય વિશે વાત કરતાં કહ્યું હતુ કે, આયુષ્યમાન કાર્ડ થકી લાખો લોકો સારવાર લઇ રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારે આરોગ્ય સેવા માટે આયુષ્યમાન ભારત કાર્ડ પર કુલ ખર્ચની રકમ વધારીને દસ લાખ સુધીની કરી છે.પહેલા છેવાડાના ગામના લોકો બિમાર પડતા તો શહેર સુધી દવા લેવા જવું પડતું હતું પરંતુ હવે

અનુસંધાન પાના ૭ પર

# ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શાળા નં.૪૭ પ્રથમ ક્રમાંકે

સુરત, તા.૨

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને સુરત ડાયટ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન તા. ૨૮-૧૧-૨૦૨૪ થી ૩૦-૧૧-૨૦૨૪ સુધી વિદ્યાદિપ યુનિવર્સીટી અણીતા ગામ,તાલુકો ઓલપાડ, જિલ્લા સુરત ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ બાળ વૈજ્ઞાનિકોદ્વારા કુલ ૨૦૦ કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી.જેમાંથી વિભાગ -૧ ખાદ્ય, સ્વસ્થ અને સ્વચ્છતામાં શ્રીમતી સાવિત્રી બાઈ ફુલે શાળા નં ૪૭ની કૃતિ "સંજીવની સમાન-સરગવો" કૃતી પણ પ્રસ્તુત થઈ. જેનાં બાળ વૈજ્ઞાનિક પ્રતિક્ષા પાટીલ અને તેજલ સાનેર હતા.તેમજ માર્ગદર્શક શિક્ષકશ્રી મહેન્દ્ર પી. ખૈરનાર હતા.તેઓએ સુરત જિલ્લા કક્ષાએ તે આપણી શાળાનું પ્રતિનિધિત્વ કર્યું. તે બદલ આચાર્યશ્રી આનંદ પાટીલ અને શાળા પરિવાર તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.



# કાલથી રાજ્યની તમામ પ્રિ-પ્રાયમરી શાળાઓ બંધ

અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વર જીઆઈડીસીના પ્રી સ્કૂલ એસોસિએશન ના સભ્ય સુમિત ભાઈ પાંડે જણાવ્યું કે ૩ ડિસેમ્બરે રાજ્યભરની ખાનગી પ્રિ-પ્રાયમરી શાળાઓ બંધ રહેશે રાજ્યભરમાં પ્રી સ્કૂલ ચલાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા નવી ગાઈડલાઈન બનાવવામાં આવી છે જેને લઈને પ્રી સ્કૂલ એસોસિએશન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે પ્રી સ્કૂલ માટે બનાવેલી ગાઈડલાઈનના વિરોધમાં ૩ ડિસેમ્બરે રાજ્યભરની પ્રી સ્કૂલ બંધ રહેશે.પ્રી સ્કૂલ એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં શાંતિપૂર્ણ રીતે ધરણાં કરવામાં આવશે.

# શું શિયાળામાં ગરમ પાણીથી સ્નાન કરવું સલામત છે? બીપીના દર્દીઓએ ના કરે આ ભૂલ, આવી શકે છે હાર્ટ એટેક




શિયાળામાં નહાવા માટે ગરમ પાણીનો ઉપયોગ કરવો એ ખૂબ જ આરામદાયક વિકલ્પ છે. આ આદત માત્ર શારીરિક આરામ જ નહીં પરંતુ માનસિક તણાવને પણ ઘટાડે છે. જો કે, ગરમ પાણીથી નહાવાના ફાયદાની સાથે સાથે કેટલાક ગેરફાયદા પણ છે. ખાસ કરીને હૃદયરોગના દર્દીઓ માટે નહાવાના પાણીનું તાપમાન યોગ્ય હોવું ખૂબ જ જરૂરી છે. આવી સ્થિતિમાં તમે અહીં સમજી શકો છો કે તંદુરસ્ત રહેવા માટે શિયાળાની ઋતુમાં સ્નાન કરવું તમારા માટે કયા પ્રકારનું પાણી ફાયદાકારક છે.

ગરમ પાણીથી સ્નાન કરવાના ફાયદા

- ગરમ પાણીથી નહાવાથી શારીરિક અને માનસિક તણાવ ઓછો થાય છે.

- ગરમ પાણીથી સ્નાન કરવાથી માંસપેશીઓનો ખિંચાવ ઓછો થાય છે, જેનાથી શારીરિક આરામ મળે છે.

- આ ઉપરાંત તે શરીરના રક્ત પરિભ્રમણને પણ વધારે છે, જેના કારણે શરીરના તમામ ભાગોમાં ઓક્સિજન અને પોષક તત્વો યોગ્ય રીતે પહોંચે છે.

- ગરમ પાણી છિદ્રો ખોલે છે અને ગંદકી બહાર કાઢે છે, જેનાથી ત્વચા સાફ થાય છે.

- ગરમ પાણીથી સ્નાન કરવાથી આખા શરીરને આરામ મળે છે, જે એકજન અને પીડામાંથી રાહત આપે છે.

ગરમ પાણીથી નહાવાના ગેરફાયદા

- ગરમ પાણી ત્વચાની કુદરતી ભેજને દૂર કરે છે, જેના કારણે ત્વચા સુકાઈ જાય છે અને તેમાં બળતરા, ખંજવાળ અથવા તિરાડો પડી શકે છે.

- ગરમ પાણીથી નહાવાથી શરીરનું તાપમાન વધે છે, જેનાથી બીપી વધી શકે છે. ખાસ કરીને જેમને પહેલાથી જ બીપી અથવા હાર્ટ સંબંધિત સમસ્યાઓ છે તેમના માટે આ ઘાતક સાબિત થઈ શકે છે.

- કેટલાક લોકોને ખૂબ જ ગરમ પાણીથી સ્નાન કર્યા પછી ચક્કર પણ આવી શકે છે, કારણ કે તેનાથી શરીરમાં નબળાઈ અને થાક લાગે છે.

પાણીનું યોગ્ય તાપમાન

શિયાળામાં નહાવા માટેના પાણીનું તાપમાન ન તો ખૂબ ઠંડુ હોવું જોઈએ કે ન તો ખૂબ ગરમ. હૂંફાળું પાણી શ્રેષ્ઠ વિકલ્પ છે, જે આરામદાયક તો છે જ પરંતુ ત્વચા અને બીપી પર પણ સારી અસર કરે છે. જો તમે ગરમ પાણીથી નહાતા હોવ તો સ્નાન કર્યા બાદ યોગ્ય રીતે મોઈશ્ચરાઈઝર લગાવવું પણ જરૂરી છે, જેથી ત્વચામાં મોઈશ્ચરાઈઝ રહે.

**શિયાળામાં ગરમ પાણીથી નહાવાથી શરીરને તાજગી તો મળે જ છે સાથે સાથે માનસિક અને શારીરિક આરામ પણ મળે છે. પરંતુ જો તમે હાર્ટ પેશન્ટ છો તો આ વાતનું ધ્યાન રાખો**

# બ્લડ શુગરનો કાળ છે આ લીલા દાણા, શિયાળાની સિઝનમાં એક મુઠ્ઠી ખાવાથી મળશે અનેક ફાયદા

-પીવાની ખોટી આદતો અને અનિયમિત જીવનશૈલીના કારણે બ્લડ સુગરના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. એટલા માટે ડાઈટમાં એવા ફૂડ્સને સામેલ કરવા જોઈએ જે બ્લડ સુગર ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે.

ખાવા-પીવાની ખોટી આદતો અને અનિયમિત જીવનશૈલીના કારણે બ્લડ સુગરના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. એટલા માટે ડાઈટમાં એવા ફૂડ્સને સામેલ કરવા જોઈએ જે બ્લડ સુગર ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે.

ઠંડીની સિઝનમાં વેચાતા તાજા લીલા વટાણા એ ડાયાબિટીસને ફ્રેન્ડલી શાકભાજી છે. લીલા વટાણા એ એક ખૂબ જ સારું ફૂડ છે જે માત્ર સ્વાદિષ્ટ જ નથી પરંતુ તેમાં પોષક તત્વો પણ હોય છે જે શરીરમાં બ્લડ સુગરના સ્તરને સંતુલિત કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત શરીરને અનેક રોગોથી પણ બચાવવાનું કામ કરે છે.



વટાણામાં ઓછી ગ્લાયકેમિક ઈન્ડેક્સ (GI) હોય છે, જે બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. વટાણામાં હાજર ફાઈબર અને પ્રોટીન પણ બ્લડ શુગરમાં થતા વધઘટને રોકવામાં મદદરૂપ થાય છે.

લીલા વટાણામાં વધુ માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનક્રિયાનેને સુધારે છે. આ સાથે ફાઈબર પેટને લાંબા સમય સુધી ભરેલું હોવાનું મહેસૂસ કરાવે છે, જે ભૂખ ઓછી કરે છે અને વધુ પડતું ખાવાનું અટકાવે છે.

લીલા વટાણામાં પ્રોટીન પણ સારી માત્રામાં હોય છે, જે શરીરને ઉર્જા પ્રદાન કરે છે અને માંસપેશીઓને રિપેર કરવામાં મદદ કરે છે. આવી સ્થિતિમાં જો તમે જિમ જાઓ છો, તો તમારા આહારમાં વટાણાને અવશ્ય સામેલ કરો.

વટાણા આંખની હેલ્થ માટે ખૂબ જ ફાયદાકારક છે. અડધા કપ લીલા વટાણામાં વિટામિન Aની અનુશંસિત દૈનિક માત્રાના 47% હોય છે, જે આંખોની દ્રષ્ટિ જાળવવા અને મેક્યુલર ડિજનરેશનને રોકવા માટે સૌથી પ્રસિદ્ધ વિટામિન છે.

લીલા વટાણાનું સેવન વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં ઓછી કેલરી હોય છે અને તે પેટને ઝડપથી ભરવામાં મદદ કરે છે, તેથી ઓવરઈટિંગ અને અનહેલ્ધી નાસ્તાને અટકાવે છે. જેના કારણે વજન કંટ્રોલમાં રહે છે.

તમારા આહારમાં લીલા વટાણાનો સમાવેશ કરવો ખૂબ જ સરળ છે. તમે લીલા વટાણાને ઉકાળીને સૂપમાં ઉમેરીને, સલાડના રૂપમાં અથવા શાકભાજી સાથે મિક્સ કરીને ખાઈ શકો છો. આ સિવાય તેને રોટલી સાથે પણ ખાઈ શકાય છે. શિયાળામાં લીલા વટાણા તાજા સ્વરૂપમાં મળે છે, જે સૌથી વધુ ફાયદાકારક છે.

# શિયાળામાં દૂધ-દહીં સહીત આ 4 વસ્તુઓ ખાવી પડી શકે છે ભારે, ખાંસી ખાઈ ખાઈને નીકળી જશે આખો શિયાળો

શિયાળાની ઋતુમાં આપણી આસપાસના વાતાવરણનું તાપમાન બદલાય છે. તે આપણા શરીર પર પણ ઘણી અસર કરે છે. શિયાળામાં ખાંસી, શરદી અને અન્ય રોગો આપણા પર ઝડપથી હુમલો કરે છે. આવી સ્થિતિમાં આ વસ્તુઓનું સેવન કરવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. શિયાળામાં સ્વસ્થ રહેવા માટે તમારે આ વસ્તુઓનું સેવન ઓછું કરવું જોઈએ.

કોલ્ડ ડ્રિંક્સઃ શિયાળામાં કોલ્ડ ડ્રિંક્સ કે ખાંડયુક્ત પીણાંનું સેવન ટાળવું જોઈએ. તેમાં ઘણી બધી ખાંડ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવવામાં મદદ કરી શકે છે. તે જ સમયે, તેનું નિયમિત સેવન તમારા ગળાને પણ નુકસાન પહોંચાડી શકે છે. તેના બદલે, તમે તમારા આહારમાં વિવિધ પ્રકારના સૂપનો સમાવેશ કરી શકો છો.

કેળાઃ શિયાળામાં કેળાનું સેવન પણ ટાળવું જોઈએ. આ સિઝનમાં કેળું લાળ વધારવાનું કામ કરે છે. આ ખાવાથી તમારી ઉધરસ બંધ થવાને બદલે વધુ વધી શકે છે. જો તમે ઈચ્છો તો કેળાને બદલે નારંગી અને આમળા જેવા ખાટાં ફળોને તમારા આહારમાં સામેલ કરી શકો છો.

ફ્રાઈડ ફૂડઃ શિયાળામાં લોકોને ગરમાગરમ સમોસા અને પકોડા ખાવાનું મન થાય છે. તમને જણાવી દઈએ કે આ વસ્તુઓ તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેમાં ઘણી બધી ચરબી હોય છે, જે તમને અપચોની સમસ્યા પેદા કરી શકે છે. આનાથી શરીરમાં સોજો પણ આવી શકે છે.

ડેરી પ્રોડક્ટ્સઃ શિયાળામાં દૂધ, દહીં અને ચીઝ જેવી ડેરી પ્રોડક્ટ્સનું વધુ પડતું સેવન તમારા સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચાડી શકે છે. આ ડેરી ઉત્પાદનો શરીરની અંદર લાળ પેદા કરી શકે છે. તેના કારણે આપણા ફેફસાં ચીકણા થવા લાગે છે, જેનાથી કફ અને કફ વધી શકે છે. તે જ સમયે, દૂધ ગળામાં બળતરા પણ વધારી શકે છે.

# બેડ પર જતા પહેલા 10 મિનિટ કરો આ 2 વ્યાયામ, આપોઆપ ઘટવા લાગશે પેટની ચરબી!

આજના ફાસ્ટ પેસ લાઈફમાં ફિટ રહેવું દરેકની પ્રાથમિકતા બની ગઈ છે. ખાસ કરીને પેટની ચરબી ઘટાડવી એ સૌથી મોટો પડકાર છે. વધારાની ચરબી ફક્ત તમારા વ્યક્તિત્વને અસર



કરતી નથી

આજના ફાસ્ટ પેસ લાઈફમાં ફિટ રહેવું દરેકની પ્રાથમિકતા બની ગઈ છે. ખાસ કરીને પેટની ચરબી ઘટાડવી એ સૌથી મોટો પડકાર છે. વધારાની ચરબી ફક્ત તમારા વ્યક્તિત્વને જ અસર કરતી નથી પરંતુ તે ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ પણ બની શકે છે.

જો તમે પણ વજન ઘટાડવા માટે સમય કાઢી શકતા નથી, તો સૂતા પહેલા 10 મિનિટની આ બે સરળ કસરત તમારા માટે અસરકારક સાબિત થઈ શકે છે.

1. લેગ રેઈઝ

આ એક કસરત છે જે પેટના નીચેના ભાગમાં ઊંડાણપૂર્વક કામ કરે છે. પગ ઉભા કરવાથી પેટના સ્નાયુઓ મજબૂત થાય છે અને ચરબી ઘટાડવામાં મદદ મળે છે. આ ઉપરાંત, આ કસરત તમારી પીઠ અને હિપ્સને પણ ટોન કરે છે. આ કરવા માટે, જમીન પર તમારી પીઠ પર સૂઈ જાઓ. હવે બંને હાથને બાજુમાં રાખો અને પગને સીધા રાખો. પછી હવે ધીમે ધીમે પગ ઉંચા કરો, જેથી શરીર 'L' શેપમાં આવે. આ પછી ધીમે ધીમે પગને નીચે લાવો. ખાતરી કરો કે તમારા પગ જમીનને સ્પર્શતા નથી. આ પ્રક્રિયાને 10-12 વખત પુનરાવર્તિત કરો.


2. પ્લેન્ક હોલ્ડ

પ્લેન્ક એ એક કસરત છે જે આખા શરીરને મજબૂત બનાવવામાં અને કેલરી બર્ન કરવામાં મદદ કરે છે. આમ કરવાથી પેટ, પીઠ, ખભા અને હાથની માંસપેશીઓ પર અસર થાય છે. તે માત્ર ચરબી ઘટાડવામાં મદદ કરે છે પણ ચયાપચયને ઝડપી બનાવે છે. આ કરવા માટે, તમારા પેટ પર સૂઈ જાઓ અને તમારી કોણી અને અંગૂઠાની મદદથી તમારા શરીરને ઉઠાવો. પછી શરીરને માથાથી હીલ સુધી સીધું રાખો. 20-30 સેકન્ડ માટે આ સ્થિતિને પકડી રાખો. હવે ધીમે-ધીમે સમય વધારતા જાઓ અને તેને 1-2 મિનિટ સુધી પકડી રાખવાનો પ્રયાસ કરો.

લાભો અને સાવચેતીઓ

આ બંને કસરતો સરળ છે અને કોઈપણ સાધન વિના કરી શકાય છે. આ નિયમિત રીતે કરવાથી તમે થોડા અઠવાડિયામાં જ ફરક અનુભવશો. જો કે કસરતની સાથે સાથે સંતુલિત આહાર અને પૂરતી ઊંઘ લેવી પણ જરૂરી છે. જો પેટની ચરબી તમને પરેશાન કરી રહી છે, તો આજે આ બે એક્સરસાઈઝને તમારા નાઈટ રૂટિનમાં સામેલ કરો અને ફિટનેસનો આનંદ લો.

# ગળામાં ખારાશ આવી ગઈ છે? આ કુદરતી વસ્તુઓ ગળુ કરશે ચોખ્ખુ



નવેમ્બર પછી, જેમ જેમ ડિસેમ્બર શરૂ થાય છે, ઠંડી વધુ વધવા લાગે છે અને હવામાનમાં આ ફેરફાર સ્વાસ્થ્ય સમસ્યાઓ અને શરદી, ગળામાં દુખાવો જેવા મોસમી રોગો શરૂ કરે છે. ઘણી વખત શરદી મટી ગયા પછી પણ લાંબા સમય સુધી ગળામાં દુખાવો રહે છે અથવા કફ જમા થવાથી છાતીમાં દુખાવાની સાથે ઉધરસ પણ શરૂ થાય છે. આવી સ્થિતિમાં કેટલીક પ્રાકૃતિક વસ્તુઓ દવાઓની જેમ કામ કરે છે જે ન માત્ર ગળાના દુખાવાથી રાહત આપે છે પરંતુ ખાંસી અને શરદીથી પણ રાહત આપે છે.

ગળામાં આવે છે ખારાશ તો શું કરવું ?

જો તમને ગળામાં ખરાશ હોય તો ક્યારેક તમને જમતી વખતે કે બોલતી વખતે પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને જો આનું ધ્યાન ન રાખવામાં આવે તો સમસ્યા વધી શકે છે. હાલમાં, વાયરલ સમસ્યાઓ માટે વારંવાર દવાઓ લેવી યોગ્ય માનવામાં આવતી નથી, તો ચાલો જાણીએ કે ગળાના દુખાવાથી છુટકારો મેળવવા માટે કઈ વસ્તુઓ તમારા માટે ઉપયોગી થઈ શકે છે.

તુલસીનો ઉકાળો

તુલસીનો છોડ ઘરોમાં સરળતાથી મળી રહે છે. જો તમને ગળું દુખતું હોય તો તમે તુલસીનો ઉકાળો બનાવીને પી શકો છો. તેનાથી શરદી અને ઉધરસમાં પણ ઘણી રાહત મળે છે. હૂંફાળું તુલસીનો ઉકાળો ચુસ્કી દ્વારા પીવાથી પણ ગળામાં સોજા અને દુખાવામાં રાહત મળે છે.

આદુ અથવા સૂંઠ

શિયાળામાં લગભગ દરેક ઘરમાં ચા બનાવવા માટે આદુ હોય છે. જો આદુ ઉપલબ્ધ ન હોય તો સૂકા આદુનો પણ ઉપયોગ કરી શકાય છે. જો તમને ગળું દુખતું હોય તો તમારા દાંતની નીચે સૂકા આદુનો એક નાનો ટુકડો દબાવો, તેનાથી તેનો રસ ધીમે-ધીમે ગળા સુધી પહોંચશે અને તમે રાહત અનુભવશો. આ સિવાય સૂકા આદુના પાવડરને મધમાં ભેળવીને ચાટવાથી પણ આરામ મળે છે. આદુના રસમાં મધ ભેળવીને પી શકાય છે.

મુલેઠી

આયુર્વેદમાં મુલેઠીને ખૂબ જ ફાયદાકારક ઔષધિ તરીકે વર્ણવવામાં આવી છે. તે ગળાના દુખાવા અને ઉધરસથી રાહત અપાવવામાં ખૂબ જ સારી છે. તમે શરાબને ચાવીને શેરડીની જેમ ચૂસી શકો છો અથવા તેનો ઝીણો પાવડર બનાવીને મધ સાથે લઈ શકો છો.

હળદર

ગળાના દુખાવાથી રાહત મેળવવા માટે કાચી હળદર અને થોડું મીઠું પાણીમાં ઉકાળો, આ પાણીને ગાળીને દિવસમાં બેથી ત્રણ વાર ગાર્ગલ કરો. તેનાથી ગળામાં દુખાવો ઓછો થશે અને દુખાવાથી પણ રાહત મળશે.

# લાંબા, જાડા અને ચમકદાર વાળ કોને પસંદ ન હોય...? આજે જ કરી પત્તા સાથે મિક્સ કરો આ 3 વસ્તુ પછી જુઓ કમાલ

દરેક સ્ત્રીને લાંબા, સુંદર, કાળા, જાડા અને મજબૂત વાળ જોઈએ છે. આ માટે મહિલાઓ ઘરેલું ઉપચારથી લઈને કેમિકલ પ્રોડક્ટ્સ સુધી દરેક વસ્તુનો ઉપયોગ કરે છે, પરંતુ ઘણા પ્રયત્નો કર્યા પછી પણ તેમને ઈચ્છિત પરિણામ મળતું નથી. જ્યારે રાસાયણિક ઉત્પાદનો વાળને સ્વસ્થ બનાવવાની જગ્યાએ નબળા બનાવે છે, જેના કારણે વાળ નિર્જીવ બની જાય છે અને ખરવા લાગે છે. તેથી વાળની સારવાર માટે માત્ર કુદરતી ઉપાયો અપનાવવાનો શક્ય તેટલો પ્રયાસ કરો.

જો વાળને કુદરતી રીતે સુંદર, લાંબા, જાડા અને ચમકદાર બનાવવા માંગો છો, તો તેના માટે કરી પત્તા ઉપયોગ કરો. કરી પત્તાનો દક્ષિણ ભારતમાં સૌથી વધુ ખાવામાં આવે છે, તેથી ત્યાંની મહિલાઓની સાથે સાથે પુરુષોના વાળ ખૂબ જ ઘટ્ટ અને સુંદર હોય છે. આવી સ્થિતિમાં અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે વાળના ગ્રોથ માટે કરી પત્તાનો આ ત્રણ રીતે ઉપયોગ કરવાનો છે.

**કરી પત્તાના ગુણ**

કરી પત્તામાં ઘણા ઔષધીય ગુણ હોય છે, જે વાળને જાડા અને લાંબા બનાવે છે. કરી પત્તામાં રહેલા એમીનો એસિડ વાળને ચમકદાર બનાવે છે. કરી પત્તામાં આયર્ન, કેલ્શિયમ અને ફોસ્ફરસ જેવા ગુણો વાળને મજબૂત બનાવવાનું કામ કરે છે અને તેનાથી વાળ ખરતા પણ અટકે છે.

**પ્રથમ ઉપાય- (કરી પત્તા અને આમળા)**

કરી પત્તા અને આમળાનું મિશ્રણ વાળને લાંબા અને જાડા બનાવવામાં મદદ કરશે. આવો તમને જણાવીએ કે આ માટે શું કરવાની જરૂર છે. આમળાને કાપીને તેમાં કઢી પત્તા મિક્સ કરો તેને સારી રીતે બ્લેન્ડ કરો અને પેસ્ટ બનાવો. ત્યારબાદ આ પેસ્ટને વાળમાં લગાવો અને 1 થી 2 કલાક માટે રહેવા દો. પેસ્ટ સુકાઈ જાય પછી તમારા વાળને સામાન્ય પાણીથી ધોઈ લો. આમ કરવાથી તમને માત્ર એક અઠવાડિયામાં પરિણામ મળી જશે.

**બીજો ઉપાય - (કરી પત્તા અને મેથી દાણા)**

વાળને ઝડપથી લાંબા કરવા ઈચ્છો છો તો આમળાની સાથે-સાથે કરી પત્તામાં મેથીને મિક્સ કરીને પેસ્ટ બનાવો. ચાલો તમને જણાવીએ કે કેવી રીતે. સૌથી પહેલા મેથીના દાણા લો અને તેમાં કરી પત્તા અને આમળા મિક્સ કરીને બ્લેન્ડ કરો. તેવી જ રીતે આ પેસ્ટ બનાવીને વાળમાં લગાવો અને એક કલાક માટે છોડી દો. આ પછી વાળને સાદા પાણીથી ધોઈ લો અને સુકાવો. આ અઠવાડિયામાં ઓછામાં ઓછું 1 થી 2 વાર કરવું જોઈએ અને પછી તમારા વાળ ટૂંક સમયમાં જ ઘૂંટણની લંબાઈ સુધી પહોંચી જશે.

**ત્રીજો ઉકેલ - (કરી પત્તા અને નારિયેળ તેલ)**

હવે વાત આવે છે વાળને મજબૂત અને ચમકદાર બનાવવાની. જો વાળ મજબૂત હશે તો તે નિર્જીવ નહીં થાય અને ખરશે નહીં. આના માટે શું કરવું, સૌથી પહેલા નારિયેળના તેલમાં કઢી પત્તા મિક્સ કરો. કરી પત્તા અને નારિયેળ તેલ વાળના ગ્રોથ માટે સૌથી બેસ્ટ છે. સૌપ્રથમ 10 થી 12 કરી પત્તા લો અને પછી તેને નારિયેળ તેલમાં નાખીને ગરમ કરો. પછી તેને ઠંડુ થવા માટે છોડી દો. જ્યારે તે ઠંડુ થાય છે, ત્યારે તમારી પાસે કઢી પત્તા-નાળિયેર તેલ હશે, જેને તમે અઠવાડિયામાં 2 થી 3 વાર લગાવી શકો છો અને પછી પરિણામની રાહ જુઓ. તમે તમારા પોતાના વાળના ગ્રોથ પર વિશ્વાસ નહીં કરો.

## તંત્રી લેખ...

**સોમવાર, તા.૨ ડિસેમ્બર ૨૦૨૪**

# દૂરસંચારમાં સુધાર

દેશમાં આઝાદી પહેલાં ગણતરીના ટેલિફોન હતા, પણ હવે જાતજાતના ફોન સબ્સ્ક્રાઈબરની સંખ્યા એક અબજની સંખ્યાને પાર કરી ગઈ છે. જ્યારે ૭૪ કરોડથી વધુ ઈન્ટરનેટ યુઝર્સ થઈ ગયા છે, ત્યારે દૂરસંચાર (ટેલિકોમ) સંબંધી કાયદા બદલવા બહુ જરૂરી છે. સંસદમાં ટેલિકોમ વિધેયક, ૨૦૦૩ને ધ્વનિ મતથી પસાર કરી દેવાયું છે અને તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. જે દેશમાં મોટાભાગના લોકોના હાથમાં ફોન હોય, ત્યાં તેને સંબંધિત કોઈ કાયદો બનાવવો કે બદલવો સ્વાભાવિક રીતે રોચક વિષય છે. આ વિધેયક ઉપગ્રહ સ્પેક્ટ્રમના પ્રશાસનિક ફાળવણીની અનુમતિ આપે છે. ટેલિકોમ કંપનીઓ માટે લાયસન્સ વ્યવસ્થાને પ્રાધિકરણ વ્યવસ્થાથી બદલે છે. કાયદામાં યુઝર્સની સુરક્ષાના ઉપાયોને મજબૂત કરે છે અને વિવાદ સમાધાન માટે ચાર સ્તરીય સંરચના પણ પ્રદાન કરે છે. નવું વિધેયક એટલે મહત્ત્વનું છે, કારણ કે તે ભારતીય ટેલીગ્રાફ અધિનિયમ (૧૮૮૫) અને વાયરલેસ ટેલીગ્રાફી અધિનિયમ (૧૯૩૩)નું પણ સ્થાન લેશે. ભારતમાં દૂરસંચાર ક્ષેત્રમાં જે રીતે બદલાવ થયા છે, તેમાં ખાનગી ક્ષેત્રની પકડ બહુ મજબૂત થઈ ગઈ છે. નવા ટેલિકોમ કાયદા સરકારના હાથ મજબૂત કરશે.ગત દાયકાઓમાં આપણે જોયું કે દેશમાં સીમકાર્ડ એક રીતે ગલી ગલીમાં વેચાય છે. સામાન્ય રીતે બે જ મોટી કંપનીઓ મેદાનમાં મજબૂતીથી બચી છે, પરંતુ જ્યારે લગભગ છ કંપનીઓ સક્રિય હતી, ત્યારે કોઈપણ મહોલ્લામાં લોકો કરતાં વધુ સીમ કાર્ડ જોવા મળતાં હતાં. દેખીતું છે કે સીમકાર્ડ લેવા માટે બનાવટ પણ બહુ થતી હતી. વધતી સુવિધા સાથે સાઈબર ઠગાઈને પણ બળ મળ્યું, પરંતુ નવા કાયદા લાગુ થયા બાદ જો કોઈ ખોટી રીતે સીમ કાર્ડ લે છે તો તેને ત્રણ વર્ષની સજા કે ૫૦ લાખ રૂપિયા સુધીનો આર્થિક દંડ થશે. આવા આકરા કાયદા ખરેખર દેશહિતમાં જ રહેશે. તેનાથી સાઈબર ઠગાઈ રોકવામાં ઘણી હદે મદદ મળશે. ગ્રાહક સત્યાપનમાં કડકાઈ રાખવામાં આવશે તેવી ફરિયાદ થઈ રહી છે, પરંતુ ભારત જેવા દેશમાં, જ્યાં ટેકનિકનો દુરુપયોગ સામાન્ય બાબત છે, એ જરૂરી જ છે. શંકાસ્પદ કે અપરાધી ગ્રાહકો કે યુઝર્સ પર નજર રહેવાનો પણ ઓછાયો રહેશે. ગોપનીયતાની ચિંતા વ્યક્ત કરાઈ રહી છે, પરંતુ જરૂર પડે ત્યારે ગોપનીયતામાં ગાબડું પાડવું સરકાર માટે મજબૂરી છે. સરકાર કોઈ સંદેશને વચ્ચે રોકવામાં સક્ષમ હશે. હા, પ્રેસને છૂટ આપવામાં આવી છે. વોટ્સએપ વગેરે દ્વારા થનારા કોલ અને ઓટીટી મેસેજિંગ પણ નિરીક્ષણના દાયરામાં આવશે. ઉલ્લેખનીય છે કે ટેલિકોમ પર સરકારનો કબ્જો એટલે જરૂરી છે, કારણ કે તેનું કામ ખાનગી કંપનીઓના હાથમાં છે અને ખાનગી કંપનીઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિદેશી નાણાં પણ લાગેલા છે. વિશેષ રૂપે ઉપદ્રવગ્રસ્ત વિસ્તારોમાં સરકાર પહેલાં પણ કોઈ નેટવર્કને પોતાના હાથમાં લેતી રહી છે, હવે આ કાયદા દ્વારા તેને કામમાં આસાની રહેશે. આ કાયદાઓમાં કરવામાં આવેલ અનેક જોગવાઈ બહુ જ જરૂરી છે, જો આ ભાવિ કાયદા આમ આદમીને સુરિક્ષત કરે છે, ઠગાઈથી બચાવે છે તો આ કાયદા ખરા અર્થમાં પ્રશંસનીય ગણાશે.

**ગત દાયકાઓમાં આપણે જોયું કે દેશમાં સીમકાર્ડ એક રીતે ગલી ગલીમાં વેચાય છે. સામાન્ય રીતે બે જ મોટી કંપનીઓ મેદાનમાં મજબૂતીથી બચી છે,**

# સમુદ્રમાં ખતરો

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા યુદ્ધની ઝાળ હવે લાલ સાગર સહિત અન્ય આંતરરાષ્ટ્રીય નૌવહન માર્ગોને પોતાની ઝપટમાં લઈ રહી છે. હાલના દિવસોમાં આપણી સમુદ્રી સીમા નજીક અરબ સાગર તથા લાલ સાગરમાં એ જહાજોને નિશાનો બનાવવામાં આવ્યાં, જે ભારત આવી રહ્યાં હતાં. આ જહાજ ભારતની માલિકીનાં તો નહોતાં, પરંતુ તેમનું સંચાલન ભારતીયોના હાથમાં હતું. યમનના હૂતી આતંકીઓ છેલ્લા કેટલાક સમયથી લાલ સાગરમાંથી પસાર થનારા જહાજો પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરી રહ્યા છે. ખાસ કરીને એ જહાજો પર જેને લઈને તેમને શંકા છે કે તે કોઈને કોઈ રૂપે ઈઝરાયલ સાથે સંબંધ ધરાવે છે. આ હુમલાથી સમુદ્રી વેપાર પર ઘાતક પ્રભાવ પડી રહ્યો છે. સાથે જ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતો સંઘર્ષ આંતરરાષ્ટ્રીય રૂપ લેવાની આશંકા છે. આ ઘટનાક્રમ બાદ અમેરિકાએ લાલ સાગરમાં જહાજોને સુરક્ષા આપવા માટે એક આંતરરાષ્ટ્રીય ટાસ્ક ફોર્સ બનાવી છે. જોકે અરબ દેશોએ ઈઝરાયલને મદદ પહોંચવાની ચિંતામાં આ ટાસ્ક ફોર્સમાં કોઈ રુચિ નથી દેખાડી. તેમને લાગે છે કે આ ટાસ્ક ફોર્સથી ગાઝામાં લડાઈ લડી રહેલા ઈઝરાયલને ફાયદો પહોંચી શકે છે. અમેરિકી રક્ષા વિભાગનું કહેવું છે કે ગુજરાત પાસે અરબ સાગરમાં ચેમ પ્લટો નામના ટેન્કર પર થયેલ હુમલામાં ઈરાનથી છોડવામાં આવેલ ડ્રોનનો ઉપયોગ થયો છે. અસલમાં સઉદી અરબથી આવેલા આ ટેન્કરને ભારતના ન્યૂ મેંગલોર બંદરે પહોંચવાનું હતું. ઈઝરાયલ-હમાસની ટક્કર બાદ ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહી આંતરરાષ્ટ્રીય સીમામાં જહાજોને નિશાનો બનાવી રહ્યા છે.ચિંતાની વાત એ છે કે ગુજરાત તટ તથા લાલ સાગરમાં જે સમુદ્રી જહાજો હુમલાના શિકાર થયા, તે બંનેમાં ચાલક દળના સદસ્યો ભારતીય હતા. ચિંતાની વાત એ પણ છે કે સમુદ્રી માર્ગો પર હૂતી આતંકીઓ દ્વારા જહાજો પર મિસાઈલો દાગવામાં આવે છે. સતત થઈ રહેલા ડ્રોન અને મિસાઈલ હુમલાને કારણે કેટલાય સમુદ્રી જહાજો પોતાનો માર્ગ બદલી રહ્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ડઝનથી વધારે જહાજો પ્રભાવિત થયાં છે. આ સંકટને જોઈને ભારતીય નૌકાદળ પણ એલર્ટ પર છે અને હુમલાનો શિકાર બનેલ ચેમ પ્લૂટો નામના જહાજની મદદ માટે પોતાના જહાજ પણ મોકલ્યા છે. સારી વાત છે કે હુમલામાં કોઈ હતાહત નથી થયું. આ જહાજના ચાલક દળમાં લગભગ વીસ ભારતીયો સામેલ હતા. જ્યારે બીજી તરફ લાલ સાગરમાં ક્રૂડ ઓઈલ ટેન્કરને ડ્રોન હુમલાનો શિકાર બનાવવામાં આવ્યો. જેના ચાલક દળમાં પચીસ ભારતીયો હતા. આ હુમલા દરમ્યાન અમેરિકી નૌકાદળના યુદ્ધજહાજને પહોંચવાથી હૂતીઓનાં ડ્રોનને ખદેડવામાં આવ્યાં. નિશ્ચિતપણે એક ડઝનથી વધુ હુમલા બાદ લાલ સાગરમાં સક્રિય કેટલાય શિપિંગ ગ્રુપોએ આ માર્ગેથી થનારા જહાજોની આવાજાહીને હાલપૂરતી રોકી દીધી છે. આ તરફ અમેરિકા આ હુમલા માટે ખુલ્લેઆમ ઈરાનને દોષીત ગણાવી રહ્યું છે, પરંતુ ઈરાન આ વાતનો ઈનકાર કરી રહ્યું છે. તેની દલીલ છે કે ભલે તે હૂતી આતંકીઓને રાજકીય આશરો આપતું હોય, પરંતુ તેમને હથિયારો નથી આપતું. તેનાથી ઠીક વિપરીત ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના કમાંડર ચેતવણી આપે છે કે ગાઝામાં ઈઝરાયલના હુમલા ન અટક્યા તો લાલ સાગર ઉપરાંત ભૂમધ્ય સમુદ્ર અને જિબ્રાલ્ટરની ખાડી વગેરે સમુદ્રી માર્ગોને પણ બંધ કરવામાં આવશે.

**ચિંતાની વાત એ છે કે ગુજરાત તટ તથા લાલ સાગરમાં જે સમુદ્રી જહાજો હુમલાના શિકાર થયા, તે બંનેમાં ચાલક દળના સદસ્યો ભારતીય હતા. ચિંતાની વાત એ પણ છે**

**ટિપ્પસ : કુશળતા પર શંકા રાખવાની બાબત યોગ્ય નથી**

# મૌન રહેવાથી સફળતા મળતી નથી

## સફળતા હાંસલ કરવા માટે ક્યારેય પોતાના પર આશંકા કરવી જોઇએ નહી : પોતાના મુલ્યાંકન ઉપર સતત ધ્યાન આપવા રહેવુ જોઇએ

જીવનમાં તમામ ઉંચાઇ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જણી લેશે. તેમને એક ભય આ બાબતને લઇને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે.

તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઇ લેશે. પોતાની લાઇફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમનો જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઇ મોટી કંપનીના માલિકથી લઇને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમા પણ આવી જ કોઇ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઇને શંકા કરતા રહે છે. જો તમે લાઇફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઇચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઇએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઇએ. તેમના ગુણની સાથે સાથે તેમના દૌષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઇએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે.

આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઇ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઇ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઇ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઇ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઇ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત

કરવાની ટેવ પાડવી જોઇએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઇને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઇ ન માની લે તેમ અનુભવ કરે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે અસલી ક્ષમતાને જીવિત રાખવા માટે પોતાના અંદર રહેલી ભાવનાને બહાર આવવાની તક આપવી જોઇએ. હાસ્ય મનોરંજન પણ લાઇફમાં જરૂરી છે. આના કારણે સીધી રીતે અસર થાય છે. હકારાત્મક ભાવના વિકસિત થાય છે. પોતાની લાયકાત પર શંકા કરનાર લોકોએ આને દુર કરવા માટે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઇએ. મુલ્યાંકન વેળા એવી ચીજોની કાગળ પર યાદી બનાવવી જોઇએ જે લોકોને આકર્ષિત કરે છે. તેમાં પોતાની તમામ કુશળતા અંગે વાત લખવી જોઇએ. આનાથી પોતાની અંદર બિનજરૂરી ખામી કાઢવાની ટેવ દુર થશે. સાથે સાથે આત્મવિશ્વાસમાં વધારો થશે. આ આત્મવિશ્વાસ વધુ સફળતા માટેના માર્ગ કોઇ પણ વ્યક્તિ માટે ખોલી દે છે.

**અનાજ ઉગાડવાથી લઇને પકવવા સુધી રસાયણનો આડેધડ પ્રયોગ**

# થાળીના ૪ દુશ્મન બિમાર કરે છે

## દેશમાં ૧૦૦ કરતા વધારે જંતુનાશકોનો ઉપયોગ થઈ રહ્યો છે : આ પૈકી ઘણા જંતુનાશકો વિવિધ દેશોમાં પ્રતિબંધ છે : ફુડ પોઈઝનિંગના કારણ છે

ભોજનનો અર્થ માત્ર પેટ ભરવા સુધી મર્યાદિત નથી. ભારતીય સંસ્કૃતિમાં ભોજનને સંસ્કાર તરીકે જોવામાં આવે છે. આ પૌષણ પણ આપે છે. તેમાં અમારા આરોગ્ય માટે જરૂરી પૌષક તત્વો પણ હોય છે. છેલ્લા કેટલાક દશકોમાં ખાવાપીવાની ચીજવસ્તુઓમાં ભેળસેળનુ પ્રમાણ ચિંતાજનક રીતે વધુ રહ્યુ છે. અનાજ અને અન્ય ચીજોના ઉત્પાદનમાં જંતુનાશકનુ પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યુ છે. આ તમામ ચીજોના ઉત્પાદનમાં રસાયણ અને જંતુનાશકના ઉપયોગને સમર્થન મળ્યુ છે. આના કારણે કેટલીક પ્રકારની બિમારીઓ પણ હોય છે.

હાલમાં અમારી થાળીમાં જુદા જુદા પ્રકારની ભેળસેલની ચીજો પહોંચી રહી રહી છે. સાથે સાથે નુકસાન કરનાર હાનિકારક તત્વો પણ થાળીમાં પહોચી રહ્યા છે. તમામ આંકડા ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. આંકડા દર્શાવે છે કે હાલના સમયમાં દેશમાં ૧૦૦ કરતા વધારે જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે પૈકી કેટલાક જંતુનાશકો પર તો દુનિયાના કેટલાક દેશોમાં પ્રતિબંધ પણ છે. ટોક્સિક લિંક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વિશ્વમાં દર વર્ષે આશળરે ૨૦ લાખ ટન અને ભારતમાં આશરે છ લાખ ટન જંતુનાશક અને બીજા રસાયણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોઇ પણ ખાદ્ય ચીજવસ્તુઓમાં જંતુનાશક, રસાયણ અથવા તો ભેળસેળના ઉપયોગની માહિતી મળે છે તો ભારતી ખાદ્ય સુરક્ષા અને માપદંડ સત્તા અથવા તો એફએસએસએઆઈમાં ફરિયાદ કરી શકાય છે. પહેલાના સમયમાં ખેતોમાં ઉત્પાદનને વધારી દેવા માટે વધારે કુદરતી તરીકાના ઉપયોગ કરવામાં આવતા હતા. કંપોસ્ટ ખાતરનો ઉપયોગ કરવામા આવતો હતો. હવે રાસાયણિક ખાતર તેમજ જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવે છે. આના કારણે શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધારે તેવા પૌષક તત્વો મળવાના બંધ થઇ ગયા છે. સાથે સાથે કેન્સર જેવા જીવલેણ રોગ ફેલાવે તેવા તત્વો તેમજ જંતુનાશક શરીરમાં પહોંચી રહ્યા છે. શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે ડીડીટી, મેલાથિયાન, ક્લોરડેન, એલ્ડ્રિન તેમજ અન્ ઘાતક જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આના કારણે અનેક પ્રકારની બિમારીઓ થઇ રહી છે. બીજી બાજુ કેળા અને અન્ય પ્રકારના ઉપયોગી ફળોને વહેલી તકે પકવી દેવા માટે ટેગપોન-૩૯, ઈથેપાન, એથલીન તેમજ એસિટિલીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કાર્બાઇડ કરતા આઠ ગણુ વધારે નુકસાનકારક થિફોનથી કેળા માત્ર ૨૪ કલાકમાં પાકી જાય છે. આનો ઉપયોગ પશુમાં વધારે દુધ આપવા માટે પણ કરવામાં આવે છે. આના કારણે શરીરમાં



દુખાવો રહે છે. ભુખ ઓછી લાગે છે. પાચન સંબંધી પરેશાની રહે છે. પેટના ઈન્ફેક્શન વધે છે. લિવર સંબંધિત બિમારી થાય છે. કેન્સરનો પણ ખતરો થઇ જાય છે. બાળકોને વધારે નુકસાન થાય છે. ડબ્બામાં રહેલી ચીજોને વધારે સમય સુધી સુરક્ષિત રાખવા માટે બિસેફિનોલ, પ્રોસેસ્ડ મીટ અને માછળીમાં સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવે છે. ચિપ્સમાં સોડિયમ અને કેમિકલ વાળા કલરનો ઉપયોગ કરવામા આવે છે. કેટલાક અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે તેમાં નિર્ધારિત માપદંડ કરતા બે ગણા કરતા વધારે મિઠાનો ઉપયોગ કરવામા આવે છે. તેમા ખાંડનુ પ્રમાણ ખુબ વધારે સાથે સાથે પૌષક તત્વોનુ પ્રમાણ ખુબ ઓછુ રહે છે. સગર્ભા મહિલાઓ અને પેટમાં રહેલા ભ્રુણને પણ આના કારણે નુકસાન થાય છે. ખરાબ ગોળને વ્યવસ્થિત દર્શાવવા માટે સોડિયમ ફાર્મેલ્ડિહાઇડનો ઉપયોગ કરવામાં આવે છે. જે રંગીન ડાઇ છે. જેના કારણે કેન્સરનો ખતરો રહે છે. આવી જ રીતે થાળીને કલરફુલ બનાવવા માટે હલ્દર, મરચા, પાલકમાં ફુડ કલર મિક્સ કરવામાં આવે છે. જેના કારણે લિવર, આંતરડા તેમજ અન્ય બિમારીનો ખતરો રહે છે. સિન્થેટિક કલરના કારણે ગળા, લિવર તેમજ અન્ય પ્રકારની બિમારી થાય છે. ફુડ પોઈઝનિંગના બનાવો હાલના દિવસોમાં વધારે જોવા મળે છે. તબીબો પાસે આવા કેસ વધારે આવે છે. જેના કારણે તબીબો પણ હવે સાવધાન થઇ ગયા છે. મિલાવટ અને ભેળસેલ અથવા તો ભોજનની ચીજો તેમજ દુધમાં જુદા જુદા કેમિકલ અને જંતુનાશકના ઉપયોગ કરવાના કારણે આ સમસ્યા ઉભી થઇ રહી છે. આ તમામ સમસ્યાને ટાળવા માટે કેટલાક ઉપાય રહેલા છે. જેના કારણે તેમની અસરને ઘટાડી શકાય છે. આના પ્રયોગ ચોક્કસપણે થવા જોઈએ.

**'પ્રસ્તાવના'માં સાહિત્યકાર ભગીરથ બ્રહ્મભટ્ટ લખે છે કે, ભણતર અને ઘડતર બંનેને ધ્યાનમાં રાખતા જીવનકેન્દ્રી લખાણો છે.**

# શિક્ષણ અને સંસ્કારની પ્રેરક લેખમાળા

## સ્વયં શિસ્ત એ જ સાચી શિસ્ત છે. શિસ્ત માટે નિયમ પાલન થવું જોઈએ. અભિવાદન માટે નમસ્તે જરૂરી છે. એક અન્ય સ્થળે શ્રેષ્ઠ વિદ્યાર્થીના લક્ષણો દર્શાવ્યા છે.

'સમયને સથવારે' લેખક વિપિન પંડ્યાનું વ્યક્તિત્વ ઘડતર માટે ઉપયોગી લેખોનું સુંદર પુસ્તક છે. શિક્ષક, આચાર્ય અને પછી સેવાને વરેલા લેખકે ખૂબ ઉપયોગી વાતો રજૂ કરી છે. પ્રથમ મુખપૃષ્ઠ ઉપર શાળાના વિદ્યાર્થીઓની પાછળ સર્વપલ્લી રાધાકૃષ્ણનનું ચિત્ર છે.



'પ્રસ્તાવના'માં સાહિત્યકાર ભગીરથ બ્રહ્મભટ્ટ લખે છે કે, ભણતર અને ઘડતર બંનેને ધ્યાનમાં રાખતા જીવનકેન્દ્રી લખાણો છે. પ્રત્યેક લેખ પ્રેરક છે. લેખક, નીતિલક્ષી કેળવણીના આગ્રહી રહ્યા છે. 'નિવેદન' અંતર્ગત લેખક લખે છે કે કોલમને મેં ગ્રંથમાં રૂપાંતરિત કરી છે. સર્વત્ર હું વંચાતો થયો, ચર્ચાતો થયો, મારા વિચારો ફેલાયા.

૧૫૨ પૃષ્ઠો ઉપર ૩૦ જેટલા લઘુલેખો પ્રગટ થયા છે. ક્યાંક સાંપ્રત સમયમાં પ્રાર્થનાનું હાર્દ સમજાવ્યું છે. જીવનમાં હવા, પાણી અને ખોરાક કરતા તેનું વધુ મહત્વ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાર્થનાસભાના મહત્વની વાત છે. તે સમય પસાર કરવા માટે નથી પરંતુ જીવન ઘડતર માટે છે.

'શિક્ષણ અને કેળવણી'માં સમાનાર્થીલાગતા શબ્દોની ભિન્નતા સમજાવી છે. પ્રાચીન સમયમાં શિક્ષણ સાથે ધર્મને સંબંધ હતો. આગળ એક પ્રકરણમાં વાણીનો પ્રભાવ સમજાવ્યો છે. વાણી દ્વારા મનુષ્યની ખાનદાની કે સંસ્કાર જાણી શકાય છે. વાણીથી સંબંધો વણસે કે સુધરે છે. 'વાચન પરિવર્તનનો ઉત્તમ સ્રોત'માં વાચનની ટેવ માનવજીવન માટે ઉપકારક છે. અન્યત્ર બાળકના જીવન ઘડતરમાં ઘર, સંગ અને વાતાવરણનો ફાળો મહત્વનો છે. કહેવતો દ્વારા તેની સમજ અપાઇ છે. બુનિયાદી અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પણ આવકાર્ય છે. મૂલ્યવિહીન શિક્ષણ અર્થહીન છે. તેથી શિક્ષિત નાગરિકો દીક્ષિત હોતા નથી. પૂ.સચ્ચિદાનંદની ઉક્તિ રજૂ કરી છેઃ પશ્ચિમમાં દારૂ પીને પણ જૂઠું બોલતા નથી. ભારતમાં ગંગાજળ પીને જૂઠું બોલે છે. બાળકોના વિકાસમાં માતાપિતાનું પ્રદાન હોય છે તેથી સાંજે બધા ભેગા મળી પ્રાર્થના અને ભોજન કરે છે.

સ્વયં શિસ્ત એ જ સાચી શિસ્ત છે. શિસ્ત માટે નિયમ પાલન થવું જોઈએ. અભિવાદન માટે નમસ્તે જરૂરી છે. એક અન્ય સ્થળે શ્રેષ્ઠ વિદ્યાર્થીના લક્ષણો દર્શાવ્યા છે. બીજા સ્થળે વિદ્યાર્થી સ્વયં ભાગ્યવિધાતાની વાત કરી છે. કહેવતોથી આ વાત સરસ સમજાવી છે. 'પ્રેમ-સૃષ્ટિનો સમ્રાટ'માં કાવ્ય પંક્તિઓ વડે સરસ સ્પષ્ટ કરાયું છે. 'યુવા અજંપો'માં શિક્ષણ પદ્ધતિ વાસ્તવિકતાથી દૂર જતી લાગે છે. ક્યાંક શિક્ષકને સંસ્થાનો પ્રાણ ગણાવ્યો છે. શિક્ષકની સજ્જતા, ગૌરવ, પ્રેમ વગેરેની સરસ ચર્ચા છે. ક્યાંક શિક્ષણની ઘટી રહેલી ગુણવત્તાની ચિંતા છે. વિદ્યાર્થી બિચારો ગ્રાહક બન્યો છે. શિક્ષણ એ ધંધો નહીં, ધર્મ છે. તે પવિત્ર વ્યવસાય છે. શિક્ષક ભાવપ્રધાન હોવો જોઈએ. વિદ્યાર્થીનો પ્રેમ શિક્ષકની સાચી મૂડી છે. પ્રેમના શિક્ષણ વિના મનુષ્યતા પેદા ન થાય. 'સાચા વાલી કોણ?'માં વાલીની વજનદાર જવાબદારીની વાત છે. 'સંસ્કાર આપે તે વિદ્યાલય'માં રજનીશજીની વાત 'મૂલ્યોમાં ક્રાંતિ લાવે તે સાચું શિક્ષણ' રજૂ કરી છે. વ્યવસાયી માર્ગદર્શનને જરૂરી સેવા ગણાવી છે. રોજગાર વિનાના શિક્ષણને વરાળ વિનાના એન્જિન સાથે સરખાવ્યું છે.તમામ પ્રકરણોની વાત મૂલ્યવાન છે. તેના સ્પષ્ટકરણ માટે કહેવતો, પંક્તિઓની મદદ લેવાઈ છે. સરળ ભાષામાં સમજૂતી આપવાનો નમ્ર પ્રયાસ થયો છે. ઉદાહરણો પણ સરસ પ્રયોજાયા છે. જે હકીકત ઉજાગર કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ મહાપુરૂષોની વાતો પણ ઉપયોગમાં લેવાઈ છે. આ સમગ્ર પુસ્તકમાં શિક્ષણનો વિચાર કેન્દ્રમાં છે. તેના આધારે બાળકો આવતીકાલના જવાબદાર નાગરિક બનવાના છે.છેલ્લા મુખપૃષ્ઠ ઉપર 'શિક્ષણ અને સંસ્કાર' શીર્ષક હેઠળ શિક્ષણશાસ્ત્રી આર.એસ. ત્રિવેદીની વાત છે. લેખકના શિક્ષણ સેવાના મંત્રને તેમણે બિરદાવ્યો છે. શિક્ષણના તત્વને સ્પર્શવાનો પ્રયત્ન પણ અગત્યનો છે. ભવિષ્યમાં શિક્ષણના વિવિધ પાસાની તલસ્પર્શી ચર્ચા કરતા લેખોની લેખક પાસે અપેક્ષા વ્યાજબી છે. લેખકે નિવૃત્તીમાં પ્રવૃત્તિનો મંત્ર ચરિતાર્થ કર્યો છે. તે વંચિતો માટે નિયમિત સેવાનું પ્રણ સ્વીકારીને કાર્ય કરે છે.



## ૪૦ વર્ષ પહેલા બની હતી એક એવી હોરર ફિલ્મ કે જેને જોઇ દર્શકોની ઊંઘ થઈ જતી હતી હરામ!

હાલ સ્ત્રી ૨ (Stree 2) અને હવે હોરર કોમેડી ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ (Bhool Bhulaiyaa 3) પણ જબરજસ્ત હિટ રહી છે. હોરર ફિલ્મોનો ક્રેઝ એવો છે કે લોકો બોલિવૂડની સૌથી ભૂતિયા ફિલ્મો શોધી રહ્યા છે અને માણી રહ્યા છે. જો તમે પણ હોરર કન્ટેન્ટ જોવાના શોખીન છો, તો આજે અમે તમને ૯૦ના દાયકાની એક એવી ફિલ્મ વિશે જણાવી રહ્યા છીએ, જેને જોયા બાદ દર્શકો રાત્રે ઊંઘી શકતા નહોતા.

અમે વાત કરી રહ્યા છીએ ૧૯૮૯માં આવેલી હોરર ફિલ્મ ‘પુરાની હવેલી’ (ઙ્ઘિહૈ ૐટ્ઠદ્બીઙ્મૈ)ની. આ ફિલ્મ રામસે બ્રધર્સ દ્વારા બનાવવામાં આવી હતી, જે પ્રખ્યાત હોરર ફિલ્મ નિર્દેશકોની જોડી એટલે કે શ્યામ રામસે અને તુલસી રામસે છે. આ ફિલ્મમાં એક જૂની હવેલી છે, જે દર્શકોને ખૂબ જ ડરાવી રહી છે. આ ભૂતિયા હવેલીની અંદર રહેતા ભૂતની ઝલક જોવા મળે કે તરહ જ પ્રેક્ષકોમાંથી ચીસ પડી જતી હતી. દીપક પરાશર, તેજ સપ્રુ, અમિતા નાંગિયા, શહેઝાદ ખાન, નીલમ મેહરા અને વિજય અરોરા જેવા કલાકારોએ તેમના અભિનયથી ઘણું મનોરંજન કર્યું અને ફિલ્મે સારી કમાણી પણ કરી. ફિલ્મની સ્ટોરી એક જૂની હવેલીની આસપાસ ફરે છે. એક શહેરી સમૃદ્ધ પરિવાર આ હવેલી ખરીદે છે અને ત્યાં રહેવા આવે છે. આ સમય દરમિયાન, તેઓ શૈતાની શક્તિઓથી વાકેફ થાય છે અને પછી શેતાન તેમના જીવન પર હાવીથવા માંડે છે. ફિલ્મના ઘણા દ્રશ્યો એટલા ડરામણા છે કે વ્યક્તિના રૂંવાટા ઊભા થઈ જાય અને રાત્રે ઊંઘી પણ શકતો નથી.

# ‘પુષ્પા ૨’ની રિલીઝ પહેલા જ અલ્લુ અર્જુન મુશ્કેલીમાં, નોંધાઈ એફઆઈઆર

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા ૨’ ૫મી ડિસેમ્બરે રિલીઝ થવાની છે. આવી સ્થિતિમાં લોકોમાં તેનો ક્રેઝ વધતો જાય તે સ્વાભાવિક છે. જો કે, આ ફિલ્મની રિલીઝ પહેલા અલ્લુ અર્જુનને મોટો ઝટકો લાગ્યો છે. હા, અભિનેતા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સાથે લોકોના મનમાં સવાલ એ છે કે અલ્લુ વિરુદ્ધ ફરિયાદ કેમ થઈ?

એવા અહેવાલો છે કે ફિલ્મની પ્રી-રીલીઝ ઈવેન્ટ દરમિયાન અલ્લુએ એક શબ્દનો ખોટો ઉપયોગ કર્યો હતો. જો રિપોર્ટ્સનું માનીએ તો અલ્લુએ ઈવેન્ટમાં ‘આર્મી’ શબ્દનો દુરુપયોગ કર્યો હતો. અલ્લુએ કહ્યું હતું કે, પ્રમોશન દરમિયાન અર્જુને કહ્યું હતું કે, મારી પાસે ચાહકો નથી, મારી પાસે ‘સેના’ (ચાહકોની) છે. સેના શબ્દના ઉપયોગ કરવાને કારણે તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. શ્રીનિવાસ ગૌર નામના વ્યક્તિએ અભિનેતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ગૌરે હૈદરાબાદના જવાહર




નગર પોલીસ સ્ટેશનમાં અભિનેતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેમણે ચાહકો માટે ‘સેના’ શબ્દના ઉપયોગ સામે વાંધો ઉઠાવ્યો છે.

શ્રીનિવાસ ગૌર ગ્રીન પીસ એન્વાયરમેન્ટ એન્ડ વોટર હાર્વેસ્ટિંગ ફાઉન્ડેશનના પ્રમુખ છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે અલ્લુએ તેની કોઈ પણ ફેન ક્લબને સેનાનું બિરુદ ન આપવું જોઈએ. આ રીતે આર્મી શબ્દનો ઉપયોગ કરવો ખોટો છે. આર્મી એક સન્માનનીય પોસ્ટ છે અને સેનાના લોકો દેશની રક્ષા કરે છે. આ રીતે તમે ચાહકોને આર્મી કહો તે ખોટુ છે. સુકુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મ ‘પુષ્પા ૨ ધ રૂલ’ ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ઉપરાંત, તે ૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ અમેરિકામાં રિલીઝ થશે, જે હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાઓમાં જોવા મળશે. આમાં ફરી એકવાર અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્નાની જોડી ચાહકોને જોવા મળશે. હવે જોવાનું એ રહે છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવું પ્રદર્શન કરશે અને અલ્લુ અર્જુન વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદ શું વળાંક લે છે.

# કન્નડની પ્રખ્યાત અભિનેત્રીએ શોભિતા શિવન્નાએ કરી આત્મહત્યા

કન્નડ ફિલ્મ અને ટેલિવિઝનની લોકપ્રિય અભિનેત્રી શોભિતા શિવન્ના રવિવારે આત્મહત્યા કરી લીધી છે. તેમણે રવિવારે હૈદરાબાદના કોંડાપૂર સ્થિત તેના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી હતી. ૩૦ વર્ષીય અભિનેત્રીએ ગઈકાલે ૩૦ નવેમ્બરે મોડી રાત્રે પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. તેમની આત્મહત્યાની ખબર સાંભળીને કન્નડ એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રી અને તેના ફેન્સમાં ભારે દુખની લાગણી વ્યાપી ગઈ છે. કન્નડ ફિલ્મ અને ટેલિવિઝનની લોકપ્રિય અભિનેત્રી શોભિતા શિવન્ના રવિવારે તેમના એક ફ્લેટમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી. તેમના એક ફ્લેટમાં રહેતી શોભિતા શિવન્ના ઘરની છત સાથે લટકતી હાલતમાં મળી આવી હતી જ્યારે પોલીસને માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે પહોંચી હતી. કર્ણાટકના હાસન જિલ્લાના સકલેશપુરની રહેવાસી શોભિતા પરિણીત હતી અને છેલ્લા બે વર્ષથી હૈદરાબાદમાં રહેતી હતી. અભિનેત્રીના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી, તેના નજીકના લોકો અને ચાહકો તેને શ્રદ્ધાંજલિ આપતા પોસ્ટ્સ સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે.



# અભિનેતા વિક્રાંત મેસીની અચાનક નિવૃતિ : બોલીવુડમાં હવે કામ નહીં કરે

તાજેતરમાં જ ધ સાબરમતી રિપોર્ટ ફિલ્મથી ચાહકોના દિલ જીતનાર અભિનેતા વિક્રાંત મેસીએ અચાનક મોડી રાત્રે એક્ટિંગ છોડવાનો નિર્ણય લીધો છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આની જાહેરાત કરી છે. આ સમાચાર સામે આવ્યા બાદ વિક્રાંતના ચાહકો નિરાશ થઈ ગયા છે અને તેઓ ચોંકી ઉઠ્યા છે. ૧૮ વર્ષની કારકિર્દી બાદ એક્ટિંગમાંથી નિવૃત્તિ લીધી છે.

વિક્રાંત મેસી એ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી લખ્યું છે કે, પતિ, પિતા અને પુત્ર તરીકે મારા પરિવારની સંભાળ રાખીશ. એક અભિનેતા હોવાના નાતે આપણે છેલ્લી વાર વર્ષ ૨૦૨૫માં મળીશું. મારી છેલ્લી ૨ ફિલ્મો બાકી છે. આપ સૌનો આભાર, હું હંમેશા આપનો ઋણી રહીશ.

આ રીતે વિક્રાંત મેસીએ અભિનયમાંથી નિવૃત્તિ અંગે મોટી વાત કરી છે. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૦૭માં વિક્રાંતે નાના પડદાના શો ધૂમ મચાઓ ધૂમથી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. પરંતુ તેણે બાલિકા બધુના શ્યામ સિંહના રોલમાં ઘણી લોક ચાહના મેળવી હતી. આ સિવાય વિક્રાંતે રણવીર સિંહની ફિલ્મ લૂંટેરા (૨૦૧૩)થી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. આ પછી, તેણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું, ઘણી ફિલ્મો દ્વારા, વિક્રાંતે એક અભિનેતા તરીકે ઘણું નામ કમાવ્યું. વેબ સિરીઝ મિર્ઝાપુરે તેની અભિનય કારકિર્દીને નવી ઉડાન આપી.

# હમ ભૂલ ગયે રે હર બાત મગરપ: અમિતાભનું નામ સાંભળતા જ રેખાએ કહ્યું કેપ

બોલીવૂડની જાજરમાન અભિનેત્રી રેખા હજુ લાઈમલાઈટમાં રહે છે. પોતાની સુંદરતા, ડ્રેસિંગ, ગ્રેસને લીધે તેનાં વિશે પણ લોકોને જાણવું ગમતું હોય છે. રેખા જ્યારે પણ સ્ક્રીન સામે આવે ત્યારે લોકોને અમિતાભ બચ્ચન યાદ આવ્યા વિના રહેતા નથી. વળી, રેખા પણ ક્યાંક આવા ઈશારા કરતી હોય છે.





થોડા જ દિવસોમાં રેખા કપિલ શર્માના શૉમાં ફરી આવી રહી છે. અગાઉ પણ તેણે આ શૉની મહેમાનગતી માણી છે. હવે ફરી પાછી રેખા શૉની ગેસ્ટ બની રહીછે. ૭૦ વર્ષ પૂરા કરી ચૂકેલી રેખા હજુ દાગીનાઓથી લદાયેલી, મેક અપ અને સ્ટાઈલ સાથે જોવા મળે છે. કપિલ શર્મા શૉમાં પણ તે જાજરમાન લાગી રહી છે. કપિલ વાત કરતા કરતા અમિતાભ બચ્ચન દ્વારા હૉસ્ટ કરવામાં આવતા કૌન બનેગા કરોડપતિ શૉની વાત કરે છે. તે કહે છે કે અમે જ્યારે કેબીસીમાં ગયા ત્યારે બચ્ચનસાહેબે મારા માતાને પૂછ્યું કે યે પેટમે થા તબ આપ ક્યા ખાતી થી. તો માને બોલા દાલ રોટી. કપિલ આ જવાબ આપે તે પહેલા જ રેખાએ કહ્યું કે મને ખબર છે. મને પૂછને એક એક ડાયલૉગ મને યાદ છે. આમ કહી રેખાએ એ જણાવી દીધું કે તે બચ્ચનનો પ્રોગ્રામ કેટલી એકાગ્રતાથી જૂએ છે.

રેખાએ ૮૦-૯૦ના દાયકામાં અને ત્યારબાદ પણ ઘણી હીટ ફિલ્મો આપી છે. માત્ર બચ્ચન નહી અન્ય સ્ટાર સાથેના તેનાં સંબંધો પણ ચર્ચામાં રહ્યા છે. રેખાના લગ્ન અને લગ્નજીવનમાં ભંગાણ, પતિની આત્મહત્યા બન્ને ચર્ચામાં રહ્યા છે. જોકે સૌથી વધારે ચર્ચા થઈ હોય તો રેખા અને બચ્ચનની લવસ્ટોરીની થઈ છે. જયા સાથે લગ્ન બાદ પણ બચ્ચન રેખા સાથે સંબંધોમાં રહ્યા તેવી ઘણી વાતો થઈ છે. યશ ચોપરાએ બનાવેલી સિલસિલા તેમના જીવન પર આધારિત હોવાનું પણ કહેવાય છે. જયાએ રેખાને પોતાનું ઘર તૂટવા નહીં દે અને અમિતાભને નહીં છોડે તેવું રોકડું પરખાવી દીધું હોવાના મીડિયા રિપોર્ટ્સ પણ છે. તેમ છતાં રેખા અને બચ્ચનની અધૂરી પ્રેમકહાની હજુ પણ સૌનુ ધ્યાન ખેંચે છે.

# કશું જ નથી થતું. અવોર્ડની જાહોજલાલી એ રાત પૂરતી જ હોય છે.’

આવી હૈયાવરાળ કાઢ્યા પછી મનોજ મમરો મૂકે છે કે, ‘જો, ફિલ્મને ઓસ્કર અવૉર્ડ મળ્યો હોય કે નોમિનેશન મળ્યું હોય તો ફરક દેખાય છે ખરોપ એની ખ્યાતિ, એના ગુણગાનનું આયુષ્ય લાંબું હોય છે.’

ઓસ્કર નામનું પીછું ટોપીમાં ખોસાય એ પછી અરીસામાં જોઈ માત્ર ખુશ જ થવાનું હોય છે. મનોજ બાજપેયી આગળ કહે છે કે ‘આપણા અનેક સ્વતંત્ર ફિલ્મમેકરો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલોમાં વાહ વાહ મેળવી સ્વદેશ પાછા ફરતી વખતે એમના કોલર ટાઈટ હોય છે, ટટ્ટાર ચાલતા હોય છે અને એમની ચાલમાં ઝડપ હોય છે. પણપ પણ, એમનું હવાઈ જહાજ સ્વદેશની ધરતી પર ઉતરાણ કર્યા પછી શું અનુભવ થાય છે એમને? ફિલ્મમાં કોઈ રુચિ નથી દેખાડતું, કોઈ એના વિશે બોલવા—ચર્ચા કરવા ઉત્સુક નથી હોતું. ફિલ્મ કેવી રીતે રિલીઝ કરવી કે કોણ ડિસ્ટ્રિબ્યુશન કરે એનો ઉલ્લેખ નથી થતો. હું આ બધામાંથી પસાર થયો છું અને આજની તારીખમાં પણ આવું બને છે.’



ટૂંકમાં વાહ વાહથી હૈયું હરખાય, ખિસ્સું ન ભરાય એવી હાલત જોવા મળે છે. આર્થિક પીઠબળ આપતી ફિલ્મ કંપની—સ્ટુડિયોની છત્રછાયા વિના આપબળે ફિલ્મ બનાવતા સ્વતંત્ર (ઈન્ડી) ફિલ્મમેકરો માટે કપરાં ચઢાણ છે. ફ્રાંસ અને ઈટલીમાં વિવેચકોની વાહ વાહ ઉપરાંત ઠીક ઠીક વકરો કરવામાં સફળ રહેલી પાયલ કાપડિયાની ફિલ્મ ‘અવૉર્ડમાં અવ્વલ, પણ આવકમાં ‘બંડલ’ સાબિત થશે?

અહીં કવિ લક્ષ્મીનારાયણ વ્યાસ ‘સ્વપ્રસ્થ’ની કાવ્ય પંક્તિનું સ્મરણ થાય છે : ‘વિચારો એવા કે અવનિ પર રાજ્ય કરવું, પરિસ્થિતિ એવી કે રખડી રઝળી પેટ ભરવું.’મોટો અવૉર્ડ હાંસલ કરે, દેશની પ્રતિમા ઊજળી કરે, એને ફિલ્મના બિઝનેસ સાથે નાહવા-નિચોવાનો સંબંધ નથી હોતો. અવૉર્ડ બાબતે આ જ વાત મને કાયમ ખૂંચી છે. પારિતોષિક મળવાથી ઍક્ટર કે ડિરેક્ટરની વેલ્યુ વધી જાય એવું મોટે ભાગે નથી બનતું.

અવૉર્ડ મેળવતી અનેક વાર એવું બન્યું છે કે ફિલ્મને અવૉર્ડ મળે, આપણે સાંજે પાર્ટી કરી મહાલીએ અને બીજે દિવસે સવારે કામે લાગી જઈએ, પણ શું એ અવૉર્ડ મળ્યો એટલે મને વધુ ફિલ્મોની ઑફર મળે છે ખરી? કે ડિસ્ટ્રિબ્યુટરો અવૉર્ડ વિજેતા ફિલ્મ રિલીઝ કરવા ઉત્સુકતા દેખાડે છે ખરા? ફિલ્મમાં કામ કરવા મળતી રકમમાં વધારો થાય છે ખરો? ના, આમાંનું કશું જ નથી થતું.

# ખૈયામસાબ, તમે મને જેલમાં જતાં બચાવ્યો!

મલ્હાર રાગથી કોઈ વરસાદ વરસાવી શકે, દીપક રાગથી દીવા પ્રગટાવી શકે, પણ એક ગીતને કારણે કોઈક જેલમાં જતાં બચી શકે?

જી હા, જો એ ગીત ‘ખૈયામ’નું હોય તોપ!

૧૯૯૭નો સમય હતો. મારી લખેલી ફિલ્મ ‘રંગીલા’ સુપરહિટ નીવડી પછી નિર્દેશક રામગોપાલ વર્મા (રામુ) સાથે હું બીજી ફિલ્મ ‘દૌડ’ લખી રહ્યો હતો. આ ‘દૌડ’ના મેડ-મેડ સંવાદો-પાત્રો આજેય લોકોને યાદ છે. એ ફિલ્મનું શૂટિંગ રાજસ્થાનના રણથંભોર જંગલમાં થઈ રહ્યું હતું ને હું ત્યાં હાજર હતો. એક દિવસ જંગલની વચ્ચોવચ્ચ ઝરણામાં ઊર્મિલા-સંજત દત્તનું દશ્ય ફિલ્માવાઈ રહ્યું હતું.

અચાનક પોલીસની જીપ સાથે ફૉરેસ્ટ ઑફિસરો આવ્યા. શૂટિંગની પરમિશનને લઈને રામુને અને મને પણ હિરાસતમાં લીધો.આગળ પોલીસની જીપ અને પાછળ રામુની કારમાં હું, રામુ ને ફૉરેસ્ટ ઑફિસર. થોડી વાર ટેન્શન થયું, પણ પછી મેં કાર-સ્ટિરિયો પર ‘ઉમરાવ જાન’ ફિલ્મનાં ગીતો વગાડ્યાં. રામુને ઉર્દૂ-હિંદી ખાસ આવડે નહીં એટલે હું ‘દિલ ચીઝ ક્યા હૈ, આપ મેરી જાન લીજીયે’ જેવી ગઝલનાં શેર રામુને સમજાવી રહ્યો હતો. ગીતોની બંદિશ, એમાં તબલાંની થાપ, આશાજીની મુરકીઓ, સારંગીના શાર્પ ઉપયોગ વિશે વિસ્તારથી કહેવા માંડ્યો. રામુ પણ નિર્માતા-દિગ્દર્શક તરીકે ઘડીભર ભૂલી ગયા કે આમ અચાનક શૂટિંગ અટકવાથી લાખોનું નુકસાન થઈ રહ્યું છે. કલાકારોની તારીખો બરબાદ થશે, ૨૦૦ લોકોનું યુનિટ નવરું બેઠું છે, પણ પછી રામુએ ખૈયામનાં ગીતો અને એ.આર. રહેમાનના ‘રોજા’નાં ગીતો વચ્ચે સરખામણી શરૂ કરી એમાં મારી અને રામુ વચ્ચે જામી ગઈ. પેલો ફૉરેસ્ટ ઑફિસર અમને બેઉને ચૂપચાપ જોઈ-સાંભળી રહ્યો હતો અને અમને છોડી દેવા માટે ના તો અમે બેઉએ એને વિનંતી કરી કે ના તો સંજય દત્તને કહીને મિનિસ્ટર પિતા સુનીલ દત્ત દ્વારા દિલ્લીથી કોઈ પાસે ફોન કરાવ્યો કે ના તો ઑફિસરને ૧૦-૧૫ હજાર આપીને છૂટવાનો પ્રયત્ન કર્યો. આખરે ફૉરેસ્ટ ઑફિસરથી ના રહેવાતાં એણે ડ્રાઈવરને કહ્યું : ‘ઓયે..ગાડી રોક. મુઝે ઉતરના હૈ..’

મેં પૂછ્યું : ‘ક્યા હુઆ, સાબ?

ત્યારે ફૉરેસ્ટ ઑફિસરે કહ્યું: ‘કૈસે પાગલ લોગ હો? તુમ દોનોં કો પુલીસ પકડ કે લે જા રહી હૈ, લાખોં કા નુકસાન હો રહા હૈ ઔર આપ ઢોલક-તબલે મેં લગે હુએ હો?! સાલે, હમ તો ઐસે હી જંગલકી ખાક છાનતે રહેંગે ઝિંદગીભર, કમ સે કમ આપ લોગ તો મસ્ત રહો અપને પાગલપનમેં.. જાઓ, ફિલ્મ બનાઓ!’



ઑફિસર કારમાંથી ઊતરીને પોલીસ વેનમાં જતો રહ્યો. આખી વાતમાં જાદૂ તો સંગીતકાર ખૈયામ સાહેબના ‘ઉમરાવ જાન’નાં ગીતનો છે, જેને બોલિવૂડમાં સૌ આદરથી ‘ખાં-સાહેબ’ કહેતા. રેખાની ‘ઉમરાવ જાન’ હોય કે યશ ચોપરાની ‘કભી કભી’ કે સાવ સાદી આર્ટ ફિલ્મ ‘બાઝાર’ હોય કે ‘રઝિયા સુલ્તાન’ જેવી ઐતિહાસિક ફિલ્મ હોય કે પછી ‘નૂરી’ જેવી ક્યૂટ નાનકડી ફિલ્મ હોય, પણ ઓછી તોય અનેક યાદગાર ફિલ્મોના સંગીતકાર મહોમ્મદ ઝહૂર ‘ખૈયામ’ ૯૩ વર્ષ સુધી સતત સક્રિય રહ્યા. શંકર-જયકિશન, સચીન દેવ બર્મન, ઓ.પી નૈયર, કલ્યાણજી-આણંદજી, આર.ડી.બર્મન, લક્ષ્મી-પ્યારેથી લઈને છેક બપ્પી લહરીના જમાના સુધી પણ ખૈયામસાહેબ પોતાના ખુશનુમા ક્લાસિકલ સંગીતવાળાં ગીતો સાથે ટકી ગયા, કારણકે બીજા વિશ્વયુદ્ધમાં સૈનિક તરીકે એ લડેલા અને એ લડાકૂ લોહી જ એમને ગળાકાપ બોલિવૂડમાં બીજાની ટક્કર લેવાની તાકાત આપતું. ખૈયામે, ૧૯૮૦-૮૩માં ‘ઉમરાવજાન’ અને બાઝાર’ જેવી ફિલ્મોમાં શુદ્ધ ગઝલો આપીને હિટ કરાવી (૧૯૮૦-૮૪ સુધી સળંગ બે ‘ફિલ્મફેર’ એવોર્ડ જીત્યા) એ ખરેખર સિદ્ધિ જ કહેવાય, કારણ કે ૮૦ના દાયકામાં ‘રંભા હો-સંભા હો’ જેવા ચાલુ

# બોલિવૂડમાં દિવાળીની ઝલક દેખાડતી આઇકોનિક ફિલ્મો

દિવાળી એટલે દેશમાં નાના-મોટા, ગરીબ-તવંગર, બધા લોકો દ્વારા વ્યાપકપણે ઉજવવામાં આવતો તહેવાર. પ્રકાશના આ તહેવારને દર્શાવવામાં બોલિવૂડ પણ પાછળ નથી. બોલિવૂડ દરેક તહેવાર સાથે જોડાણ ધરાવે છે. ગીતો અને દ્રશ્યોમાં ભવ્ય પરંપરાગત સમૂહો, ભવ્ય સેટ, અદભૂત ફટાકડા અને માટીના દીવાઓ સાથે બોલિવૂડે અનેક વાર દિવાળીના વૈભવ અને ભવ્યતાની ઉજવણી કરી છે. દિવાળીની પૂર્વસંધ્યાએ આપણે બોલિવૂડની કેટલીક ફિલ્મોમાં દર્શાવાયેલા અને અમર બની ગયેલા દિવાળીના ભવ્ય સીન્સવાળી ફિલ્મોને યાદ કરીએ.

યાદીમાં ફિલ્મ કભી ખુશી કભી ગમનું નામ સૌથી પહેલું આવે. ફિલ્મના ટાઈટલ ટ્રેકની શરૂઆત દિવાળીના ગીતથી થાય છે. તે એવી ભવ્ય શૈલીમાં બતાવવામાં આવ્યું હતું કે દરેક સંયુક્ત કુટુંબ આ રીતે લગ્ન અને દિવાળી ઉજવવાનું સપનું જુએ છે. આ ગીત પર ઘણા પૈસા ખર્ચવામાં આવ્યા હતા. કરણ જોહર દ્વારા નિર્દેશિત, આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, હૃતિક રોશન અને કરીના કપૂર પણ મુખ્ય ભૂમિકામાં હતા. મુવીમાં મુખ્યત્વે શાહરૂખ ખાન અને જયા બચ્ચન વચ્ચે દર્શાવવામાં આવેલ આઇકોનિક દિવાળી સીન દરેક સિનેમાપ્રેમીઓના દિલમાં કોતરાઇ ગયો છે.




મહેશ માંજરેકરના ડિરેક્શનમાં બનેલી સંજય દત્તની વાસ્તવ ફિલ્મ એક આઇકોનિક ફિલ્મ છે, એમાંનો દિવાળી પરનો તેનો એક સીન આવનારી પેઢીઓને પણ યાદ રહેશે. જ્યારે સંજય દિવાળી દરમિયાન તેની ચાલમાં પહોંચે છે અને તેની માતાને તેના ગળામાં પચાસ તોલાની ચેન બતાવે છે. આ ફિલ્મમાં સંજય દત્ત ઉપરાંત નમ્રતા શિરોડકર, સંજય નાર્વેકર, મોહનિશ બહલ, પરેશ રાવલ અને શિવાજી સાટમ મુખ્ય ભૂમિકામાં હતા.આ ક્લાસિક ફિલ્મમાં પ્રકાશના પર્વએ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે. આ ફિલ્મથી અમિતાભ બચ્ચનની ફિલ્મી કારકિર્દી સડસડાટ પાટે દોડવા લાગી હતી અને દેશને સુપરસ્ટાર મળ્યો હતો અને અમિતાભને એંગ્રી યંગમેનનું બિરુદ પણ મળ્યું છે. પ્રકાશ મહેરાના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મની શરૂઆત દિવાળીના સીનથી થઇ હતી, જેમાં જંજીર લખેલા ચાર્મ બ્રેસલ્ટે પહેરેલા અજાણ્યો વ્યક્તિ બાળક વિજય ખન્નાની નજર સામે તેના માતા-પિતાની હત્યા કરે છે અને પછી શરૂ થાય છે એંગ્રી યંગ મેન વિજય ખન્નાની પ્રતિશોધની આગપ. ફિલ્મના ક્લાઈમેક્સમાં પણ દિવાળીના સીન્સ દર્શાવવામાં આવ્યા છે જેમાં વિજયને તેના માતા-પિતાના હત્યારાની જાણ થાય છે. સલીમ ખાન અને જાવેદ અખતર દ્વારા લખાયેલી આ ફિલ્મમાં અમિતાભ ઉપરાંત જયા બચ્ચન, પ્રાણ, બિંદુ, ઈફ્તેખાર પણ મુખ્ય ભૂમિકામાં હતા.સલમાન ખાન અને માધુરી દિક્ષીત સ્ટારર હમ આપકે હૈ કૌનના ગીત ધીક તાના ધીક તાના ધીક તાનાપમાં દિવાળીના દ્રશ્યની થોડી મિનિટો બતાવવા માટે ઘણા પૈસા ખર્ચવામાં આવ્યા હતા. આજે પણ જ્યારે બોલીવુડમાં દિવાળીનો ઉલ્લેખ થાય છે ત્યારે આ ફિલ્મ અને આ દ્રશ્યની યાદો તાજી થઈ જાય છે. આ ગીતમાં નાથ ફેમિલીનું ઘર દિવાળીના પર્વ માટે સજાવવામાં આવ્યું હોય છે, જ્યાં પરિવારના બધા સભ્યો સાથે મળીને દિવાળી મનાવવા ભેગા થાય છે અને હર્ષોલ્લાસથી દિવાળીની ઉજવણી કરતા દર્શાવાયા છે. ફિલ્મમાં દિવાળીની પરંપરા, રિવાજ, ઘરમાં લાઈટિંગનો શણગાર, વાઈબ્રન્ટ વાતાવરણ બધું જ ખૂબ સરસ રીતે દર્શાવવામાં આવ્યું છે.

દિવાળી એટલે ધૂમધડાકા અને ફટાકડા ફોડવાની મોસમ. દિવાળીની ફટાકડાની ધૂમને ઘણી બોલિવૂડ ફિલ્મોમાં દર્શાવવામાં આવી છે, પણ આ ફિલ્મનો એક સીન યાદગાર છે, જે ફટાકડા ફોડતી વખતે બાળકોની અને સહુની સુરક્ષાનું ધ્યાન રાખવાનું મહત્વ દર્શાવે છે. આ ફિલ્મમાં કમલ હસન ક્રોસ ડ્રેસમાં ઘરની નેની (બાળક રાખવાવાળી આયા) લક્ષ્મી ગોડબોલે નામની મહિલાની ભૂમિકા ભજવે છે. દિવાળીમાં ફટાકડા ફોડતી વખતે આગ લાગે છે, એ સમયે લક્ષ્મી ગોડબોલે ભાગીને તેની દીકરીની જાન બચાવે છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીના વિવાદ વચ્ચે શોએબ અખ્તરે પાકિસ્તાન પાસેથી ખાસ માંગણી કરતાં વિવાદ





**પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર શોએબ અખ્તરે પોતાના નિવેદનમાં ભારત જાઓ અને ત્યાં તેમને મારી આવો... કહેતા વધુ વિવાદ વકર્યો**

પાકિસ્તાનની ટીમના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ના વિવાદ વચ્ચે પોતાના નિવેદનથી હલચલ મચાવી દીધી છે. તેમનું કહેવું છે કે પાકિસ્તાનની ટીમે ભવિષ્યમાં ભારત જઈને આઈસીસી ઈવેન્ટ્સ રમવાની ના પાડવી જોઈએ, પરંતુ પાકિસ્તાનની ટીમને એવી રીતે તૈયાર કરવી જોઈએ કે તે ભારતને તેની જ ધરતી પર હરાવીને પરત ફરે.

BCCI એ ICC ને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે ભારતીય ટીમને પાકિસ્તાન જવા દેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ICC હવે 'હાઈબ્રિડ મોડલ' હેઠળ આ ટુર્નામેન્ટ યોજવાનું આયોજન કરી રહ્યું છે.

આ દરમિયાન શોએબ અખ્તરે મોટું નિવેદન આપ્યું છે. તેને કહ્યું છે કે હું ઈચ્છું છું કે ભારત ન જવાને લઈને વધારે બયાનબાજી ન થવી જોઈએ. હું ઈચ્છું છું કે અમારી ટીમ ભારત જાય અને ત્યાં તેમને હરાવે.

પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર શોએબ અખ્તરે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નિર્ણયનું સમર્થન કર્યું છે, જેણે ચેમ્પિયન્સ ટ્રોફી માટે વધુ રેવન્યુ શેરની માંગ કરી છે, કારણ કે હવે આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં રમાશે. જો કે, એક મુદ્દો કે જેના પર અખ્તર બોર્ડ સાથે અસંમત છે તે છે ભારતમાં ભવિષ્યમાં ICC ઈવેન્ટમાં નહીં રમવાનો પાકિસ્તાની ટીમનો નિર્ણય.

એક પાકિસ્તાની ચેનલ સાથે વાત કરતી વખતે અખ્તરે કહ્યું કે, હોસ્ટિંગ અધિકારો અને આવક મેળવવી સારી છે. આપણે બધા આ સમજીએ છીએ. પાકિસ્તાનનું વલણ પણ વ્યાજબી છે. તેણે મજબૂત સ્થિતિ જાળવી રાખવી જોઈતી હતી. છેવટે, જો આપણે આપણા દેશમાં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરી રહ્યા છીએ અને ભારત આવવા તૈયાર નથી, તો તેમને વધુ આવકનો હિસ્સો આપવો જોઈએ. આ સાચો નિર્ણય છે.

પરંતુ અખ્તરનું માનવું છે કે જો આપણે ભવિષ્યમાં ભારતમાં રમવાની વાત કરીએ, તો આપણે મિત્રતાનો હાથ લંબાવવો જોઈએ અને ત્યાં જવું જોઈએ. હું હંમેશા માનતો આવ્યો છું કે ભારતમાં જાવ અને ત્યાં તેમને હરાવો. હું જાણું છું કે હાઈબ્રિડ મોડલ પહેલેથી જ સંમત થયા હતા.




# બીજી મેચમાં રોહિત-ગિલની એન્ટ્રી! કેએલ રાહુલને મળશે મોટી જવાબદારી! આ ખેલાડીનું પત્તુ કપાશે

આ દિવસોમાં ભારતીય ટેસ્ટ ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. ને ટીમો વચ્ચે 5 મેચની ટેસ્ટ શ્રેણી રમાઈ રહી છે. પ્રથમ મેચમાં જસપ્રિત બુમરાહની કપ્તાનીમાં ભારતીય ટીમે 295 રનથી જીત મેળવી હતી અને શ્રેણીમાં 1-0ની લીડ મેળવી હતી.

પહેલા ભારતીય ટીમ અને ઓસ્ટ્રેલિયાની પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન વચ્ચે પ્રેક્ટિસ મેચ રમાઈ હતી, જેમાં તેણે 6 વિકેટે જીત મેળવી હતી. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મેચમાં મોટુ મન બતાવ્યું. તેમણે કેએલ રાહુલ માટે પોતાની ઓપનિંગ પોઝિશનનું બલિદાન આપ્યું.

કેએલ રાહુલે પ્રેક્ટિસ મેચમાં યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગ કરી હતી. આ બંનેએ ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં પણ ઓપનિંગ કરી હતી. રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં રમ્યો ન હતો. પરંતુ હવે કેપ્ટનન પરત ફર્યો છે. આવી સ્થિતિમાં રોહિતે ઓપનિંગ ન કરી અને તે પ્રેક્ટિસ મેચમાં ચોથા નંબર પર બેટિંગ કરવા આવ્યો.

જોકે રોહિત ફ્લોપ રહ્યો હતો. તે 11 બોલ રમીને માત્ર 3 રન બનાવી શક્યો હતો. ટેસ્ટ શ્રેણીની બીજી મેચ એડિલેડમાં રમાશે. આવી સ્થિતિમાં સમજી શકાય છે કે રાહુલ અને યશસ્વી ઓપનિંગ કરી શકે છે. જ્યારે રોહિત મિડલ ઓર્ડરમાં આવી શકે છે. આ રીતે સમજી શકાય છે કે પીંક બોલ ટેસ્ટમાં ફરી એકવાર ઓપનિંગ કરવાની મોટી જવાબદારી કેએલ રાહુલને મળવા જઈ રહી છે.

રોહિત શર્મા 5 કે છ નંબર પર બેટિંગ કરવા આવી શકે છે. શુભમન ગિલ ત્રીજા અને વિરાટ કોહલી ચોથા નંબર પર રહેશે. તમને જણાવી દઈએ કે રોહિતે અત્યાર સુધી 9 ટેસ્ટ મેચમાં 5માં નંબર પર બેટિંગ કરી છે. આ દરમિયાન તેણે 16 ઇનિંગ્સમાં 29.13ની એવરેજથી 437 રન બનાવ્યા હતા. તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 79 રન હતો.

જ્યારે છઠ્ઠા નંબર પર તેની સર્વશ્રેષ્ઠ સરેરાશ (તેમની કારકિર્દીમાં) 54.57 છે. છઠ્ઠા નંબર પર રોહિતે 16 ટેસ્ટની 25 ઇનિંગ્સમાં 1037 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે 3 સદી પણ ફટકારી છે. તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 177 રન હતો. આ રીતે ઓપનિંગ સિવાય છઠ્ઠા નંબર પર રોહિત સૌથી ખતરનાક સાબિત થાય છે.

શુભમન ગિલ પણ પ્રથમ ટેસ્ટમાં રમ્યો ન હતો. તે ઘાયલ થયો હતો. પરંતુ ગિલે પ્રેક્ટિસ મેચમાં હલચલ મચાવી દીધી હતી. તેણે 62 બોલમાં અણનમ 50 રનની મેચ વિનિંગ ઇનિંગ રમી હતી. આવી સ્થિતિમાં એડિલેડ ટેસ્ટમાં પણ ગિલની વાપસી નિશ્ચિત જણાય છે. આ રીતે સુકાની રોહિતને એક મુશ્કેલ પ્રશ્ન થશે કે તેના અને ગીલની વાપસીને કારણે પ્લેઈંગ-11માંથી કોને બહાર કરવામાં આવે?

ત્યારે શક્યતા છે કે પ્લેઈંગ-11માં રોહિત અને ગિલની એન્ટ્રીનો રસ્તો બનાવવા માટે દેવદત્ત પડિક્કલ અને ધ્રુવ જુરેલને પડતો મૂકવામાં આવી શકે છે. આ બંને પર્થ ટેસ્ટમાં સારું પ્રદર્શન કરી શક્યા ન હતા. પડિક્કલ પ્રથમ દાવમાં ખાતું ખોલાવી શક્યો ન હતો, જ્યારે બીજી ઈનિંગમાં તેણે 25 રન બનાવ્યા હતા. જ્યારે જુરેલ બંને ઇનિંગ્સમાં 11 અને 1 રન જ બનાવી શક્યો હતો.

એડિલેડ ટેસ્ટ માટે સંભવિત પ્લેઈંગ-11

કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રોહિત શર્મા (કેપ્ટન), ઋષભ પંત (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

# જો રૂટે સચિનનો રેકોર્ડ તોડ્યો : 49 ઈનિંગમાં 1630 રન પુરા કર્યા

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના ચોથા દિવસે ઈંગ્લેન્ડે આઠ વિકેટે જીત મેળવી હતી. આ જીત દરમિયાન ઈંગ્લેન્ડના સ્ટાર



બેટ્સમેન જો રૂટે ટેસ્ટ ક્રિકેટની ચોથી ઈનિંગમાં સૌથી વધુ રન બનાવવાનાં મામલે ભારતનાં મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને પાછળ છોડી દીધાં હતાં. રૂટે ચોથી ઈનિંગમાં તેંડુલકરના 1625 રનનાં માર્કને પાર કર્યો હતો.

ઈંગ્લેન્ડે ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં 1-0 ની લીડ મેળવી લીધી છે. રૂટે ટેસ્ટ મેચની ચોથી ઈનિંગમાં 1630 રન બનાવ્યાં છે. તેણે આ રન માત્ર 49 ઈનિંગ્સમાં બનાવ્યાં હતાં. આ [illegible]માં સચિન અને રૂટ પછી એલિસ્ટર કૂક (1611) અને ગ્રીમ સ્મિથ (1611) પર છે. ન્યૂઝીલેન્ડની ટીમ રવિવારે સવારે 155/6 થી રમતમાં આવી હતી. બ્રાયડનએ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ બોલિંગ કરી અને ન્યુઝીલેન્ડની બાકીની ચારમાંથી ત્રણ વિકેટ લીધી હતી.

ન્યૂઝીલેન્ડનો બીજો દાવ 254 રનમાં સમેટાઈ ગયો હતો. ઈંગ્લેન્ડને જીતવા માટે માત્ર 104 રનનું લક્ષ્ય હતું, જે તેણે ડેબ્યુ કરનાર જેકબ વેથલની ઝડપી અડધી સદીની મદદથી માત્ર 12.4 ઓવરમાં હાંસલ કરી લીધું હતું. આ હારથી ન્યુઝીલેન્ડની ડબ્લ્યુટીસી અંતિમ લાયકાતની સંભાવનાઓને મોટો ફટકો પડ્યો છે. તે ટેબલમાં ચોથા નંબર પર છે.





# રોહિત શર્માએ પોતાના પુત્રનું નામ અહાન રાખ્યું પત્ની રિતિકાએ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી

રોહિત શર્માએ પોતાના પુત્રનું નામ અહાન રાખ્યું છે. રવિવારે તેમની પત્ની રિતિકાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી અને તેમના પુત્રનું નામ અહાન શર્મા રાખવાની જાણકારી આપી.

રિતિકાએ ક્રિસમસની થીમ પર પોતાની ફેમિલી તસવીર શેર કરી છે. આ તસવીરમાં રોહિત શર્મા રો તરીકે, રિતિકા રિત્સા તરીકે, પુત્રીનું નામ સમૈરા છે એટલે સેમી અને પુત્રનું નામ અહાન બતાવવામાં આવ્યું છે. આ સાથે રિતિકાએ ક્રિસમસના હેશટેગનો પણ ઉપયોગ કર્યો છે.

રોહિતની પત્નીએ 15 નવેમ્બરે એક પુત્રને જન્મ આપ્યો હતો. રોહિત અને રિતિકાને સમાયરા નામની એક પુત્રી પણ છે. સમાયરાનો જન્મ 30 ડિસેમ્બર, 2018ના રોજ થયો હતો. રોહિત અને રિતિકાના લગ્ન 2015માં થયા હતા.



# રોહિત શર્માને ચાલુ મેચમાં આવ્યો ગુસ્સો, સરફરાઝ ખાનને માર્યો મુક્કો!

ભારત અને ઓસ્ટ્રેલિયા PM XI વચ્ચે 2 દિવસીય ટેસ્ટ મેચ રમાઈ હતી. મેચનો પ્રથમ દિવસ વરસાદને કારણે ધોવાઈ ગયો હતો, તેથી બીજા દિવસે મેચ 46 ઓવરની રમાઈ હતી. આ મેચમાં ભારતે પ્રથમ ફિલ્ડિંગ કર્યું હતું. જોકે, ફિલ્ડિંગ દરમિયાન કેપ્ટન રોહિત શર્મા અને સરફરાઝ ખાનનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રોહિત શર્મા સરફરાઝને મુક્કો મારતો જોવા મળ્યો હતો.

સરફરાઝ ખાને આ મેચમાં રિષભ પંત અને ધ્રુવ જુરેલની જગ્યાએ વિકેટ કીપિંગ કરી હતી. સરફરાઝ ખાન પ્રથમ દાવની 23મી ઓવર દરમિયાન બોલ પકડવામાં નિષ્ફળ રહ્યો હતો. જે બાદ રોહિત શર્માએ મજાકિયા અંદાજમાં સરફરાઝ ખાનને મુક્કો માર્યો હતો. બોલ બાઉન્સ થતાં સરફરાઝ તેને પકડી શક્યો નહોતો. પ્રથમ દિવસે વરસાદના કારણે આ પ્રેક્ટિસ મેચ રદ કરવામાં આવી હતી અને બીજા દિવસે 50-50 ઓવરની રમત રમાઈ હતી. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય બોલરોએ ગુલાબી બોલની પ્રેક્ટિસ મેચમાં પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનને શાનદાર શરૂઆત અપાવી હતી. મોહમ્મદ સિરાજે શાનદાર બોલિંગ કરી હતી. હર્ષિત રાણાએ 44 રનમાં 4 વિકેટ લીધી હતી. જો કે, સેમ કોન્સ્ટાસ અને હેન્નો જેકોબ્સે વધુ વિકેટ પડવા ન દીધી અને પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનને 200 રનથી આગળ લઈ ગયા. પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનએ 43.2 ઓવરમાં ઓલ આઉટ થઈને 240 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય ટીમે પ્રાઇમ મિનિસ્ટર ઇલેવન દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય માત્ર 46 ઓવરમાં હાંસલ કરી લીધું હતું. કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલે શાનદાર શરૂઆત અપાવી હતી. શુભમન ગિલે અડધી સદી ફટકારી હતી. રોહિત શર્મા ચોથા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો, પરંતુ 3 રન બનાવીને આઉટ થયો હતો.

# ટેસ્ટ ક્રિકેટમાં નવો ટ્રેન્ડ : પ્રવાસી ટીમો વધુ વખત જીતવા લાગી



**2024 માં, મહેમાન ટીમો પહેલાં કરતાં સૌથી વધુ વખત ટેસ્ટ મેચો જીતી**

વેસ્ટ ઈન્ડિઝના ઈંગ્લેન્ડના 1981 નો પ્રવાસ વિદેશમાં ટેસ્ટ સિરિઝમાં પડકારો માટે ઉપયોગી માર્ગદર્શક તરીકે કામ કરે છે. જ્યારથી ટેસ્ટ ક્રિકેટની શરૂઆત થઈ ત્યારથી, પ્રવાસી ખેલાડીઓ માટે પરાજયવાદી દૃષ્ટિકોણ લેવો સરળ બની ગયું હતું પરંતુ હવે આ દૃષ્ટિકોણ બદલવા લાગ્યો છે .

ઐતિહાસિક રીતે યજમાન ટીમોની તરફેણમાં અવરોધો હોતાં નથી જેમ કે મૈત્રીપૂર્ણ અમ્પાયરો હોય, પરિસ્થિતિઓનું જ્ઞાન હોય કે ઘરની સુખ-સુવિધાઓ હોય તેથી ટેસ્ટ ઈતિહાસમાં માત્ર બે વાર જ મુલાકાત લેનાર પક્ષોએ એક વર્ષમાં તેમની 40 ટકાથી વધુ મેચો જીતી છે.

પ્રથમ વખત, 2021 માં રોગચાળા વચ્ચે મહેમાન ટીમો વધુ વખત ટેસ્ટ મેચ જીતી હતી જે બાદ 2024 એ બીજું વર્ષ છે જ્યારે મહેમાન ટીમો વધુ વખત ટેસ્ટ મેચ જીતી છે. આ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડમાં શ્રેણીમાં કબજો જમાવ્યો હતો. ન્યુઝીલેન્ડે ભારતમાં પણ આવું જ કર્યું હતું. દક્ષિણ આફ્રિકામાં ભારત જીત્યું

બાંગ્લાદેશમાં દક્ષિણ આફ્રિકા જીત્યું. બાંગ્લાદેશ પાકિસ્તાનમાં જીત્યું. શ્રીલંકામાં પાકિસ્તાન જીત્યું. શ્રીલંકાએ ઓવલ ખાતે ઈંગ્લેન્ડને હરાવ્યું અને વેસ્ટ ઈન્ડિઝે બ્રિસ્બેનમાં ઓસ્ટ્રેલિયાને હરાવી દીધું હતું.

2024 કે 2021 પરથી કદાચ સારો અંદાજો ન આવે તેથી વિઝડન ક્રિકેટ વીકલી પોડકાસ્ટના ડેટા દ્વારા જાણવા મળ્યું છે કે વર્ષ 1907 સૌથી નીચી સરેરાશ બોલિંગ સ્ટ્રાઈક રેટ સાથેનું વર્ષ રહ્યું હતું તેથી મૂળભૂત રીતે, બેટ્સમેનોને ક્રીઝ પર કબજો કરવો ક્યારેય મુશ્કેલ લાગ્યો ન હતો.

2018 થી યશસ્વી જયસ્વાલ, હેરી બ્રૂક અને કામિન્દુ મેન્ડિસ સાથે કેન વિલિયમસન ટેસ્ટ ક્રિકેટમાં બેટથી 50 થી વધુની સરેરાશ ધરાવે છે, જેમાં જો રૂટ અને સ્ટીવ સ્મિથ માર્કથી નીચેના સ્થાને છે. 2011 અને 2017 વચ્ચેનાં તુલનાત્મક સમયગાળામાં, 12 બેટર્સની જ સરેરાશ 50 કે તેથી વધુની રહી હતી જે બેટિંગમાં ઘટાડો દર્શાવે છે.

ગયાં વર્ષે માઉન્ટ મૌંગાનુઈમાં બેન સ્ટોક્સ હોય કે સપ્ટેમ્બરમાં કાનપુરમાં બાંગ્લાદેશ સામે 35 ઓવરમાં ભારતનો 285/9 સ્કોર હોય. કેટલીક ટીમો માટે આ ડેટા કામ કરે છે, કેટલીક ટીમો માટે આ કામ કરતાં નથી, પરંતુ હકીકત એ છે કે 2024 માં માત્ર એક જ ટેસ્ટ ડ્રો થઈ છે તે દર્શાવે છે કે હવે દરેક મેચ જીત અને હાર સાથે સમાપ્ત થાય છે.

ઘરઆંગણે ક્રિકેટમાં સૌથી વધુ અસર ઓવરકોન્ફિડેન્ટને કારણે થાય છે જેમ કે ખેલાડીઓ ઘરઆંગણેની પીચ પર જ રમતાં હોય છે તે એ પીચથી ટેવાયેલા હોય છે તેથી તે આત્મવિશ્વાસમાં હોય છે કે તેને અહીં કોઈ મોટી મુશ્કેલીઓ નહિ પડે અને તેથી જ કદાચ તે મોટો સ્કોર કરી શકતાં નથી અને બીજી તરફ મહેમાન ટીમો પર વધુ પ્રેશર હોય છે તેથી તે વધુ સારી રીતે રમે છે કદાચ તેથી જ મહેમાન ટીમો વધુ વખત ટેસ્ટ મેચ જીતે છે.

બીજી તરફ એક અંદાજ એવું દર્શાવે છે કે ટી 20 જેવી ટૂંકી શ્રેણી કદાચ ટીમોને લડત માટે વધુ ઉત્તેજિત કરે છે અને ટેસ્ટ મેચમાં ઓછા વોર્મ-અપ અને ટોચનાં ખેલાડીઓની ઓછી પ્રેક્ટિસ પણ રન બનાવવામાં અસર કરે છે. જાન્યુઆરીમાં હૈદરાબાદમાં ઈંગ્લેન્ડની પ્રથમ ટેસ્ટ જીત અને ગયાં અઠવાડિયે પર્થમાં ભારતની જીત એ બે સરસ જીત છે જે આ વિચારને પડકારે છે.

શું આ વર્ષ ભવિષ્યનું સૂચક છે જ્યાં ઘરનો લાભ ઓછો મહત્ત્વપૂર્ણ બન્યો છે ? તેમાં કોઈ શંકા નથી કે લાલ બોલની રમત વધુ મનોરંજક છે જો બંને પક્ષોને ખરેખર વધુ વખત તક મળે.

# IPLમાં અજિંક્ય રહાણે કરશે KKRની કેપ્ટનશીપ! મોટું અપડેટ સામે આવ્યું

આઈપીએલ 2024ની વિજેતા ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) આગામી સિઝનમાં અજિંક્ય રહાણેને કેપ્ટન બનાવવા માટે વિચાર કરી રહી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કેકેઆર એ રહાણેને કેપ્ટનશીપ માટે જ ખરીદ્યો છે.

એક રિપોર્ટમાં સોર્સના હવાલાથી કહેવામાં આવ્યું કે, હા, આ 90 ટકા પાક્કું છે કે અજિંક્ય રહાણે કેકેઆરનો કેપ્ટન હશે. તેને ખાસ કરીને એક કેપ્ટનશીપ ઓપ્શનના ઉદ્દેશ્ય સાથે ખરીદવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, હાલમાં જ જેદ્દામાં થયેલા મેગા ઓક્શનમાં કોલકાતાએ રહાણેને 1.5 કરોડ રૂપિયાની બેઝ પ્રાઈઝમાં ખરીદ્યો હતો.

અગાઉ, સમાચાર સામે આવ્યા હતા કે કોલકાતા નાઈટ રાઈડર્સ વેંકટેશ અય્યરને આગામી સિઝન માટે કેપ્ટન બનાવી શકે છે. કેકેઆર એ વેંકટેશને મેગા ઓક્શનમાં 23.75 કરોડ રૂપિયાની કિંમતમાં ખરીદ્યો છે. જો કે, હાલ રહાણે અથવા વેંકટેશ અય્યરમાંથી કોણે કેપ્ટન બનાવવામાં આવશે તેને લઈને કોઈ ઓફિશિયલ જાણકારી સામે આવી નથી.

# જયસ્વાલને માથા પર માર્યો બોલ, બે ચોગ્ગા ખાધા બાદ કાંગારૂ બોલરે દાઝ કાઢી

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ 6 ડિસેમ્બરથી એડિલેડમાં પિંક બોલથી રમાશે. આ પહેલા ટીમ ઈન્ડિયાએ પિંક બોલથી રમાયેલી પ્રેક્ટિસ મેચમાં ઓસ્ટ્રેલિયાની પ્રાઈમ મિનિસ્ટર XIને છ વિકેટથી હરાવ્યું હતું. પરંતુ આ મેચ દરમિયાન ભારતીય ટીમના યુવા ઓપનિંગ બેટર યશસ્વી જયસ્વાલ અને ફાસ્ટ બોલર જેક નિસ્બેટ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ઇનિંગ્સની છઠ્ઠી ઓવર ઓસ્ટ્રેલિયન પીએમ XI માટે જેક નિસ્બેટે ફેંકી હતી. તે સમયે ભારત તરફથી યશસ્વી જયસ્વાલ બેટિંગ કરી રહ્યો હતો. તેણે પહેલા અને બીજા બોલ પર ચોગ્ગા ફટકાર્યા હતા. આ પછી, ત્રીજો બોલ ડોટ રહ્યો અને પછી બોલર નિસ્બેતે ચોથો બોલ ફેંક્યો જે બોલ તેના હેલ્મેટ પર વાગ્યો. આ પછી જેક નિસ્બેટ થોડીવાર તેની સામે જોતો





રહ્યો. જોકે, જયસ્વાલને કોઈ ઈજા થઈ ન હતી અને તે ફરીથી બેટિંગ કરવા માટે તૈયાર હતો. હવે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

થોડો હિટ હતો.

બોલની સ્પીડ વધુ હતી અને જયસ્વાલ તેને યોગ્ય રીતે જજ કરી શક્યો નહિ. તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું અને

યશસ્વી જયસ્વાલે ઓસ્ટ્રેલિયા પીએમ XI સામે શાનદાર બેટિંગ કરી હતી. ત્યારબાદ તેણે 59 બોલ રમીને કુલ 45 રન બનાવ્યા જેમાં 9 ચોગ્ગા સામેલ હતા. જયસ્વાલ છેલ્લા કેટલાક સમયથી શાનદાર ફોર્મમાં છે અને ટીમ ઈન્ડિયા માટે ઘણા રન બનાવી રહ્યો છે. તેણે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં 161 રનની ઇનિંગ રમી હતી અને ટીમને મેચ જીતવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

પ્રેક્ટિસ મેચ પણ પિંક બોલથી રમાઈ હતી, જેમાં હર્ષિત રાણાએ અદભૂત બોલિંગ કરી હતી. તેણે ચાર વિકેટ ઝડપી હતી. આ સિવાય આકાશ દીપે બે વિકેટ ઝડપી હતી.

# મહુવામાં સાયબર ક્રાઈમ સંદર્ભે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળીને સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરશેઃ પાનશેરીયા

સુરત, તા.૨

સુરત જિલ્લાને સાયબર સેફ બનાવવા અને પ્રજાજનોને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે સુરત ગ્રામ્ય પોલીસ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સહયોગથી સુરત જિલ્લાના મહુવા સ્થિત ઉકા તરસાડીયા યુનિવર્સિટીના માલિબા કેમ્પસમાં શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને "THINK, BEFORE YOU CLICK" સાયબર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડિજિટલ યુગએ વિશ્વને મળેલી એક મોટી ભેટ છે, પરંતુ તેના પ્રતિકૂળ પ્રભાવ પણ રહેલો છે. તેમણે વિદ્યાથીઓને શીખ આપતા કહ્યું કે, મફતમાં કંઈક મેળવવાની લાલચ રાખવી નહિ. લાલચને કારણે પ્રેમ અને લાગણી વિહોણા સંબંધો ઊભા થાય છે. તમારા ફેસબુક ઉપર એક લાખ ફોલોઅર્સ હોઈ શકે છે, પરંતુ જ્યારે તમે બીમાર પડશો, ત્યારે એમાંથી એક પણ તમારી સાથે ઊભા નહી રહે. ત્યારે તમારી સાથે માત્ર માતા-પિતા જ રહેશે. જો સાયબર બાબતે સમસ્યા સર્જાય તો માતા-પિતાને કહેવામાં સંકોચ ન કરવો. જો એવું ન કરી શકો, તો તમારા મિત્ર અથવા શિક્ષકને કહો, અથવા પોલિસ વિભાગને જાણ કરો. વિદ્યાર્થીઓને તમામ સમસ્યાઓનું સચોટ હલ માતા-પિતાની સાથે વાતચીત દ્વારા કરી શકાય છે તેમ જણાવીને સૌને સાયબર ફ્રોડથી સચેત રહેવાનો અનુરોધ કર્યો હતો.

વધુમાં તેમણે ઉમેર્યું કે, આગામી સમયમાં શિક્ષણ વિભાગ અને પોલિસ વિભાગ સાથે મળીને સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓને જાગૃત્ત કરશે. આ પ્રયાસોથી વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકો પાસે જ્ઞાન મેળવી પરિવારને પણ જાગૃત કરશે, જેના કારણે જાગૃતિની સાંકળ ઉભી થશે. લોકો લુંટ, ધાડ, ચોરી જેવી ઘટનાઓના શિકાર બનતા હોય છે, ત્યારે હવે લોકો નવા જમાનાના સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે. નાની ઉંમરના વિદ્યાર્થીઓ સોશિયલ મિડીયા થકી સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે અને નાછૂટકે આત્મહત્યા કરવા સુધી પહોચી જાય છે, ત્યારે દરેક શાળામાં એક એવો શિક્ષક હોવા જોઈએ જેમને વિદ્યાર્થીઓ ખુલ્લા મને પોતાની વાતો, મૂંઝવણ કહી શકે. શિક્ષકોએ વિદ્યાર્થીઓને પોતાનું બાળક સમજી સાયબર ક્રાઈમ વિશેનું જ્ઞાન આપી ફસાયેલા વિદ્યાર્થીઓને બહાર કાઢવાનું સેવાયજ્ઞ સમાન કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ અને ગૃહ વિભાગ વચ્ચે યોગ્ય સમન્વય થતાં હવે ડિજિટલ યુગમાં લોકોને જરૂરી સાયબરલક્ષી જ્ઞાન મળી રહેશે. આજના યુગમાં સાયબર જ્ઞાન આપવાની શરૂઆત વિદ્યાર્થીઓથી થઈ રહી છે અને આ વિદ્યાર્થીઓ આગળ વધીને અન્ય લોકોને જ્ઞાન પહોંચાડશે તેવી અપીલ તેમણે કરી હતી. આ વેળાએ સાયબર ફ્રોડની જાગૃતિ દર્શાવતી ફિલ્મે હાજર સૌને રસપ્રદ અને ઉપયોગી જાણકારી આપી હતી. રાજ્યમંત્રીશ્રીઓના હસ્તે શહેર-જિલ્લાની વિવિધ વિસ્તારના શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, પોલિસ અને યુવા બ્રાન્ડ એમ્બેસેડરને સન્માનપત્ર અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર, પૂર્વ જિ.પંચાયત પ્રમુખ ભાવેશભાઈ પટેલ, બારડોલી નાયબ પ્રાંત અધિકારીશ્રીમતી જીજ્ઞાબેન પરમાર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ભગીરથસિંહ પરમાર, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ પટેલ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, વિવિધ શાળાના સંચાલકો, ટ્રસ્ટીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બગુમરા-તુંડી રોડ પર વાહન અકસ્માતમાં છોકરાનું મોત

## અજાણ્યા વાહને બાઈકને ઉડાવી દેતા ગંભીર અકસ્માત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

પલસાણા તાલુકામાં બગુમરાથી તુંડી માર્ગ પર ગોકુલધામ રેસિડન્સી પાસે ૧૭ વર્ષીય કિશોરને અજાણી વાહન ચાલકે અડફેટમાં લેતા કિશોરનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાલક ઘટના સ્થળેથી ભાગી જતાં પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

પલસાણામાં સાંજે ૪:૩૦ વાગ્યે બગુમરા ગામથી તુંડી જતા રસ્તા પર ગોકુલધામ રેસિડન્સી પાસે એક ભયાનક અકસ્માત થયો હતો. ૧૭ વર્ષીય નીલકુમાર ગીરીશભાઈ સલાત, પોતાના બજાજ પ્લેટીના (GJ05-NS-9645) પર સવાર હતા ત્યારે અજાણ્યા વાહનચાલકે પોતાની ગફલતભરી અને પુરઝડપે ચલાવતી ગાડીથી તેમને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં નીલકુમારના માથામાં ગંભીર ઈજાઓ થતા તેમને તરત જ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું. અજાણ્યા વાહન ચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે અને ફરાર ચાલકને ઝડપી પાડવા પ્રયાસ કરી રહી છે.



# ધી વરાછા ક્લાસીસ એસોસિએશન દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો

સુરત, તા.૨

ધી વરાછા ક્લાસીસ એસોસિએશન સુરત શહેરમાં આવેલા વરાછા વિસ્તારનું છેલ્લા ૧૩ વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલું ૩૦૦ ક્લાસીસ ઓનરથી રચાયેલું એક મજબૂત એસોસિએશન છે. આ એસોસિયેશનની સૌથી મોટી વાત એ છે કે તેમાં હાલ કોઈ મંત્રી, પ્રમુખ, ઉપપ્રમુખ જેવી કોઈ પોસ્ટ નથી. બધા જ મિત્ર ભાવથી એકબીજાના સહકારથી છેલ્લા ૧૩ વર્ષથી ખભે ખભો મિલાવી કાર્યરત છે. આવનાર ભવિષ્યના બાળકોનું જીવન અમૂલ્ય બને અને આ દેશની ધરોહર મજબૂત થાય તેવા ભાવ સાથે આ મજબૂત સંગઠન આગળ વધતું રહે છે. આ એસોસિએશન રક્તદાન કેમ્પ, સમુહ લગ્ન, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, દેશના સૈનિકો માટે આર્થિક સહયોગ આપવો વગેરે જેવી દરેક પ્રવૃત્તિઓમાં હર હંમેશ તત્પર રહે છે અને કોઈ પણ માન-સન્માનની અપેક્ષા વગર તેઓ કાર્યરત રહે છે. કેમકે આ સંગઠન સાથે જોડાયેલ સભ્યો માને છે કે શિક્ષક એ આ દેશની કરોડરજ્જુ છે તેથી સમાજપયોગી કામ પોતાની જવાબદારી સમજીને હર હંમેશ કામ કાર્ય કરતા રહે છે. જેના પર આપણને અને આપણા દેશને ગૌરવ થાય એમ છે. શિક્ષક કભી સાધારણ નહી હોતા એ વાક્ય ખરા અર્થમાં અહી સાકાર થતું જોવા મળે છે.

આ એસોસિએશન દ્વારા આયોજિત સ્નેહમિલનમાં મુખ્ય મહેમાન તરીકે ડો. શૈલેષભાઈ ભાયાણી (અનુપમ હોસ્પિટલ) અને વિપુલ સાચપરા (સરદારધામ દક્ષિણ ગુજરાત પ્રભારી) ઉપસ્થિત રહ્યા હતા. વિપુલ સાચપરા દ્વારા આજના કાળમાં સંગઠન ખૂબ જ જરૂરી છે અને કોઈ પણ કામની ધરોહર તેનું સંગઠન છે તેના ઉપર વાર્તાલાપ કર્યો હતો. તેમજ ડોક્ટર શૈલેષભાઈ ભાયાણી દ્વારા આજની સાંપ્રત પરિસ્થિતિમાં સ્ટ્રેસ મુક્ત જીવન જીવવા માટે સંબંધો ખૂબ જ મહત્વના છે. તદુપરાંત આપણાં જીવનમાં આવતી મુશ્કેલીમાં કોઈને ખભે માથું મૂકીને સુખ-દુઃખની વાત કહી શકો તેવા ચાર-પાંચ જીવનમાં મિત્રો હોવા જોઈએ. તેવી સરસ મજાની રજૂઆત કરાઈ હતી. આજના સમયમાં ભાવજીવન ખૂબ જ મહત્વનો ભાગ છે તેના પર તેમણે પ્રકાશ પાડ્યો હતો.

# કડોદરા શાંતિનગરમાં ૨૩ વર્ષીય યુવકની આત્મહત્યા

## પરપ્રાંતિય કારીગર યુવક ગમછો બાંધી પંખા સાથે લટકી ગયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

કડોદરા શાંતિનગર શિવ કોમ્પ્લેક્ષમાં રહેનાર ૨૩ વર્ષીય પરપ્રાતિય યુવકે તેના રૂમમાં પંખા સાથે કપડાનું ગમછો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પોલીસએ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

કડોદરા શાંતિ નગર શિવ કોમ્પ્લેક્ષમાં રહેતા રોહીત ઉધવ વર્મા (ઉ.વ. ૨૩) મૂળ ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના વતની હતા. ૩૦ નવેમ્બરની રાત્રે ૮:૩૦ વાગ્યાથી ૧ ડિસેમ્બરના બપોરે ૧૨ વાગ્યા વચ્ચે આ ઘટના બની હતી. રોહીતે તેમના રૂમના પંખા સાથે કપડાનું ગમછો બાંધી પોતે ગળે ફાંસો ખાઈ જીવ ટુકાવ્યાની માહિતી મળી છે. રૂમ અંદરથી બંધ હતું, અને ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ઘટનાને પગલે શાંતિ નગર વિસ્તારમાં દુખદ વાતાવરણ છવાયું છે. આ આત્મહત્યાના કારણ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

# કાર ડીલરને નુકશાની ચૂકવી આપવા સિક્યુરીટી એજન્સીને કોર્ટનો આદેશ

## ગાર્ડને કારણે રૂા.૪.૭. લાખનું નુકશાન થતા ગ્રાહક કમિશનરમાં વિવાદ પહોચ્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

કારના શો-રૂમના વોચમેન(સિક્યુરિટી ગાર્ડ)ની બેદરકારીને કારણે કાર ડીલરને થયેલા આર્થિક નુકશાનનો વિવાદ ગ્રાહક કમિશનમાં પહોચ્યો હતો. વોચમેનની બેદરકારીને કારણે કાર ડીલરે ગુમાવવા પડેલા રીપેરીંગ ચાર્જીસના રૂ.૪.૭૩ લાખ ચુકવી આપવા સિક્યુરીટી એજન્સીને ગ્રાહક કમિશને આદેશ કર્યો હતો. સિક્યુરીટી ગાર્ડે કાર શો રૂમના અધિકૃત અધિકારીઓની સહી તેમજ પેમેન્ટ રીસીવના સિક્કાની ચકાસણી કર્યા વિના રીપેરીગ(સર્વિસ)માં આવેલી ૩૧ જેટલી કારને શો-રૂમ બહાર જવા દેતા પરિણામે કાર ડિલરને સર્વિસ ચાર્જના રૂા. ૪.૭૩ લાખ ગુમાવવા પડ્યા હતા. નોંધનીય છે કે સિક્યુરીટી એજન્સીએ સુરત ગ્રાહક કમિશનના આ ઓર્ડરને રાજ્યની વડી અદાલતમાં પણ પડકાર્યો હતો. પરંતુ વડી અદાલતે પણ સુરત ગ્રાહક કમિશનનો ઓર્ડર માન્ય રાખ્યો હતો. કાર ડિલર તરફે સુરતના સિનીયર વકીલ શ્રેયસ દેસાઈએ કરેલી દલીલો કમિશને માન્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે, નાણાવટી મોટર્સ પ્રા.લિ.એ પોતાના કાર શો-રૂમની સ્થાવર-જંગમ મિલકતોની સુરક્ષા માટે સિક્યુરીટી એજન્સીની સેવા રાખી હતી. કાર શો રૂમના હીતનુ ધ્યાન રાખવાની ફરજ અને જવાબદારી સિક્યુરીટી એજન્સીની હતી. આ સિક્યુરીટી એજન્સીના સંચાલક અ?ભેસિંહ પરમાર હતા. કાર શો-રૂની બહાર ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડની જવાબદારી હતી કે, શો-રૂમમાંથી બહાર નીકળતા પ્રત્યેક વાહનનો ગેટપાસ સિક્યુરીટી ગાર્ડએ ચેક કરવાનો હતો. અને શો રૂમના અધિકૃત અધિકારીની સહી વાળો ગેટપાસ ન હોય તેવા કોઈપણ વાહનને શો-રૂમન બહાર જવા દેવાનું ન હતું.અને આ જરૂરી ગાઈડલાઈન્સનુ સિક્યુરીટી ગાર્ડે પાલન કરવાનુ હતું. છતાં અભેસિંહ પરમારની સિક્યુરીટી એજન્સીના ગાર્ડે કાર શો-રૂમના અધિકૃત અધિકારીઓની સહી તેમજ પેમેન્ટ રીસીવના સિક્કાની ચકાસણી કર્યા વિના સર્વિસ માટે આવેલી ૩૧ જેટલી કારને શો-રૂમ બહાર જવા દીધી હતી. જેના કારણે રીપેરીગ ચાર્જિસના રૂ. ૪.૭૩ લાખ નાણાવટી કંપનીને મળી શક્યા ન હતા. અને આ? આર્થિક નુકશાન સિક્યુરીટી ગાર્ડની બેદરકારીને કારણે થયું હતુ. જેથી સિક્યુરીટી ગાર્ડના કારણે થયેલ નુકશાનીનુ વળતર મેળવવા કારની કંપનીએ વકીલ ?શ્રેયસ દેસાઈ મારફતે સિક્યુરીટી એજન્સી વિરૂદ્ધ સુરત ગ્રાહક કમિશનમાં કેસ કર્યો હતો. ગ્રાહક કમિશને આર્થિક નુક્શાનના રૂા. ૪.૭૩ લાખ વ્યાજ વળતર તથા ખર્ચ સહિત ચૂકવી આપવા સિક્યુરીટી એજન્સીના સંચાલક અભેસિંહ પરમારને આદેશ કર્યો હતો.

મા સમૂહ આરંગેત્રમ કલાસાધનાની પ્રસ્તુતિ શક્ય બની હતી. આ ઉત્તમ કલા સાધના દ્વારા દીકરીઓ પોતાની તપશ્ચર્યા સિદ્ધ કરી ભવિષ્યમાં પોતે પણ અન્યોને તાલિમ આપવાનો કસબ સિદ્ધ કરી આર્થિક રીતે પગભર થઈ શકે, 'પ્રેમ, પરખ અને પ્રોત્સાહન'ના સૂત્રને મુદ્રાલેખ બનાવી સતત વિદ્યાર્થીનીઓના હિતચિંતનરૂપે સ્કૂલના સમયપત્રકમાં સહઅભ્યાસી પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરવામાં આવી છે. જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓએ વધારાનો સમય ફાળવવો ના પડે, અભ્યાસ માટે પણ બાળકો પૂરતો સમય ફાળવી શકે, પરિવાર સાથે યોગ્ય સમય આનંદથી વિતાવી શકે. આ તમામ દ્રષ્ટિકોણ સાથે ભરતનાટ્યમ સમય પત્રક બનાવવામાં આવ્યું છે.

આ આરંગેત્રામ સમારોહમાં દિક્ષાર્થીનીઓને કલાગુરુ મેઘનાબેન મહેતાએ દિક્ષા અર્પણ કરી હતી. આ નૃત્ય ઉત્સવમાં દિક્ષાર્થીનીઓ દ્વારા પુષ્પાંજલિ, સ્વરમ, શબ્દમ્, વર્ણમ્, કીર્તનમ્, પદમ્, તિલ્લાના અને મંગલમની કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. કોઈપણ પ્રોફેશનલ વર્ગમાં જોડાયા વગર માત્ર સ્કૂલમાં તાલીમ મેળવ્યા બાદ માર્ગમની કલાયાત્રાને તેઓ અતિસુંદર ઓપ આપ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમના પ્રમુખ તરીકે પધારેલા જાણીતા નાટયકાર ડૉ. હેમાબેન શુકલએ સ્કૂલની આ સુંદર પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે જ્યારે આજે ભારતીય કલા વિસરાતી જાય છે, ત્યારે એને સતત ગતિશીલ રાખવાનું સંસ્થાનું કદમ પ્રશંસનીય છે. એવી ખૂબ જૂજ સંસ્થાઓ છે જેઓ સતત સમાજને સાંસ્કૃતિક અને વિદ્યાર્થીઓને જ્ઞાનનું ભાથું અને સહઅભ્યાસી પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપવાનું કાર્ય કરતી હોય છે. પ્રેસિડન્સી સ્કૂલની આ વિશિષ્ટ પ્રવૃત્તિને હું બિરદાવું છું. મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહેલા કવયિત્રી-અભિનેત્રી યામિનીબેન વ્યાસએ પણ આરંગેત્રમ પ્રવૃત્તિને પ્રશંસનીય લેખાવી વિદ્યાથીનીઓને બિરદાવી હતી અને તેમની ઉત્કૃષ્ટ કાવ્યરચના પ્રસ્તુત કરી હતી. સમગ્ર કાર્યક્રમને સુંદર શબ્દોથી મઢી સુંદર વર્ણનાત્મક આલેખન દ્વારા પ્રસ્તુત કરી શ્રીમતી મંજરીબેન દેસાઈએ ઉદઘોષક તરીકે વિશિષ્ટ સેવા આપી હતી.

(કામકાજ બંધ કરવાનો) નિર્ણય લીધેલ છે, કાયદાની જોગવાઈઓ હેઠળ આ અંગેની જાણકારી શ્રમ અને રોજગાર ખાતા અને અન્ય સંબંધિત સરકારી ખાતાઓને જાણ કરવામાં આવેલ છે વધુ માં તેમણે જણાવ્યું હતું હમારા તાલીમ પામેલા કામદારો અને કર્મચારીઓ ની નોકરી છુટવાથી અમે પણ દુખી છીએ પરંતુ હાલની કંપનીની પરિસ્થિતિ અને બજાર સામે અમે પણ મજબુર છીએ, અત્રે ઉલ્લેખનીય છે કે નિવૃત્તિ યોજના હેઠળ કંપનીના બહુમતી કામદારો, કર્મચારીઓ પૈકી અંદાજે ૧૪૦૦ કામદારો, કર્મચારીઓ દ્વારા સ્વેચ્છિક નિવૃત્તિ યોજનાનો લાભ લીધો છે હાલમાં કંપનીમાં ૭૮ કામદારો, કર્મચારીઓને કાયદાકીય તેમના હક્કો આપી તેમની સેવાની સમાપ્તિ કરવામાં આવી છે.

### કતારગામ ખાતે મહિલા
પેજ-૨ પાનાનું ચાલુ

પોલીસ તંત્રની આધુનિક સમય સાથે કાર્યપદ્ધતિ અને કાર્ય સ્થળનો વિકાસ કરવાના રાજ્ય સરકારના દ્રઢ સંકલ્પની આ મહિલા પોલીસ સ્ટેશન પ્રતીતિ કરાવે છે.

રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની સ્થાપનામાં ગૃહવિભાગની પાયાની કામગીરી છે, ત્યારે પોલીસ તંત્રને આધુનિક ટેક્નોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ રાખી હંમેશા નાગરિકોની સુરક્ષા માટે વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. એટલું જ નહીં, મહિલાઓની સુરક્ષામાં કોઈ પણ બાંધછોડ કર્યા વિના મહિલાઓ પર ગુનાઓ આચરતા ક્રિમિનલ્સને જેર કરવામાં કોઈ કસર રહેવી ન જોઈએ એવી પોલીસને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

આપ્રસંગેસાંસદ શ્રી મુકેશ દલાલ, ધારાસભ્યશ્રી કાંતિ બલર, મેયર દક્ષેશ માવાણી, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંઘ ગહલોત, સ્પેશિયલ પોલીસ કમિશનર વબાંગ ઝમીર, અધિક પોલીસ કમિશનરશ્રી કે.એન.ડામોર,જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) રાઘવેન્દ્ર વત્સ, સ્પેશ્યલ બ્રાન્ચના ડી.સી.પી. હેતલ પટેલ, ડી.સી.પી. વિજયસિંહ ગુર્જર,ક્રાઈમ ડી.સી.પી. શ્રી બી.પી.રોજીયા, કોર્પોરેટરો, સામાજિકઅગ્રણીઓ અનેમહિલાઓતેમજશહેરીજનો ઉપસ્થિતરહ્યાહતા.

# માંડવી ખાતેથી આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથયાત્રાનો આરંભ

## યોગદાન આપનાર બિરસા મુંડાના દેશના ઈતિહાસમાં આદરભર્યું સ્થાન અપાવ્યું છે

સુરત, તા.૨

કેન્દ્ર સરકાર દ્વારા બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારની પ્રેરણાથી સુરત જિલ્લાના માંડવીથી આદિવાસી અમૃત્તકુંભ મહોત્સવ રથયાત્રાને આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએલીલીઝંડીઆપીનેપ્રસ્થાનકરાવ્યુંહતું. વિવિધગામોમાંઆયાત્રાનામાધ્યમથી વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાશે. અને સરકારની વિવિધ પહેલો, યોજનાઓથી માહિતગાર કરી લોકો ૧૦૦ ટકા લાભાન્વિત તેમજ જાગૃત થાય એવા પ્રયાસો કરાશે.

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યુ કે, આદિવાસીપ્રજા પ્રકૃતિ પૂજક છે. વિપક્ષ ભાગલા પાડી રાજ કરવાની નીતિ કરી રહ્યા છે, તેમનેજાકારોઆપીએ., કેટલાક લોકો આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું કામ કરી રહ્યા છે તે લોકોને ઓળખવાની જરૂર છે. ગ્રામ પંચાયતના સરપંચના પદથી લઈને ભારતના સર્વોચ્ચ પદ રાષ્ટ્રપતિના પદ પર આદિવાસી સમાજ જોવા મળી રહ્યો છે.

શ્રીહળપતિએ કહ્યું - કે,આદિવાસી સમાજનાવિકાસ માટે સૌથી મોટુ બજેટ રાજ્યસરકારે-આપ્યુંછે. પેસાએક્ટહેઠળ જમીનના હકોઅને અને આવાસો આપી આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ સરકારે કર્યુ છે. બિરસા મુંડાના ત્યાગ અને બલિદાનનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું કે, અંગ્રેજો સામેની લડતમાં ભગવાન બિરસા મુંડાએ ''જય જોહાર કા નારા હે, ભારત દેશ હમારા હે''નો નારો આપ્યો હતો જયારે આપણા વડાપ્રધાનશ્રીએ એક ભારત, શ્રેષ્ઠ ભારતનો નારો આપ્યો છે. કેન્દ્ર સરકારે આઝાદીના જંગમાં આગવું યોગદાન આપનાર બિરસા મુંડાને દેશના ઈતિહાસમાં આદરભર્યું સ્થાન અપાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે રૂ. ૮૦ હજાર કરોડ ફાળવ્યા છે. આદિજાતિના સર્વાંગીવિકાસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોપ્યાછે.

મંત્રીઅને મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાથીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.આદિવાસી સમાજના કલાકારો દ્વારા ભવાડા નૃત્ય, તુર નૃત્ય, મેવાસી નૃત્ય, કાહાડી નૃત્ય, ઘૈરેયા નૃત્ય અને ડોબરૂ નૃત્ય રજૂ કરાયાહતા. મંત્રીએ બિરસામુંડાનીપ્રતિમાનેફૂલહારકરીપૂજનકર્યુંહતું. યાત્રાદરમિયાન સરકારની વિવિધ યોજના તેમજ આદિવાસી સમાજની ખાદ્ય સામગ્રી અને ઔષધિઓના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગ્રણી રોહિતભાઈ પટેલ, પ્રાયોજના વહીવટદાર નિધિસિવાચ, તાલુકાના હોદ્દેદારો, સંગઠનના કાર્યકરો, અગ્રણીઓ અને આદિવાસી બંધુઓ ઉપસ્થિતરહ્યાહતા.

### સંસદભવનને
પહેલા પાનાનું ચાલુ

દળો તૈનાત કરવામાં આવ્યા છે. નોઈડા-દિલ્હી બોર્ડર પર પણ ભારે પોલીસ ફોર્સ તૈનાત છે. ખેડૂતોને રોકવા માટે પોલીસ સ્ટેશન અને પીએસી તૈનાત કરી દેવામાં આવ્યા છે. દિલ્હીની બોર્ડર પર બેરિયર લગાવીને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. અનેક માર્ગો ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

### અમેરિકાના પ્રમુખ
પહેલા પાનાનું ચાલુ

આક્ષેપો છે કે હન્ટર બાઈડેને જાણી જોઈને આવકવેરો ચૂકવ્યો નથી.

### ગિનીમાં ફૂટબોલ
પહેલા પાનાનું ચાલુ

થઈ. તે બાદ ચાહકો ભડકી ગયા અને પછી ખૂબ હિંસા ભડકી.' સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર આ મેચ ગિનીના જુંટા નેતા મમાદી ડૌંબૌયાના સન્માનમાં આયોજિત એક ટુર્નામેન્ટનો ભાગ હતો.

### દિલ્હી વિધાનસભાની
પહેલા પાનાનું ચાલુ

'આપ'નો વિજય થયો હતો. જ્યારે 2020માં 62 બેઠકોમાં જીત મેળવી હતી. જો કે, લોકસભા ચુંટણીમાં 'આપ' કરતા કોંગ્રેસનો દેખાવ સારો હતો.

લોકસભા બાદ તાજેતરમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. આપ દ્વારા 90માંથી 10 બેઠક માંગવામાં આવી હતી. કોંગ્રેસ માત્ર 7 બેઠક આપવા તૈયાર થઈ હતી.

પરિણામે સમાધાનનો તખ્તો ભાંગી ગયો હતો અને વિધાનસભા ચૂંટણીમાં જોડાણ શકય બન્યુ ન હતું. જો કે, કોંગ્રેસના રાહુલ ગાંધી સહિતના સીનીયર નેતાઓ જોડાણની તરફેણમાં હતા. દિલ્હીમાં આપ સરકાર પર કોંગ્રેસ વખતો વખત પ્રહાર કરી જ રહી છે.

અરવિંદ કેજરીવાલે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાના ધોરણે દિલ્હી ન્યાયયાત્રા પણ યોજી છે જે 4થી ડીસેમ્બર સમાપ્ત થાય છે. આ દરમ્યાન તેમના પર પ્રવાહી ફેંકીને હુમલાનો પ્રયાસ પણ થયો હતો.

કેજરીવાલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા એવો આક્ષેપ કર્યો હતો કે પાટનગરમાં કાયદો-વ્યવસ્થા ભાંગી પડી છે. ખુલ્લેઆમ ગોળીબાર થાય છે. ગેંગસ્ટરોએ દિલ્હી પર કબ્જો લઈ લીધાનો ઘાટ છે.

### સીરિયામાં એલેપ્પો
પહેલા પાનાનું ચાલુ

રશિયા અને ઈરાન અસદની સાથે છે, જ્યારે બળવાખોર જૂથોને તુર્કીનું સમર્થન છે. રવિવારે જોર્ડન અને ઈરાકે પણ સીરિયાને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. ઈરાન એવું પણ કહી રહ્યું છે કે વિદ્રોહીઓને અમેરિકા અને ઈઝરાયેલ તરફથી મદદ મળી રહી છે.

### બંગાળ સરહદ
પહેલા પાનાનું ચાલુ

દરમિયાન સોનાની દાણચોરીના 105 કેસનો ભાંડાફોડ થયો હતો. તેને પરિણામે ભારતના 80 અને બાંગ્લાદેશના 32 દાણચોરોની ધરપકડ થઈ હતી. અધિકારીએ જણાવ્યું હતું કે દાણચોરો દાણચોરી માટે નવા નવા કીમિયા અજમાવી રહ્યા છે.

### બોગસ મેસેજ
પહેલા પાનાનું ચાલુ

આપવામાં આવ્યો છે કે તેઓએ બધી સંસ્થાઓ અને કંપનીઓને રજીસ્ટર કરે, જે ઓટીપી અને અન્ય જરૂરી જાણકારી ગ્રાહકોને એસએમએસથી ઉપલબ્ધ કરાવે છે.

### તામિલનાડુમાં ફેંગલ
પહેલા પાનાનું ચાલુ

રવિવારે નબળું પડ્યું હતું. જો કે, તેની અસરને કારણે, કેન્દ્રશાસિત પ્રદેશમાં મુશળધાર વરસાદને કારણે સામાન્ય જીવન ખોરવાઈ ગયું હતું અને સેનાને પૂરના રસ્તાઓ પર ફસાયેલા લોકોને બચાવવા માટે આગળ વધવું પડ્યું હતું.

### વિશ્વ એઈડ્સ દિવસે
પેજ-૨ પાનાનું ચાલુ

સુરત શહેરમાં આઠ જેટલા સ્થળોએ એચ.આઈ.વી./એઈડ્સનાજાણકારી પ્રાપ્ત થાય તેવા હોર્ડીગ્સ લગાવામાં આવેલ છે. તેમજ સુરતમહાનગરપાલિકાનાં ઈલેક્ટ્રોનીક જાહેરાત બોર્ડ ઉપર પણ એચ.આઈ.વી./એઈડ્સ અંગેના પોસ્ટરો દર્શાવામાં આવશે. અંતમાં ડો. એચ.કે.સોંધરવાઘ્વારા આભારવિધિ કરી રેલીનું સમાપન કરવામાં આવેલ. આ સમગ્ર રેલીડે.કમિશનરશ્રી (હે એન્ડ હો) ડો. આશિષ નાયક અને આરોગ્યઅધિકારીશ્રી પ્રદીપ ઉમરીગરના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળએસ ટી ડી કેર પ્રોજેકટના સ્ટાફ દ્વારા આયોજન કરેલ હતી.

### સુરત વેસુ પોલીસ
પેજ-૨ પાનાનું ચાલુ

વિજયસિંહ ગુર્જર, એસ.ઓ.જી.ના ડી.સી.પી.શ્રી રાજદિપસિંહ નકુમ, ક્રાઈમ ડી.સી.પી.શ્રી બી.પી.રોજીયા સહિતપોલીસ અધિકારીઓ-કર્મીઓ, સામાજિકઅગ્રણીઓ, શહેરીજનો ઉપસ્થિતરહ્યાહતા.

### અડાજણની પ્રેસીડેન્સી
પેજ-૨ પાનાનું ચાલુ

રહે છે અને એ દ્વારા આ આઠ-

### ઝઘડિયામાં બિરલા
પેજ-૨ પાનાનું ચાલુ

નિવૃત્તિ યોજના જાહેર કરવામાં આવેલ હતી ત્યારબાદ વખતો વખત તા. ૩૦.૧૧.૨૪ સુધી લંબાવવામાં આવેલ હતી, આ સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાનો લાભ મોટાભાગના એટલે કે બહુમતી કામદારોએ લીધેલ હતો, કંપની મેનેજમેન્ટ ફેબ્રુઆરી ૨૦૨૪ ઉત્પાદન બંધ થવાથી આજ સુધી તેની સઘળી જવાબદારીઓ સતત નિભાવતી આવેલ છે અને લાગુ પડતા વિવિધ કાયદાઓનુ સમયસર પાલન પણ કરેલ છે, કંપની મેનેજમેન્ટ દ્વારા તા.૨.૧૨.૨૪ ના રોજથી કંપનીનું ક્લોઝર

### ઓલપાડના દેલાસા
પેજ-૨ પાનાનું ચાલુ

ઘરઆંગણે સરકાર દ્વારા આરોગ્ય કેન્દ્ર બનાવી લોકોને સુખમય કર્યા છે.સરકાર છેવાડાના માનવીનું સ્વાસ્થ સારું રહે એના માટે પ્રયત્ન કરી રહી છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, ઓલપાડ તાલુકો ઉત્તરોત્તર વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે, ત્યારે ગ્રામજનોને રસ્તા, વિજળી અને પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે સરકાર સતત કાર્યરત છે. વિકાસકાર્યો અને જનલક્ષી યોજનાઓના સુચારુ અમલીકરણ દ્વારા વિકાસના ફળો સમાજના તમામ વર્ગોના લોકોને મળે તે માટે રાજ્ય સરકાર હરહંમેશ તત્પર હોવાનું જણાવતાં જરૂરિયાત ધરાવતા ગામોને જોડતા રસ્તા બનાવવાની પણ મંત્રીશ્રીએ ખાતરી આપી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રીમતી નિતાબેન પટેલ, તા.પં. ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષશ્રી જયેશભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, તાલુકા સંગઠન મહામંત્રીશ્રી કુલદીપભાઈ, વિવિધ ગામોના સરપંચશ્રીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### લિંબાયતની નવ વર્ષથની
છેલ્લા પાનાનું ચાલુ

દીપેશ દવેએ આરોપીને કાયદાની જોગવાઈ મુજબ સજા કરવા દલીલો કરી હતી. જ્યારે બચાવપક્ષની દલીલ હતી કે આ ખોટી ફરિયાદ છે. કોર્ટે બન્ને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આરોપી સમીરને આ ગુનામાં કસુરવાર ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો

### વલસાડમાં પારનેરા
છેલ્લા પાનાનું ચાલુ

આવી હતી. વન વિભાગની ટીમે મંદિર અને આજુબાજુના વિસ્તારમાં ચેક કરતા દીપડાની હાજરી અવશેષ મળ્યા હતા.

વલસાડ જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે ગણાતા પારનેરા ડુંગર અને આજુબાજુમાં આવેલા જંગલ વિસ્તારમાંથી વન્ય પ્રાણી દીપડો શિકાર અને પાણીની શોધમાં અલગ અલગ વિસ્તારમાં ફરતો રહે છે.

### રૂા. ત્રણ લાખ સામે
છેલ્લા પાનાનું ચાલુ

નાણાકીય જરૂરીયાત ઉભી થતા જેકિશન પાટીલે પ્રકાશ સોસા અને હિતેષ સોસા પાસેથી રૂ.૩ લાખ પાંચ ટકાના વ્યાજે લીધા હતા. જે પાંચ વર્ષ સુધી દર મહિને રૂ.૧૫ હજાર લેખે વ્યાજ ચુકવી અત્યારસુધીમાં કુલ ૯ લાખ ચુકવી દીધા હતા. તેમ છતાં સોસા બંધુઓએ જેકિશન પાટીલના એસબીઆઈ બેંકના છ ચેક તેમજ નોટરી લખાણ કરાવી એટીએમ કાર્ડ લઈ લીધો હતો અને મલેકવાડી ખાતે બોલાવી જેકિશન પાટીલના ભાઈ વિજય પાટીલને હિતેષ સોસાએ સાડા પાંચ લાખ રૂપીયા આપી દે નહીં તો ઉઠાવી લઈશ તેવી ધમકી આપી હતી.

### પુણામાં ડ્રેનેજના
છેલ્લા પાનાનું ચાલુ

સુરેશ સુહાગીયાએ જણાવ્યું હતું કે, નંદનવન સોસાયટી સહિતનો વિસ્તાર કોર્પોરેટર પાયલ સાકરીયા કે જે હાલ વિરોધપક્ષ નેતા છે તેની ટેરેટરીમાં આવે છે. પણ આ કોર્પોરેટર પોતાનું ઘર મુકીને આખા શહેરમાં આંટાફેરા મારી ફોટા પડાવવામાં વ્યસ્ત છે. દિવા તળે અંધારા જેવી સ્થિતિ તેમના મત વિસ્તારમાં જોવા મળી રહી છે. ઉભરાતી ગટર લાઈનોને કારણે રોગચાળાનો ભય ઉભો થયો છે ત્યારે સ્થાનિક કોર્પોરેટરો કે મનપા તંત્ર આ બાબતે કોઈ જ પગલા લેતું નથી.

### કાર વેચી મારનાર
છેલ્લા પાનાનું ચાલુ

ફરિયાદી પાસેથી કાર લઈ ગયો હતો. ત્યારબાદ ફરીયાદીને જાણ કર્યા વગર વેચી દઈ ફરીયાદીને તેમની ફોર વ્હીલનાં નાણાં નહીં ચૂકવી ફરીયાદી સાથે છેતરપીડી કરી હતી. આરોપી પ્રતિક રૈયાણીએ વકીલ નદીમ એચ. ચૌધરી નાઓ દ્વારા આગોતરા જામીન ઉપર મુક્ત થવા સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી..

### છેતરપીંડી કનૈયાલાલ
છેલ્લા પાનાનું ચાલુ

છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં નયનાબેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગત જુન મહિનામાં તેમના પતિ હેમંતભાઈ કોન્ટ્રાક્ટરનું અવસાન થયું હતું. હેમંતભાઈ કોન્ટ્રાક્ટર, કનૈયાલાલ, હંસાબેન લાલભાઈ, જ્યોતિબેન કોન્ટ્રાક્ટર, કુસુમબેન

આભાર - નિહારીકા રવિયા

કોન્ટ્રાક્ટર, અને ડાહીબેન કોન્ટ્રાક્ટર એ વર્ષ ૧૯૮૧ માં મેસેજ કનૈયા કન્સ્ટ્રક્શન નામથી કંપની શરૂ કરી હતી. ત્યારબાદ કનૈયાલાલ કોન્ટ્રાક્ટરે હેમંતભાઈ અને નયનાબેન કોન્ટ્રાક્ટર ના નામની બોગસ સહીઓ કરી તથા ફોટાઓ ચોંટાડી જનરલ પાવર ઓફ એટર્ની ના બોગસ ડોક્યુમેન્ટ્સ બનાવી બજાજ ફાઈનાન્સ કંપનીમાં રજુ કરી મોર્ગેજ લોન પેટે ?૨.૯૨ કરોડ ઉસેટી લીધા હતા. ત્યારબાદ બાકી ૬૭ લાખ રૂપિયા ના હપ્તા નહીં ભરી આરોપી કનૈયાલાલ કોન્ટ્રાક્ટરે છેતરપિંડી કરી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨ ડિસેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## દિપીકા પટેલ આપઘાતનું ઘેરાતું રહસ્ય : દિપીકા-નરેશ-ચિરાગના કોલ-એસએમએસ-વૉટ્સએપ ફંફોસતી પોલીસ




(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

અલથાણ ખાતે રહેતી અને ભાજપ વોર્ડ નં.૩૦ની મહિલા મોરચા પ્રમુખ દિપીકા પટેલને ગઈકાલે બપોરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. રાજકીય ક્ષેત્રે હાલ આ બનાવ ટોક ઓફ ધી ટાઉન બન્યો છે ત્યારે દિપીકા પટેલ સતત જેના સંપર્કમાં રહેતી હતી તે ભાજપના કોર્પોરેટર ચિરાગ સોલંકીની ગત મોડી રાત્રે અલથાણ પીઆઈ દ્વારા સઘન પુછપરછ કરવામાં આવી હતી. અલથાણ પોલીસે એક કલાક સુધી આ બનાવ સંબંધિત પ્રશ્નો કરી ચિરાગ સોલંકી અને દિપીકા પટેલ વચ્ચે થયેલી વાત-ચીતના સીડીઆર મંગાવવામાં આવ્યા છે. તેમજ બંને પક્ષના વોટ્સઅપ ચેટીંગની પણ માહિતી મેળવવાના પોલીસે પ્રયાસો હાથ ધર્યા છે.

અલથાણમાં વોર્ડ નં.૩૦ના ભાજપના મહિલા મોરચા પ્રમુખ દિપિકા પટેલે ગઈકાલે બપોરે પોતાના અલથાણ ખાતેના બ્રાહ્મણ ફળીયાના ઘરે ફાંસો ખાઈ લીધો હતો. આ વાત રાજકીય જુથોમાં વાયુવેગે પ્રસરી હતી. પરિણીત દિપીકા પટેલે આત્મહત્યા કરી તેના થોડા સમય પહેલા જ કોર્પોરેટર ચિરાગ સોલંકી તેણીના ઘરે પહોંચ્યો હતો. ત્યારબાદ આ ઘટના બની હોવાનું સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. ચિરાગ સોલંકી અને દિપીકા પટેલ વચ્ચે પારિવારીક સંબંધો પણ નકારી શકાય તેમ નથી. જોકે હાલ તો દિપીકા પટેલે ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે રહસ્ય ઘેરાયું છે. અલથાણ પોલીસ સ્ટેશનના પીઆઈ નિલેશ બ્રહ્મભટ્ટે પ્રતાપ દર્પણ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, દિપીકા પટેલ અને ભાજપના કોર્પોરેટર ચિરાગ સોલંકી વચ્ચે પારિવારીક સંબંધો હતા. દિપીકા નાની મોટી કોઈ મદદ જોતી હોય તો ચિરાગ સોલંકીને જાણ કરતી હતી. આ બનાવમાં બંને વચ્ચે થયેલી વાત-ચીત તેમજ સોશિયલ મિડીયા ઉપર થયેલી એક્ટીવીટી જાણવાની દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. વધુમાં ચિરાગ સોલંકીની ગઈકાલે રાત્રિના સમયે એક કલાક સુધી પુછપરછ કરવામાં આવી હતી. સીડીઆર પણ મંગાવવામાં આવ્યા છે. સાધન સંપન્ન પરિવારમાંથી આવતી દિપીકા પટેલે ક્યાં કારણોસર આપઘાત કર્યો તેને કોઈ પ્રકારનું દબાણ હતું કે કેમ? તે દિશામાં પણ પોલીસ આગળ વધી છે. હાલ તો આ સમગ્ર પ્રકરણ ટોક ઓફ ધી ટાઉન બન્યું છે.

### કોર્પોરેટર ચિરાગ સોલંકીની સતત પુછપરછ કરતી પોલીસ : ભાઈ-બહેનનો સંબંધ હોવાનું રટણ




**ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સુરત શહેર જિલ્લાના પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મિડીયાના કર્મચારીઓ માટે આજથી બે દિવસ માટે સરકીટ હાઉસમાં આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરાયું છે. મિડીયા કર્મચારીઓ માટેના કેમ્પમાં મેયર દક્ષેશભાઈ માવાણી મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.**

## મગોબના ૧૦૦ કરોડના ગૌચર કૌભાંડની તપાસ પહેલા ૫૫ સબ રજીસ્ટ્રાર્સના રાતોરાત પ્રમોશન

### શનિવારથી ગાંધીનગરથી તપાસ ટીમના સુરતમાં ધામા : સુરતના મદદનીશ નોંધણી નિરિક્ષક કળથિયાની બદલી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સુરતના મગોબના ૧૦૦ કરોડના ગૌચર કૌભાંડમાં કલેક્ટરે કાચી નોંધ રદ કર્યા બાદ શનિવારે ગુજરાત રાજયના નોંધણીસર નિરીક્ષકની તપાસ બાદ ખોટી રીતે દસ્તાવેજ કરનાર સબ રજિસ્ટ્રાર દર્શન પટેલને સસ્પેન્ડ કરી દીધા હતા. ત્યારબાદ શનિવારે સવારથી જ ગાંધીનગરની તપાસ ટીમે સુરતમાં ધામા નાંખ્યા હતા અને તાત્કાલિક સુરત શહેરના મદદનીશ નોંધણીસર નિરીક્ષક એસ.જે કળથિયાની બનાસકાઠામાં ટ્રાન્સફર કરી દીધી હતી. અન્ય એક અમદાવાદ ઝોનના નોંધણીસર નિરીક્ષક એસ, જે રબારીને પણ કોઈ કારણસર કચ્છ- ભુજ ખાતે બદલીનો હુકમ કરી દેવાયો છે. આખો મામલો રાજયના ગાંધીનગર કચેરી પર આવે નહીં માટે શનિવારે મોડીરાતે ગુજરાતમાં ફરજ બજાવતા ૫૫ જેટલા સબ રજિસ્ટ્રારને પ્રમોશનના ઓર્ડર કરવાની ફરજ પડી હતી. ભ્રષ્ટ અધિકારીઓ ભૂગર્ભમાં જતા રહ્યા છે. સુત્રોએ જણાવ્યું કે ગાંધીનગરની નોંધણીસર નિરિક્ષકની કચેરીના એક અધિકારી જે અગાઉ સુરતમાં ફરજ બજાવતા હતા. ઉપરાંત તેમની સાથે એક રિટાયર્ડ સબ રજિસ્ટ્રારની પણ ભૂમિકા શંકાસ્પદ હોવાની સુરત જિલ્લામાં જોરશોરની ચર્ચા છે.

## લિંબાયતની નવ વર્ષની બાળકીને છેડતી કરનાર આરોપીને સજા

### દુકાને પેન્સિલ લેવા આવનાર બાળકીની સમીર ઉર્ફે પમડીએ છેડતી કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

લિંબાયત ખાતે ૯ વર્ષની બાળકીને કરિયાણાની દુકાનેથી અપહરણ કરી નજીકના પ્લોટના ટેરેસ ઉપર લઈ જઈ શારીરિક છેડતી કરવાના ગુનામાં આરોપીને કોર્ટે ૭ વર્ષની સખત કેદની સજા કરી હતી.

લિંબાયત ખાતે રહેતી એક ૯ વર્ષની બાળકી પોતાના ઘરની નીચે આવેલી કરિયાણાની દુકાને પેન્સિલ લેવા ગઈ હતી. ત્યાં સમીર ઉર્ફે પમડી સત્તાર શાહ(મારૂતિનગર) ઊભો હતો. સમીરે આ બાળકીને નજીકમાં જવા કહ્યું હતું. જેથી બાળકીને એવું લાગ્યું હતું કે કોઈ સામાન લેવા માટે સમીરે મોકલ્યો હશે જેથી બાળકી થોડી દૂર ગઈ હતી.

સમીર પણ તેણીની પાછળ ગયો હતો. અને બાળકીને પાછલથી પકડીને મોબાઈલમાં ગેમ ખેલવાનું પ્રલોભન આપી ટેરેસ પર આવવાની વાત કરી હતી. પરંતુ બાળકીએ ના પાડી હતી. જેથી સમીરે બાળકીના મોઢા ઉપર હાથ મૂકી ટેરેસ ઉપર લઈ ગયો હતો. ત્યારબાદ બાળકી સાથે શારીરિક અડપલા કર્યા હતા. બાળકી જેમ તેમ કરીને ત્યાંથી ભાગવામાં સફળ થઈ હતી. બાળકીના પિતાએ સમીર સામે આ અંગે ફરિયાદ કરતા લિંબાયત પોલીસે અપહરણ,છેડતી,મારામારી અને પૉક્સો હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકારી વકીલ

અનુસંધાન પાના ૭ પર

## ઉધના દરવાજા માઈ સ્ટોન બિલ્ડીંગ મીટર પેટીમાં આગ

### ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

ઉધના દરવાજા પાસે આવેલ એક કોમર્શિયલ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં સવારે મીટર પેટીમાંશોર્ટ સર્કિટ થઈ હોવાનો બનાવો ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉધના દરવાજા એપલ હોસ્પિટલ ની સામે માઈલ સ્ટોન કોમર્શિયલ બિલ્ડીગના ગ્રાઉન્ડ ફ્લોરમાં સવારે શોર્ટ સર્કિટ થઈ હતી આ બનાવવાની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમની કરવામાં આવતા મજુરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાન ફાઈટર અને ટેન્કર લઈને ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને ગ્રાઉન્ડ ફ્લોરની મીટર પેટીમાં લાગેલી આગની બુજાવી નાખી હતી. સેડ વાગ્યે આ બનાવવામાં કોઈની જાનહાની કે કોઈ દાઝ્યું ન હતું.

## પુણામાં ડ્રેનેજના ગંદા પાણીના ભરાવાથી રોગચાળાની દહેશત




### વિરોધ પક્ષ નેતા પાયલ સાકરીયાના વોર્ડ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન ઊભરાતા ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

પુણાગામ નંદનવન સોસાયટી વિભાગ-૨માં ત્રણ દિવસથી ડ્રેનેજની લાઈન ઉભરાઈ રહી હોય ગંદકીને કારણે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. સ્થાનિક કોર્પોરેટરો અને સુરત મહાનગર પાલિકાના ડ્રેનેજ વિભાગમાં આ અંગે ફરીયાદો આપવા છતાં કોઈ સાંભળવા તૈયાર નથી. સ્વચ્છ સુરતનું બિરૂદ પામેલા સુરત શહેરના મનપા તંત્રને આ બાબતે ફરિયાદો કરવા છતાં ઉભરાતી ડ્રેનેજ લાઈનોનો કોઈ નિકાલ આવ્યો નથી. ગટરોની સ્વચ્છ કરી ગંદકી દૂર કરવાની માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર છેલ્લા ત્રણ દિવસથી પુણાગામ ખાતે આવેલી નંદનવન સોસાયટી વિભાગ-૨માં ગટરની લાઈનો ઉભરાઈ રહી છે. રોગચાળાની દહેશત વચ્ચે લોકો ગંદકીમાં જીવવા મજબુર બન્યા છે ત્યારે પુર્વ ન.પ્રા.શિક્ષણ સમિતિના સભ્ય સુરેશ સુહાગીયા દ્વારા આ અંગે સ્થાનિક કોર્પોરેટરોને તેમજ મનપા તંત્રને ફરીયાદ કરવામં આવી હોવા છતાં કોઈ નિકાલ આવ્યો નથી. ગંદકીને કારણે નાના બાળકો રોગચાળાના ભરડામાં આવે તેવા ભય વચ્ચે લોકો જીવી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર



## વલસાડમાં પારનેરા ડુંગર ખાતે દીપડા દ્વારા ૧૦ કુતરાનું મારણ

### માતાજીના મંદિર પરિષદમાં દીપડાની લટારથી લોકો ભયભીત

વલસાડ, તા.૨

વલસાડ તાલુકાના વન્ય વિસ્તાર એવા પારનેરા ડુંગર અને તળેલી વિસ્તારમાં દીપડાઓ વસવાટ કરે છે. ગત ૨૯મી નવેમ્બરની રાત્રીએ કદાવર દીપડો શિકાર અને પાણીની શોધમાં પારનેરા ડુંગર ઉપર આવેલ માતાજીના મંદિરે આવી પહોંચ્યો હતો. મંદિર પરિષદ અને ડુંગર ઉપર દીપડાએ લટાર મારી હતી. ડુંગર ઉપર આવેલ મહાકાળી માતાજીના મંદિર પાસેથી કુતરાના ૧૦ બચ્ચાઓનું મારણ કર્યું હતું. મંદિરના સંચાલકોને ઘટનાની જાણ થતાં મંદિર પરોષદમાં લાગેલા ઝઝ્ફ કેમેરા ચેક કરતા દીપડાએ પારનેરા ડુંગર ઉપર આવેલ મંદિર પરિષદમાં મારેલી લટાર અને કુતરાના બચ્ચાઓના શિકારની સમગ્ર ઘટના ઝઝ્ફમાં કેદ થઈ હતી. મંદિર પરિષદના સંચાલકોએ ઘટનાની જાણ પારનેરા ગામના સરપંચ અને વન વિભાગની ટીમને ઘટનાની જાણ કરી હતી. વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી સ્થળ નિરીક્ષણ હાથ ધર્યું હતું.બીજા દિવસે મંદિર પરિષદ નજીક કુતરાઓના બચ્ચાઓનું મારણ કર્યાના આવશેષ અને દીપડાની હાજરીના નિશાનો મળતા મંદિર સંચાલકોએ મંદિર પરિષદમાં લાગેલા ઝઝ્ફ કેમેરા ચેક કરતા ઝઝ્ફ કેમેરામાં દીપડાની તમામ હરકતો કેદ થઈ હતી.સરપંચે તાત્કાલિક વન વિભાગને ઘટનાની જાણ કરવામાં

અનુસંધાન પાના ૭ પર

## રૂા. ત્રણ લાખ સામે નવ લાખ વસુલ્યાં છતાં વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી

### વ્યાજખોરથી ત્રાસેલાએ પોલીસ ફરિયાદ નોંધાવી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સગરામપુરા મલેકવાડી ખાતે રહેતા સોસા બંધુઓ વિરૂધ્ધ અઠવાલાઈન્સ પોલીસ મથકે વ્યાજ વટાવ સંબંધિત ગુનો નોંધાયો છે. લબિંયતના એક યુવકને ૩ લાખ સોસા બંધુઓએ વ્યાજે આપ્યા હતા અને વ્યાજ સહિતની રકમ મેળવી લીધા છતાં પણ વ્યાજે રૂપીયા લેનાર યુવાન પાસે સાડા પાંચ લાખ રૂપીયા માંગી જો રૂપીયા નહીં આપે તો ઉંચકી લેવાની ધમકી આપી હતી.

અઠવાલાઈન્સ પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર લીંબાયત નીલગીરી સર્કલ પાસે શાંતીનગર સોસાયટીમાં રહેતા જેકિશન શિવદાસ પાટીલ ઉ.વ.૩૯ નોકરીયાત વ્યક્તિ છે. સને ૨૦૧૮ના મે મહિનામાં જેકિશન પાટીલે સગરામપુરા મલેકવાડી ખાતે રહેતા પ્રકાશ સોસા અને હિતેષ સોસા વિરૂધ્ધ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. જેમાં જણાવ્યું છે કે, સને ૨૦૧૮ના મે મહિનામાં

અનુસંધાન પાના ૭ પર

## કાર વેચી મારનાર આરોપીના આગોતરા મંજૂર કરતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

લક્ઝરી કારની છેતરપીડી કરવાના પ્રકરણમાં પ્રતિક ઉર્ફે મયુર રૈયાણીના આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

અલથાણ પોલીસ સ્ટેશનમાં પ્રતિક રૈયાણી વિરૂદ્ધ ગુનો નોંધાયેલ હતો. આરોપી પ્રતિક રૈયાણીએ ફરીયાદીને તેઓની ફોરવ્હીલ કાર વેચાવી આપવાની વાત કરી હતી અને ફરીયાદીનાં ઘરે જઈ પાર્ટીને ફોર વ્હીલ બતાવવાના બહાને

અનુસંધાન પાના ૭ પર

## છેતરપીંડી: કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની આગોતરા જામીનનો આજે ફેંસલો

### નામદાર કોર્ટમાં બંને પક્ષોની દલીલો પુરી થઈ હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સુરત લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમના ઈન્ચાર્જ પ્રેસિડેન્ટ અને હાલમાં નિવાસ્થાને લાંબા સમયથી બીમાર રહેલા આરોપી કનૈયાલાલ કોન્ટ્રાક્ટર ના એડવોકેટ કલ્પેશ દેસાઈ દ્વારા આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જેની સુનવણી દરમિયાન પોલીસે એક સોગંદનામુ રજૂ કર્યું હતું જેની સામે બચાવ પક્ષે પણ પોતાના ડોક્ટરના ડોક્યુમેન્ટ તથા દલીલો પૂરી થતાં આગોતરા જામીન અરજીનો ઓર્ડર ૨૯ મી નવેમ્બરના રોજ થશે. જોકે મેડિકલ ગ્રાઉન્ડ ઉપર કનૈયા લાલ ની ધરપકડ નહી કરવા વચગાળાનો ઓર્ડર પણ કરાયો હોવાનું મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા એ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સુરતના અઠવાલાઈન્સ ગોકુલ ડેરી નજીક આવેલી આદર્શ સોસાયટી માં રહેતા ૬૪ વર્ષીય નયનાબેન હેમંતભાઈ કોન્ટ્રાક્ટરે સુરત ડીસીબી માં તેમના જેઠ ભરથાણા કેપિટલ ગ્રીન ખાતે રહેતા અને લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમના ઈન્ચાર્જ પ્રેસિડેન્ટ કનૈયાલાલ કોન્ટ્રાક્ટર સામે

અનુસંધાન પાના ૭ પર

## ઉધના ખરવરનગરના ઘરમાં શોર્ટ સર્કિટથી આગ

### નસીબજોગે આગ પ્રસરી ન હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

ઉધના નહેર ખરવર નગર પાસે આવેલા એક મકાનમાં શોર્ટ સર્કિટ થતા સામાન્ય આગ લાગી હોવાનું બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ૬:૧૫ વાગ્યાના અરસામાં ઉધના દરવાજા ખરવર નગર પાસે આવેલા એક મકાનમાં શોર્ટસર્કિટ થઈ હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ઉધના અને મજૂરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરો અને ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને આગને બુજાવી નાખી હતી.